# ગામનો સાદ...

અનિલ વાઘેલા

**પ્રકાશક**
એમ.એમ.સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશન અને વિક્રેતા
ઈન્દિરા કોમ્પ્લેક્ષ, નગરપાલિકા ભવન રોડ,
પ્રાથિમક શિક્ષણ શિક્ષક ધિરાણની ઓફિસ નીચે,
નડિયાદ.

# લેખકના બે બોલ

લોકો મોટા મોટા લેખકો કે નામી વ્યક્તિઓનાં જીવનચરિત્રો પ્રગટ કરતા હોય છે. એમના જીવનનાં કાર્યો સમાજને ઉપયોગી પણ થાય છે ને તેની નકલો પણ વંચાય છે. લખનારને નામ પણ મળે છે. પરંતુ ગામડામાંય કોક અવાવરૂ ખૂણા પર રહેતા એક દલિત શ્રમજીવીની વ્યથા કોણ આલેખે? એના જીવનમાંથી સમાજને મળે પણ શું? (ઘણું મળી શકે છે.) એની નકલો પણ કેમ વેચાય? અરે એના પર નજર સુદ્ધાં પણ શું કરવા જાય?

એવા એક ઉવેખાયેલા સમાજના ઉપેક્ષિત યુવક, જેનું જીવન તો નરી રસિકતા, મહત્વાકાંક્ષાઓ ને છતાં નર્યા અભાવોથી ભરેલું હતું. તેને કોણ વાચા આપી શકે? એના મનોરથો, એની કલ્પનાઓને કચડતી જીવનની કઠોર વાસ્તવિકતાઓ વચ્ચે અડગ શિલાની જેમ ટકી રહેવું ને સમુદ્રપાર નાવ લઇ જવી... શરીરનો સાવ નબળો, પેટનું ઓપરેશન ને છતાં પાંચ જણાંનું પોષણ કરવું એ કાંઇ નાનીસૂની વાત હતી? એની જે કાંઇ હાથજડી એવી જીવનકથા આલેખવાનો પ્રયાસ અહીં કરી જોયો છે.

પણ આ લખતાં લખતાંતો વતનની સુગંધ પણ માણી શક્યો છું. એ આખો અતીત મારી આગળ તાદૃશ થાય છે ત્યારે જાણે કે એ અતીતને હું પાછો લાવી શક્યો છું. પણ એને ક્યા સ્વરૂપમાં વાચકો ઢાળે છે, નવલકથાની રૂએ એ સમી ઉતરે છે કે કેમ તે પ્રશ્ન તો રહે છે જ પણ એ તો એને માણનારા વાંચકો જ જાણે. તેમ છતાં એકી બેઠકે વાંચી નાખે એટલી બરકત તો તેમાં છે જ.

જેણે જેણે આ હસ્તપ્રત વાંચી છે તેમના ઉમળકાર્યા પ્રતિભાવો મળ્યા છે. તેઓએ જે સુચનો પણ કર્યા તેને સુધારી લેવાનો પ્રયાસ કર્યો છે. એના સૂત્ર વાચકો હતા. પંથકમાં લોકમુખે બોલાતા શ્રી જોસેફ મેકવાન, નડિયાદને સાક્ષરભૂમિની યાદ સદા જીવંત રાખનાર શ્રી પ્રફુલ્લ ભારતીય, સદા તરવરતા ને જાણીતા લેખક પત્રકાર શ્રી શૈલેષ રાઠોડ, 'અભિધેય', પ્રો. પ્રીતિ રાઠોડ, મારો પોતાનો કે ફેમિલી વિવેચક, શ્રીમતી ક્મુ વાઘેલા હતા. તેમના અભિપ્રાયો વગર હું આમાં આગળ વધી ના શક્યો હોત. એટલે તેમનો ઋણી થયા સિવાય તો હું બીજું શું કરી શકું! ત્યારબાદ આ કાર્યમાં સૌથી વધુ ઉપયોગી થનાર શ્રી વર્ગીસ પોલે તેમના કોમ્પ્યુટરથી આ આખી નવલકથાની સીડી સાથે તૈયાર કરી આપી તે બદલ તેમનો ખાસ આભારી છું. તથા પ્રકાશકશ્રી યાકુબભાઈનો પણ આભાર માનું છું.


અનિલ વાઘેલા

૮, સૌજન્ય પાર્ક,

હાર્ટ હોસ્પીટલ પાછળ,

નડિયાદ-૨


તા. ૨૩-૧-૨૦૦૪

# પ્રકરણ - ૧

ગામને એકવાર અલવિદા કર્યા પછી ગામની માયા ધીરે ધીરે ઓછી થતી ગઇ છે, એનાં હવે ઓસરતાં પાણી થઇ ગયાં છે. હવે માત્ર એનાં સંભારણાં યાદ કરું છું કે એ ગામનો હું નિવાસી હતો. તેના ખોળામાં ઉછરેલો, રમેલો, લાડ કરેલાં. એ બધું અતીતની આરસીમાં જ ઝાંખું થઇ ગયું છે. મને હવે આ નવલકથાના મુખ્ય નાટકના એ જૂના મિત્રનાં વાક્યો સાચાં પડતાં લાગે છે. 'તું તો ગામ છોડીને જતો રહ્યો, ને એને સાવ ભૂલી જ ગયો ને?'

હવે તો એનાં ભગ્નાવેશો ક્યાંક ક્યાંક ખૂણેખાંચરે પડયા રહ્યા હોય તો ગનિમત. ક્યાં એ વખતનું પ્રવૃત્તિઓથી ધમધમતું ને લીલછોયું મારુંગામ ને ક્યાં આજનું પાનખરની યાદ આપતું વેરાન ગામ. ત્યારે તો ત્યાં પગ મૂકતાં જ હૃદયમાંથી ઉમળકો જાગે, જાણે માતૃભૂમિને ભેટવા જતા હોઇએ. માણસો સાથે બે ઘડી વાતો કરીએ, ઘેર ઘેર ચાની કિટલીઓ આવકાર આપવા તૈયાર હોય, ખાટલો કે ઉંધા વાળેલા ખાંડણિયા પર હેતભાવથી બેસાડે. ઇઝરાયેલની ભૂમિ પર પગ મૂકતાં લાગે અહીં ઇસુ વિચર્યા હશે, આ ઘેર વિસામો કરવા બેઠા હશે. અહીં વાળુ કર્યું હશે એવી સ્મૃતિઓ જાગે. ડભાણની ભૂમિ પર પગ મૂકતાં પણ એવી જ સ્મૃતિઓ ઝંકૃત થઇ ઉઠે, આ સાંકડા રસ્તા, આ સાંકડી ગલીઓમાં તો હું ફરેલો, લોકો સાથે ગોષ્ઠિઓ કરતો, ભાઇ સાથે અંતર મંજૂષ ખોલી નાંખતો. આમ તો એમાં કશું નવીન ના હોય પણ એક એક જગ્યા સાથે સ્નેહનો તંતુ જોડાયેલો.

અત્યારે જાઉં છું તો જાણે ભૂમિ ખાવા ધાતી હોય ને ક્યારે ગામ છોડી જતો રહું એવું થાય છે. પહેલાં સાઇકલ ઘેર ઘેર રોકાતી ચાલતી જાય, અત્યારે સીધી મહોલ્લા પાર નીકળી જાય છે, પણ સ્ટોપ આવતો નથી. એટલે ત્યાં જવાનું મન માનતું નથી. ઉમળકો જાગતો નથી. કુટુંબીઓ પણ પ્રાણ હરાઇ ગયા હોય એમ મર્યા મર્યા પૂછે, 'આવોનં તાર ચા મેલીએ.' અરે બેઠેલા હોય તે સહેજ હાલેડોલે ય નહીં. દારૂનો વાસ થયો છે. માણસની કિંમત ઘટી ગઇ છે, રસ્તા જ જાણે અજાણ્યા થઇ ગયા છે.

ગામ છોડવાનું થયું તે વખતે તો મને મનમાં એમ રહ્યા કરે કે હમણાં કોક તો કહેશે, 'ના, જશો હોં, તમારા વગર અહીં બધું રાણુંધબ થઇ જશે. લ્યો ને, પશાધનાના ઓટલા પર પગ લટકાવીને બેઠો હતો, બધું એક્સામટુ ઉમટી આવતું હતું, બસ આ છેલ્લી જ બેઠકને? અહીંથી મારે હવે બિસ્તરાપોટલા બાંધીને જવાનું? આ ચોક, અમારી પ્રવૃત્તિઓનો ઓઘ, આ ઓસરી અહીં જ એકથી ચાર ધોરણના પાયા નાંખેલા. આ જ જગ્યાથી સ્લેટમાં દાખલો કરીને સાહેબને બતાવવા ઉઠતો હતો, આ ઓસરીમાં નાટક ભજવેલું. ડેવીડ સોખડિયાની બેને પણ ભાગ લીધેલો. હું એનો બાપ બનેલો. મુક્તિફોજની મંડળીના નાટકો અહીં થતાં... અરર. કીડીઓની જેમ બધુ ઉભરાય છે. આ ચોકમાં ભવાઇ રમાતી. રાજા ને રાણી ચાલુ ખેલમાં ગ્યાસબત્તીને પંપથી હવા નાખવા બેસી જાય, પછી રાણી વાજા પર બેસી જાય, અંધારિયામાં રાણી બીડી પી લે, - આ રમણીય ઈતિહાસના પડદાને પકડી રાખ્યો હોત, ચસકવા જ ન દીધો હોત તો આ કેવો બધો રળિયામણો ઇતિહાસ... પણ હવે આ સ્થળ- આ પૂણ્યભૂમિ છોડવાની આવશે? અત્યંત દુ:ખની લાગણી હૃદયમાં ભરાય છે, હું આખા ચોકને દિલ ભરા ભરીને જોઉં છું. હવે ફરી જોવાનો મળશે કે નહિ !

પશાધનાની આ ઓસરીના ઓટલા પર બેઠો આ બધાં સ્મરણો વાગોળતો હતો, પણ દુ:ખ એક વાતનું થાય છે કે પણ કોઇ પૂછતું નથી કે તમે આ ગામ છોડીને કેમ જાઓ છો? ત્યારે હૃદયમાં થૂળની

જેમ વેદના થાય છે. ત્યારે ગામનાં અંજળ ત્યાં જ પૂરાં થતાં ભાસતાં હતાં. પણ પિયર જવા તૈયાર થયેલી વહુને જેમ કોઈ પૂછતું નથી, કે બાઈ તું ક્યાં જાય છે? એવો ભાવ તને એમનો મનમાં નહી હોય ને? પણ નજરોમાં એવું તો નહીં હોય ને કે, 'ત્યારે આટલું થાય છે તો ગામ છોડો છો શું કામ?' વાત તો સાચીજ ને. માનો ખોળો જ્યારે પ્યારો હોય તો એ ખોળો છોડનાર તો દ્રોહી જ કહેવાયને?

મને પણ એવા ભાવો ઉપસતા હતા કે આટઆટલું ગામ માટે કર્યું. ઘરનું છોડીને લોકોની સેવા કરતા, આ સમાજ માટે જીવન વ્હાલુ કર્યું નહિ! મહોલ્લાનો રસ્તો કેટલો ગંદો રહેતો, લોકો રાતે દિવસે પેશાબ કરવા બેસી જાય, એઠવાડ ઢોળી જાય, દિનરાત ગંદુ પાણી એના પર વહ્યા કરે પણ કોઇનું રૂવાડુય ના ફરકે, બકરીને પેશાબ પણ રસ્તામાં જ કરાવે પણ યુવકમંડળ રચાયા પછી તો અમે આ કામ જ માથે લીધું. બબલભાઇ મહેતા અમારા તે વખતે આદર્શ હતા. તેઓ ગાંધીજીની માફક ગામડે ગામડે ફરી ગામડાં સ્વચ્છ હોવાં જોઇએ એની આહલેક જગવતા. કાચા દળિયા રસ્તામાં ખભે થેલો ભેરવી પદયાત્રાઓ જ કરતા. અમને પણ એ ચેપ લાગેલો. અમે શ્રમયજ્ઞ પ્રારંભેલો. તગારાં, પાવડા વગેરે લઇને માથે કટકો બાંધીને રસ્તા સાફ કરવા લાગી જતા. ત્યારે મોટા ગણાવવાની લાલસા જ નહિ બસ એકજ ધૂન મહોલ્લા માટે કંઇક કરી છૂટવું.

અત્યારે તો કોઇ યાદ કરતું હશે કે કેમ! અમારામાં આ બાબતે ઘણી માથાઝીક થાય, ડેવીડને કામની કદર જોઇએ. હું કહું કે 'લ્યા, આમાં વળી કદર શું કરવી છે? એમને કદર કરવી હશે તો કરશે, આપણને આત્મસંતોષ થાય છે ને? એટલું બસ છે. આપણે તો નિજાનંદમાં વ્યસ્ત રહી પ્રવૃત્તિ કર્યે જવી.' પણ એની વાત મને રહી રહીને આજે સાચી લાગે છે. છોડને ફળ લાગવાનાં જ ના હોય તો છોડ પાછળ વ્યર્થ મહેનત શા માટે કરવી?

પણ પેલી જૂની જર્જરિત ઇંટોની દિવાલમાંથી પણ પીપળો ફૂટે છે એમ એવા એક આશાસ્પદ સમાચાર ગામમાંથી આવ્યા ત્યારે મેં અનુભવ્યું કે આ મારી ધારણા સાવ ખોટી છે. નદીનાં નીર સાવ સૂકાઈ ગયાં નથી ગામમાંથી આવેલા સંદેશાથી સૂકાઇ ગયેલા છોડ પર લીલી નાજુક પાંદડીઓ બેઠી. વિભ્રાંત વારસામાં પણ હજુ કોક યાદ કરનાર છે ખરું સંદેશો હતો:

'તમને તમારો જૂનો મિત્ર ઘેર બોલાવે છે.' આ સંદેશો જાણીને અંતરમાં સો સો દિવા ઝગમગી ઉઠ્યા.

'ઓ હો' મનમાંથી સહજ ઉદ્ગાર સરી પડયો.

'મને? હોય નહિ. ભૂલ થતી હશે સંદેશો લાવનારની. મને વળી ત્યાં કોણ યાદ કરવા નવરુંહશે? એવું તે વળી શું કામ હશે?'

મને અચરજ તો એ વાતનું હતું કે ગમે તેમ પણ એણે મને બોલાવ્યો છે. નહિ તો એ ગુમાની માણસ કોઇ દા'ડે મને બોલાવે  જ નહિ. એટલે અચરજ થાય એ સ્વાભાવિક હતું. પણ હવે કામ તો જે હોય તે, ચાહે પૃથ્વી હલાવવાની હોય કે પર્વત હચમચાવવાનો હોય પણ નામ દઇને બોલાવ્યો છે એ તો સત્ય જ હતું.

તમે વિચાર  કરો. વીસ પચીસ વરસને ગામને રામ રામ કર્યા હોય ને વિસારે પાડયું હોય ને ગામેય તમને ભૂલવા આવ્યું હોય તો કોણ તમને યાદ કરવા કે બોલાવવા નવરુંહોય! સૌ પોતાના કામોમાં પડયું હોય, અત્યારે વખત જ એવો છે કે કોઇને કોઇની પડી નથી. માણસની વિસાત જ રહી નથી. એ પહેલાંના જમાના ગયા. પણ તેમ છતાં આપણને કોક રડયું ખડયુંય યાદ તો કરે છે!

‘શું કામ હશે’ વિચારમાં ચડી જવાય એવું હતું. શું આવી પડયું હશે એના પર. કામ હોય તો એનાથી અહીં આવી જતાં શું થાય છે? કેટલે દૂર છે, ખાલી પાંચ ગાઉ. પણ જરા ગંભીરતાથી વિચાર કે એ તને બોલાવે છે એ કાંઇ અમસ્તો તો નહિ બોલાવતો હોય? સમાજના કોઇ વ્યવહારની બેઠક હોય, ને આપણે પરવાડે બેઠા હોઇએને બેઠક્માંથી જ કોક ક્હે, ‘આવો ને અહીં’ તો કેવો હરખ ઉભરાય છે. એવો જ હરખ આ સંદેશમાંથી નથી લાગતો! અત્યારે કોઇને કોઇની પડી નથી. ગામડાના શોભારૂપ થડને અત્યારે કોણ પૂછે છે? પહેલાં એની સાથે આત્મીયતા હતી. ગામડાં પણ એવા ગરવા અતીતની યાદમાં નિર્વિકારભાવે ઉભા છે. આપણાં પણ સાઇઠ તો થઇ ગયાં. માથાના વાળ પણ પાકટ થઇ ગયા છે. એક વખતના ભરાવદાર ને કાળાશીશમ વાળે ભૂખરો રંગ ધારણ કર્યો છે, પણ એક ઠૂંઠાની જેમ ટકી તો રહ્યા છીએને? ને કોક કોક મંદિરમાં એવી ભગ્નાવશેષ મૂર્તિઓને હજુ પણ કોક યાદ કરી રહ્યું છે એ જેવું તેવું ના જ ક્હેવાય! ને આટલા આશ્વાસન પરથી તો ગામનાં અનેક સ્મરણો તાજાં થઇ જાય છે. એક વખત તો વતન પાછા જવાની લગની લાગેલી. પણ એમા કંઇ લાગણીવેડામાં થોડા ખેંચાઇ જવાય છે! અહીં શહેરમાં આવવાનું થયું ત્યારે તો ગણતરીય કરવા મંડેલો, ‘ત્યાં તો મોંઘુ જીવનધોરણ થઇ પડવાનું. બધાની હરોળમાં રહેવા ઉધમાતો કરવા પડે, પણ એ બધું છતાં શહેરમાં સ્થાયી થઇ ગયા છીએ.

ગમે તેમ પણ ગામમાં જવાનું કુતૂહલ જાગ્યું હતું.

## પ્રકરણ - ૨

પણ રહી રહીને પ્રશ્ન જાગતો હતો. શા માટે બોલાવતો હશે? શું આવી પડયું હશે એના પર કે મારા વગર અટકી પડયું હશે? ખરેખર એ જ બોલાવે છે એની ખાતરી થતી નહોતી ને એને કામમાં આવું એવું મારુંક્લેવર પણ નહોતું.

ખાતરી કરવા બાબાને ફરીથી પૂછયું.

'કોણ બોલાવે છે?'

'પેલા તમારા ભાઇબંધ ડેવીડ સોખડિયા'

પણ એ વળી મને શું કરવા યાદ કરતો હશે? એને ને મારે તો વિચારોમાંય બારમો ચંદ્રમા રહ્યો છે. મિત્ર ખરો પણ મિત્ર જેવો દિલચશ્પ સંબંધ નહિ એની સાથે. ગામમાં ઘણી પ્રવૃત્તિઓ કરેલી પણ દિલ હળેલાં નહિ. નાતાલ પર મહોલ્લામાં તોરણો બાંધવાનાં, ઇસુના જન્મનું દશ્ય, અનાજ ઉઘરાવીને ગરીબોને વહેંચવું, એવું એવું તો ઘણું કામ સાથે રહીને કરેલું પણ છતાં એનું અંતર સદા દૂર જ રહેલું. એને અત્યારે હું યાદ આવું એય નવાઇ લાગે છે. એ ગમે તે, પણ એના દિમાગમાં મારી છબી કંઇ પોઝિટિવ તો નહોતી જ. સાથે હળીએ મળીએ, ફરવા નીકળીએ, ક્યાંક કોઇ ગામે ગાયન મંડળીને આમંત્રણ હોય તો મારી સાયકલ પર એને લઇ જાઉંજ. એમ તો સાથે રહીને ઘણો આનંદ પણ માણતા, પણ ઘણી બાબતોમાં એનો વિરોધ તો ખીચડીનું ઢાંકણ ખોલીએ ને ઉની વરાળ નીકળે એમ નીકળ્યા વગર ના રહે. એટલે કંઇ યોજના કે કોઇ પ્રવૃત્તિ કરવાની હોય ત્યારે પહેલાં મારે બરાબર સજ્જ થવું પડે. માનસિક તૈયારી કરવી પડે. ક્યા શબ્દોમાં એને મારી વાત ગળે ઉતરે એની મુંઝવણ થતી. યુવક મંડળને એકવાર 'સંદેશ' પ્રેસની મૂલાકાત યોજવાનું નક્કી કર્યું પણ એના દિમાગમાં એ ખૂંપેલું નહિ. તેથી તે વિચાર સાથે સલૂક થયેલો નહિ ને એ આખી જરૂરી મૂલાકાત થઇ શકી નહિ. 'સંદેશ'માં સમાચારો કઇ રીતે ક્યાંથી છપાય છે એ બધી પ્રક્રિયા યુવાનો માટે જાણવાની ઘણી જરૂર હતી. આમ ક્યાં સુધી ધાર્મિક પ્રવૃત્તિઓમાં જ અટવાયા કરવું. જ્ઞાન તો વિશાળ સાગર છે. જ્ઞાનના સિમાડા બહુ મોટા છે તો એમાંથી થોડું પણ મેળવી શકીએ? એ પોતે ઢીલોઢફ થઇ ગયો. જવાનો દિવસ આવ્યો તે જ દિવસે કહે 'મારો વિચાર નથી' આખી યોજના કકડભૂશ થઇ ગઇ મને પણ ખોટું લાગી ગયું. એના પર દુ:ખ ને રોષ બંને ઉપજ્યા. મહોલ્લાના ખાબોચિયામાંથી બહાર જ ના નીકળવું એ આ સમાજનો શિલાલેખ થઇ ગયો છે. આટલી સાદી વાત પણ એ સમજી ના શક્યો. પણ તો યે ગાડુ ગબડાવ્યે જતા મનમાં રંજ તો ઘણો રહે પણ બીજો કોઇ વિકલ્પ પણ નહતો.

તે વખતે પૈસા કેવી રીતે કમાવવા એના નુસ્ખા પણ ખોળતા ગામડામાં ફિલમ બતાવવાનું સૂજ્યું. ચંદ્રેશ ફિલ્મવાળા ભાડે ફિલમ આપતા. ગામડામાં ટિકિટો ખપાવવી હોય તો ધાર્મિક પિક્ચર જ બતાવવું પડે. એમને ચમત્કારોમાં વધારે રસ પડે. એટલે 'ભદ્રકાળી' ફિલ્મ બતાવીએ તો? પણ પાછું લાગ્યું કે એને આ પિક્ચર માટે વાંધો પડશે તો? એ પોતે ચૂસ્ત કેથલિક. દેવ-દેવીઓમાં માને નહિ હું પણ માનું નહિ પણ ટિકિટો ખપાવવી હોય તો આવું ધાર્મિક જ બતાવવું પડે એટલે તેને આ બધું સમજાવ્યુ ને એ સંમત થયો ત્યારે ગાડી આગળ ચાલી.

મંદિરના ચોકમાં પિક્ચર માટેનો પડદો બાંધ્યો. ગામમાં સમાચાર પ્રસરતાં વાર લાગી નહિ.

આખા ગામમાં 'પિચર બતાવવા આયા હ' એમ થઇ રહ્યું ટિકિટો ફટાફટ તો ફાટવા માંડી, હરખ પણ થયો. પણ પછી ખુદાબક્ષ શ્રોતાઓ રજૂઆત કરવા લાગ્યા. 'અમારા રાષ્ટ્રીય સેવકદળના આટલા સભ્યો છે એમને મફત બતાવો'. કોઇક વડીલ આવીને ક્હે 'હું મુખી છું' ને એમ ઘણાને પ્રવેશ આપવો પડયો પણ પિક્ચર ચાલુ થયા પછી અંધારુંફેલાયું એમાં ઉંદરો એક પછી એક કૂદી કૂદીને પડવા માંડે એમ કોટ કૂદીને લોકો ઘૂસવા માંડયા. પબ્લિક તો માય નહિ, પણ ટિકિટો એટલી ગયેલી નહિ. લોકોને તો અમારા પર ઈર્ષ્યા થાય એટલી પબ્લિક થઈ હતીઘ એકે તો કહ્યું ય ખરૂં,'ફાળી ગયા હોંત' પણ ક્લેક્શન ગણ્યું ત્યારે માંડ ફિલ્મવાળાને અપાય એટલું પરચુરણ ભેગું થયું. કોક્ને તો મન અમે ક્માઇ ગયા એમ લાગ્યું. મેં 'ભદ્રકાળી'ને ઉદ્દેશીને ક્હ્યું. અંદર ચમત્કાર કરતી હતી તો આ કોથળી પરેય કરને? ને ત્યારે ડેવીડ ને હું એટલું હસેલા...

મારી મોટા ભાગની બેઠક એના ત્યાંજ રહે. ઘરમાં મારી શોધાશોધ ચાલે ત્યારે પહેલી તપાસ એના ત્યાં જ થાય ને હું હોંઉ પણ ત્યાંજ. એનું ઘર પણ મારા ઘર જેવું જ થઇ ગયેલું. અમારામાં એટલો તો આત્મપતિયાર હતોકે કોઇ કોઇથી કશું છુપાવે નહિ ને છુપાવવા જેવું હોય પણ નહિ. એ કોઇ છોકરી પર મુગ્ધ થઇ ગયો હોય તો પણ મને ક્હ્યા વગર ના રહે. એ પાછો રંગીલો ય એવો. ખમીસના કોલર પાછળ રંગીન રૂમાલ બાંધીને ગાયન લલકારે, ને છોકરી સામે આંખ પણ મિચકારે. પછી ઘેર જઇને ક્હે. 'મને એની ક્મર બહુ ગમે છે. એના વાળ બહુ ફાંકડા છે હોં? એની ચાલ પર હું ફિદા છું.' પાછો કોઇ વાર એના પર કવિતાય લખી નાખે.

તો પણ દોસ્તીનાં મૂળ તો બહુ ઊંડે ગયેલા નહિ. દોસ્તી તો સૂતરનાં તાંતણે બંધાઇ રહેલી, ક્યારે તૂટી જાય ને છૂટા પડી જઇએ એ ક્હેવાય નહિ. લોટે જવા મને સંગાથ વગર જવાનું ગમે નહિ. એ સાથે હોય ત્યારે રોડ પર તો ગપ્પાં મારતા મારતા બહુ દૂર સુધી જતા રહીએ ને તે પછી પણ ઘેઘુર પીપળા નીચે રોડ પર જ જ્માવીએ. (કેટલા આનંદના દિવસો!) દળણું દળાવવા કાંકરિયા ઘંટીએ જવાનું થાય ત્યારે પણ કોક્ને કોક તો જોડે હોય જ. મોટા ભાગે તો કુટુંબી મિત્ર પાઉલ જ હોય. એને તો જ્યારે ને જ્યાં પણ ક્હું ત્યાં એ રેડી જ હોય. એવી ભાઇબંધી આની જોડે જામેલી નહિ. એને બોલાવવા જઉં તો ના જ પાડી દે. ત્યારે એવી તો ખીજ ચડે! સર્વોદય હાઇસ્કૂલમાં સાથે હતા પણ એનો સંગાથ કરવાનો બહુ ભારે પડી જાય. જઉં ત્યારે તૈયાર જ ના હોય ને તૈયાર થવામાંય બહુ ઢીલો. પછી ક્હે,

'નહિ આવતો જા,' ને મારે મોડામાં મોડુ થાય. ડભાણથી નડિયાદ ચાલતાં જ જતા.

મતભેદ હંમેશ રહ્યા કરે. એટલે ભેગા મળીએ ને છૂટા પડીએ એવું ચાલ્યા કરતું. શાક માટે ભીંડા સમારીને ધોઇએ ને એકબીજાને જેમ ચોંટેલા રહે એમ અમે પણ ચોંટેલા જ રહેતા.

પણ આ ભાઇ આજે બોલાવે છે એનો પ્રશ્ન તો થાય છે જ. અત્યારે તો સંબંધો ઉપર પણ કાટ વળી ગયો છે. એકબીજાને મળવાનું પણ ઓછું બને છે. આટલા વર્ષો પછી શું કરવા યાદ કરતો હશે? ક્યાંક કશી મારી ભૂલ થઇ ગઇ હોય. ક્યાંક એને માઠું લાગી ગયું હોય કે પછી હ્મણાં મારા વાર્તાસંગ્રહના વિમોચન વખતે એને કંઇ લાગી આવ્યું હોય! શંકાનાં જાત જાતનાં જાળાં બાઝેલા લાગ્યાં. એણે ક્હેલું તે વખતે, 'આટલો મોટો સાહિત્યનો કાર્યક્રમ ને મને જ ના બોલાવ્યો? મને સામેલ ર્ક્યો હોત તો!' એની આ મર્મસ્પર્શી ને દર્દીલી અપીલ તો સાચી જ હતી પણ મારા દિલદિમાગમાં પણ નશો વ્યાપ્યો હતો, શિખર સર ર્ક્યાનો મદ પણ હોય નામી સાહિત્યકારો જ્યાં પધાર્યા હોય ત્યાં ટમટમતા દિવડાને તે વળી

કોણ પૂછે? સૌ ઉગતા સિતારાઓને નમે, આમંત્રણ તો આપેલુ પણ તેનો આક્રોશ જૂદો હતો. જ્યાં ખભેખભા મિલાવીને સાથે રહ્યા હોય. પ્રવૃત્તિઓ કરેલી હોય ને આવી વિશિષ્ટ પ્રવૃત્તિમાં એને ખાલી પ્રેક્ષકનો દરજ્જો મળે ત્યારે એને ગ્લાનિ થાય. હું તેના વિદ્રોહનું નિશાન બનવાને લાયક હતો ને એ એનો અધિકારી હતો. તેણે ઉગ્ર ને દિલદદ્રાવક ભાષામાં પ્રકોપ ઠાલવવો જોઇએ પણ તેણે ઠાલવ્યો નહિ, ફક્ત ભીના હૃદયે, ભીની લાગણીથી શાંત પ્રતિભાવ પાડેલો ત્યારે મારુ હૃદય પણ ભીનું થઇ ગયેલું.

આવા મન:દુખના પ્રસંગો પણ અમારા જીવનમાં આવી ગયેલા પણ છતાં સંબંધ પર કાંઇ કાળાશ ફરી વળી નહોતી. છોડનાં મૂળિયા માટીમાં ઘરબાઇ ભલે ગયાં પણ અંદર તો સજીવ હોય છે. હું એના ત્યાં જઉં ત્યારે પણ એની મુખકાંતિ એવીજ વિલસી ઉઠતી, એ ક્હેતો, 'તારી જોડે વાતો કરવામાં કંટાળો આવતો નથી.' ગમે તેમ પણ એ પ્રમાણપત્ર તો હતું જ પણ હું જાણું કે એના દિલમાં તો પેલો ડાઘ તો દુઝી જ રહ્યો છે પણ એક્વાર એણે પાછો એ ડાઘ સજીવન કરી મૂકેલો. એણે ક્હેલું, 'તેં મારા બાબાને એના નબળા બાંધાને લીધે બોર્નવિટા લાવી આપેલું તેના લીધે હું અચકાઉં છું' પેલા દાઘે કેવી ચોટ મારી હશે તે આના પરથી ક્લ્પી શકું છું પણ વર્તનમાં તે આવવા દેતો નથી. એના ક્હેવાનો ભાવાર્થ એ હતો કે તારા ઉપકારને લીધે ખચકાઉં છું નહિ તો...

મારા માટે ખુરશી કે ખાટલો ઢાળતો. હું પણ એ જ ખાટલા પર આસન જમાવતો. સામે કલાકો સુધી બેસીએ, ચર્ચા, વાર્તાલાપ કરીએ ને વાતવાતમાં પાછો ક્હી પણ નાખતો 'તું હવે શહેરમાં જતો રહ્યો, એટલે ગામમાં ઓછો રસ લે, અમારે તો છૂટકો જ નહિ કર્યા વગર.' ત્યારે મને લાગી આવતું. શું હું શહેરમાં ગયો એટલે ગામને ભૂલી ગયો ને ગામનો જ મટી ગયો? તને એક્લાને જ ગામની મમતા છે ને મને અણમાનીતું છે? તેના પ્રત્યે તેનો આ દ્દષ્ટિકોણ જોઇ ખૂબ ચીડ ચડતી. પણ મનમાં દબાવી રાખતો. એનું અનુમાન એક રીતે સાચું પણ હતું. ગામમાંથી એવા ઘણા યુવાનો ભરયુવાનીમાં આ ગામ છોડીને બહાર જતા રહ્યા પણ ગામમાં ફરી ડોકિયું કરવાનું નામ દેતા નથી. પરાયા જ થઇ જાય છે તેથી તેની આ હૈયાવરાળ સાચી જ હતી. પણ મને ગામમાં ગયા વગર ચેન પડતું નહિ. કોક્વાર ઓચિંતુ જ ગામ યાદ આવી જાય ને અમસ્તો એ બાજુ ફરવા નીકળી પડતો. આ બધી મનની વાત એને કેવી રીતે સાચી પડાવું! તેમ છતાં એ આવો ઉઘાડો ઉપાલંભ આપે. એ કઇ રીતે સંખાય? એને મારામાં વિશ્વાસ જ નથી! નાનપણમાં મેં ભગવાનને એવી અરજ કરેલી કે ભગવાન મને આ ગામમાં જ નોકરી આપજે ને એ અરજ ફળિભૂત પણ થઇ એ તો આજે ખ્યાલમાં આવે છે. અને આ માણસ મને આ ગામનાં મૂળિયાંથી દૂર થયેલો માને ત્યારે ખોટું લાગી જાય એનો અર્થ એ કે એ મને ઓળખી જ શક્યો નથી. હું કલાકો એની પાસે બેસુ, ઘેર અનેક કામો મૂકીને ત્યાં સમય કાઢુ તો પણ એને અસંતોષ ને દ્વિધાભાવ રહ્યો છે? કદાચ મારાથી એ ધરાતો નહિ હોય એવું હશે? એટલે આવા ઉપાલંભો આપતો હશે?

એક્વાર આ રીતે એ ઘેર આવેલો. એના પગ પણ વળી વળીને મારા ઘર તરફ જ વળે. ત્યારે ઘરમાં રિપેરીંગનું કામ ચાલે. માટીની દિવાલ કાઢીને ઇંટોની થતી હતી. એ જ્યારે આવે ત્યારે ગમે એવું કામ કરતો હોઉં તો પણ પડતું મેલીને એની સાથે જઉં. એ આવીને બારણા આગળ ઉભો રહ્યો. ઘરવાળાં એટલે કે, હરીશભાઇ કે મા વગેરે ઘરમાં હોય ત્યારે તો એમને જોઇને માણસને જોઇને નોળિયો પાછો વળી જાય, એમ પાછો વળી ગયો. હું ઘણો દુ:ખી થઇ ગયો. મિત્રને અંદર બોલાવવા જેટલું એનું માન ના હોય તો જીવવુંય નકામું છે. એને જોઇને માની આંખ ચકળવકળ થઇ ગયેલી ને

સૂણાવેલું 'કંઇ કામ નહિ કરતો ભઇ?' પણ એ સાંભળતાં જ એ પાછો વળી ગયો. મારા હૃદયને ખૂબ ધક્કો લાગ્યો. હું તરત જ બોલ્યાચાલ્યા વગર સાઇકલ લઇને બહાર નીકળી ગયો. માએ કે કોઇએ પૂછ્યું પણ નહિ કે કંઇ જા છ? પીજથી ઉપડતી નાની ગાડીના પાટા પર ચડી ગયો. ક્યાં જઇશ એ નક્કી નહોતું. પણ પરિચિત રસ્તો તો એ જ હતો. સોજિત્રા મોટાંબેન હતાં. એ વગર તો બીજું કોઇ ગામ જોયેલું નહિ. રેલ્વેની સાથેનો રસ્તો કાંટા, ઝાંખરાં ને પથ્થર, ઉપર અસહ્ય તાપ, પેટમાં કંઇ પડેલું નહિ ને આમ અંતરિયાળ હું ક્યાં જઇશ એ નક્કી નહિ, હશે, જ્યાં જવાશે ત્યાં જઇશ. મારુંઆત્મસ્વમાન ઘવાયું હતું. હું આ વગર તો બીજો પ્રત્યાઘાત પાડી શકું એમ નહોતો. મૂંગા બહિષ્કારનું હથિયાર મેં પકડયું હતું. ગમે તે થાય પણ ઘેર તો નથી જ જવું એવો મહાનિર્ધાર મનમાં નક્કી થઇ ગયો. જીવનમાં પ્રથમવાર આ રીતે હું ઘરની બહાર પગ મૂકતો હતો. સાયકલનાં પૈડાં તો ચાલતાં હતાં પણ છેવટે એમાંય જોર રહ્યું નહિ. તરસ પણ ખૂબ લાગેલી, આગળ લાંબી નજર નાંખુ તો એક અફાટ રણ જેવો પથરાયેલો રેલરસ્તો, લાંબી નજર નાખું તો ઝમઝમતાં ઝાંઝવાનાં નીર દેખાય. હિંમત તૂટવા ચાલી. નિર્ણય ભાંગી પડયો. જઇ જઇને ક્યાં જઇશ. રેલ્વેના પાટા પૂરા થાય પછી દરિયો તો આવવાનો નથી કે આનો અંત આવે! ઘેર તો કોઇ વાટ પણ જોતું નહોતું. સાઇકલમાંય જોર રહ્યું નહિ. પેડલ ઢીલાં પડી ગયાં. પણ થયું કે પાછો જઇશ તો આથી પણ મોટું અપમાન થશે! હાંસી જ થવાની ત્યારે ભોંયમાં ઉતરી જવા જેવું થશે. પણ પાછું મન મક્કમ કરીને સાઇકલ પાછી વાળી પંદર સોળ કિલોમીટર સુધી ગયેલો ત્યાંથી એજ તાપ તડકો ને થાકમાં પાછો વળ્યો. ચૂપચાપ સાઇકલ ઘેર મૂકી, ત્યારે કોઇએ કશો પણ હરખ કે શોક બતાવેલો નહિ. ત્યારે મોટાભાઇ આંચરેલા 'તું કંઇ પડી છું એની અમને શી પડી હોય?'

ત્યારે એ મિત્રને પણ મારા ઘરવાળાનો પ્રત્યાઘાત જોઇને કેવું લાગી આવ્યું હશે? એ વયમાં છોકરાં પર માબાપનો કેટલો કડપ હતો? આ બનાવની એને ખબર હશે કે નહિ એ તો ઇશ્વર જાણે. જો ખબર હોત તો આવા અવિચારી ઉપાલંભ ન આપત.

વિચારમાં નાખી દે એવા આ કડવા મીઠા સંબંધો અત્યારે વાગોળવા બેસુ તો એ યાદો સંઘરી મૂકવા જેવી લાગે.

હમણાં થોડા વખત પહેલાં ઓચિંતો એના ઘેર જઇ ચઢયો હતો. ત્યારે કહે.

'આટલો બધો માંદો પડી ગયો ત્યારે આજે હું યાદ આવ્યો?કાલે તો બધાં સગાવ્હાલાંને છેલ્લું મોં જોવાય બોલાવી લીધેલાં.'

'અલ્યાભાઇ મને તો ખબર જ નથી. કોઇ સમાચાર આપે તો ખબર પડે ને?'

એ યાદ આવતાં જ થયું કે ફરી પાછો માંદગીએ ઉથલો માર્યો હશે કે શું? આમેય એનો બાંધો તો નબળો છે જ, સ્થિતિ પણ એવી જ. પહેલાં એ ખંભાત હતો ત્યારે પેટનું ઓપરેશન કરાવેલું. મને થતું કે ઓપરેશનના આવડા મોટા ખર્ચને એ કેવી રીતે પહોંચી વળશે? ને છતાં મારા આશ્ચર્ય વચ્ચે ઓપરેશન તો થઇ ગયેલું. એ ગંભીર માંદગીમાંથી તો સલામત પાર ઉતર્યો ને હવે ફરી પાછી એવી

જ સ્થિતિ આવી ચડી હશે કે શું? પણ આમ તો પાછો સ્વમાની ય ઘણો, ભૂખે પડી રહે પણ સ્વમાન ગૂમાવીને કોઇનેય ઓઠું ન આપે.

પણ હવે એ બધુ અત્યારે ક્યાં જોવા રહેવું! જેવો હોય એવો, અત્યારે મિત્રતાનો અંશ ન રહ્યો હોય તોય શું, એ છે તો મારેય એને ત્યાં પગ મૂકાશે. બધા દોષ જોવા બેસુ તો બોલવાનો વારો ના આવે.

## પ્રકરણ - 3

કુંભાર માટીના લોંદાને ગુંદીને ચાકડા પર ચડાવે છે ને એના ફરતી આંગળીઓ જે નજાકતતાથી ઘાટ ઘડે છે એને નામ આપે છે કૂંજો. પણ ડેવીડ સાથેના સંબંધને આવો નક્કર મૈત્રીનો ઘાટ આપી શકાય એવું પણ નહોતું. સાથે ને સાથે રહેતા, દૂર દૂર સુધી ફરવા જતા કોઇ ચાંદની રાતે રેતીના ભીના ઢગલા પર બેસીને ચાંદની માણતા મારા સગાને ત્યાં પણ તેને સાઇકલ પર લઇ જતો, ખરા બપોરે તાપતડકામાં બોરાં, રાયણો, કેરીઓ, ખાવા રખડતા એના વગર ક્યાંય એકલા જવાનું ગમે નહિ, તો પણ એ મારો જીગરી દોસ્ત છે એવું મને કદી લાગેલું નહિ. ખરો ભાઇબંધ તો નાનપણનો ગોઠિયો છગો. અત્યારે જ્ઞાતિ-જાતિ લેખીએ છીએ પણ ત્યારે મારા છેક બચપણના ખાસ ભેરૂ સાથે રમનારામાં છગો (ગરો બ્રાહ્મણ) મુખ્ય હતો. એ સિવાય બીજા પણ હતા. રોહિત મિત્રોમાં નાનો શનિયો ને મોટો શનિયો, હરખો, ડાયો એ બધા પણ બાલગોઠિયા હતા. અમે જ્ઞાતિજાતિને ઓળખતા જ નહોતા. આખો દિવસ રમવાનું ભણવાનું જોડે જ. પણ હાઇસ્કૂલમાં ગયા પછી આકાશના તારા સાંજ પડયે આથમતા આથમતા નિસ્તેજ થઇ અલોપ થઇ જાય છે એમ તેઓ પણ લૂપ્ત થતા ગયા. આમ તો રોહિતમિત્રો સાથે નાનો એવો ને એવો જ રહેલો. હાલ પણ અમે એટલા જ ઉમળકાથી મળીએ છીએ ને કંકોત્રી વ્યવહારો પણ ચાલુ છે. અમારાં ફળિયાં એકબીજાને અડીને જ હતાં. એમના ગુરૂઓ આવે, અઠવાડિયું રહે, ચાંદની રાતે આંગણામાં ખાટલા ઢાળી ભજનોની રંગત જમાવે ને ગાવા બજાવવાની મહેફિલ શરૂ થાય. હાર્મોનિયમ પર એમની આંગળીઓ પડે ને જે મીઠા મધૂરા સૂર...આખું વાતાવરણ બદલી નાખે.

ગુજરાતી પાંચથી સાતમાં 'નિર્મળ મિરિયમ શાળા' નડિયાદ, ડભાણથી ચાલતાં જતા. આનો સંગાથ ચાલતાં કોઇક વાર જ થતો. એ જલ્દી તૈયાર થાય નહિ એટલે એનો સંગાથ કરવા અમે કદી રોકાઇએ જ નહિ. અમારા ગૃપથી એ નિરાળો જ રહેતો. ઘેરથી વધારેલી ખીચડીનો ડબ્બો લઇ જઇએ ને બપોરે ભૂખ્યાડાંસ પીળી પીળી ખીચડી ખાવા આંબલીના થડે ધસી જઇએ. ડેવીડ કોઇ દાંડો ખાવાનું લાવે નહિ, પણ અમારી સાથે આવે ત્યારે એને પણ આપીએ. આમ ભણવામાં ઢીલો. સિમોન માસ્તરની સોટીઓ ખાઇને રીઢો થઇ ગયો હતો. પણ હતો કલાકાર જીવ. ચિત્રકળામાં એનો હાથ બેસી ગયો હતો ને કવિ હૃદયનો ય ખરો. સાવ સામાન્ય છોકરીમાં પણ એ સૌંદર્ય જૂએ ને વખાણ કરે ત્યારે એ છોકરી જોવાની તમન્ના મને જાગે પણ પછી એને જોઉં ત્યારે લાગે કે આમાં આ શું જોઇ ગયો હશે?

સાથે ભણતા પણ કદી અભ્યાસ કે લેસન બાબતની ચર્ચા થતી જ નહિ. કોઇ દિવસ સાથે બેસીને લેસન પણ કર્યું નથી. પણ ધાર્મિક પ્રવૃત્તિઓમાં અમારે ગોઠતું આવી ગયેલું. ભજનમંડળીમાંય તેને રસ ઓછો, મંડળીમાં એ ભાગ્યે જ કોક દાડો આવે, એ કોઇ દા'ડો બધા સાથે ગાયન ગાય નહિ કે ના પકડે કાંશી. હું તો કાંશી વગાડવામાંય એક્કો. નરઘાંવાળાની આગળ ને આગળ કાંશી ના જાય તો કાંશી વગાડયાં ના કહેવાય. પણ આને તો એવું શૂર પણ ના ચડે. ત્યારે એ શું કરવા મંડળીમાં આવતો હશે? એ હંમેશ ઢીલો રહે એથી રીસેય ચડે એના પર.

બહારગામ મંડળીને આમંત્રણ હોય ત્યારે તો મોટા ગાયકો હોઇએ એમ તૈયાર થઇને જઇએ. ને અમારો દેખાવ જોઇને ખાવાનું વહેંચનારાય તાનમાં આવી એક લાડુ વધારે મૂકી દે. પછી કહેય ખરા.

'લો ભઇ તમારે તો આખી રાત ગાવાનું છ ન?' પણ એક બે ગાયનો પછી અમે ખાટલા ખોળવા લાગતા.

મહોલ્લામાં ઇસુના જન્મનું ગભાણ બનાવવામાં આવે ત્યારે અમે મોટાઓને મદદ કરીએ. માટી, કાદવ, ઝાડના ડાળાં, ઘઉંના તાજા ઉગેલા છોડ વગેરે લાવીને ખડા કરી દઇએ. નાતાલની આગલી રાત્રે કડકડતી ટાઢમાં દેવળમાં જતાં જતાં પૂળાની ઓધલીઓમાંથી પૂળા ખેંચી લાવી તાપણું કરતા જઇએ ને એમ ધીમે ધીમે અમારે ગોઠતું ગયું ને દોસ્તી ગાઢ બનતી ગઇ.

એટલે પડદામાં જૂનાં દૃશ્યો પસાર થઇ જાય ને નવાં આવતાં જાય એમ છગાની ભાઇબંધીમાં ઓટ આવતી ગઇ ને એ જગા ડેવીડે લીધી. બાકી બાળપણ તો છગાની સાથે જ વીતેલું. વડલાના પાંદડાંના રાજા-બહારવટિયાના પોશાક બનાવીને ખેલ કરતા. હું બહારવટિયો ને છગો રાજા બને. પણ આવી ગ્રામ્યરમતોમાં ડેવીડ ચિત્રમાં કદી આવેલો નહિ. તે વખતના એના બાળઇતિહાસથી હું તદ્દન અજાણ છું. ધાર્મિક વાતાવરણમાં લપેટાતો ગયો એમ જૂની બાળદોસ્તીઓ અસ્ત પામતી ગઇ. કદાચ ધર્મ વચ્ચે ન આવ્યો હોત તો એ અમારી જૂની મૈત્રી તાજી રહી હોત. ઉંમરને સમજણ વધતી ગઇ એમ મહોલ્લાની પ્રવત્તિમાં પડયા. મંડળી મંડળીનું કામ કરે પણ અમારુંધ્યાન નાટક, ગરબા, નાતાલ પર વડીલોનું સન્માન વગેરેમાં પરોવાયુ. પછી એ જ અમારુંલક્ષ્ય થઇ ગયું. મહોલ્લામાં કંઇ ને કઇ નવું કરવાનું વિચારતા. એક રીતે તો સમાજનું ઘડતર જ કરતા. છોકરાઓને પણ પ્રવૃત્તિ મળતી ને નવીન ઉત્સાહ રેડાતો..

આ મોટા મહોલ્લામાં પણ બે જર્મની વચ્ચેની દિવાલ જેવી માનસિક દિવાલ હતી, ધર્મની. એક જ ધર્મના બે પંથો - કૅથલિક ને મુક્તિફોજ. શિયાસુન્ની જેવા બે જબરદસ્ત ફાંટા. બંને વચ્ચે સતત તનાવપૂર્ણ વાતાવરણ રહે. એકબીજાને હંફાવવાની ને તોડી પાડવાની જ પ્રવૃત્તિ ચાલે. એટલે જે પક્ષમાં હોઇએ એમની સાથે જ આત્મીયતા બંધાય. લગ્નસંબંધો પણ એક જ પંથ સાથે રહ્યા એટલે અમે બે સાથે હરીએ ફરીએ એ બીજા પક્ષને ખૂંચે પણ આના કારણે તો પાછું અમારામાં વધારે બળ રેડાય. એ લોકોને બતાવી આપવા બમણા જોરથી કામ કરીએ. આમાં માનવતાલક્ષી અભિકોણનો તો અંશ પણ જોવા ના મળે. એકવાર સામા પક્ષની મંડળીમાં મારા મોટાભાઇની વાંસળી ભૂપત નામનો છોકરો લઇ ગયેલો ને એમાં વગાડવા મંડયો. જેઠાભાઇએ સૂતાં સૂતાં એ સાંભળી ને ઉઠીને જઇને પેલાના હાથમાંથી ચાલુ વાંસળી ખૂંચવી લીધી. આ બધી પ્રવૃત્તિઓના અમે સાક્ષી બનીને જોતા રહીએ ને એમાં ભાગીદાર પણ થઇએ. એ લોકો ગરબામાં અમારા ગરબા બાજુ માઇક રાખે ત્યારે અમે પણ એની સામેજ ભૂંગળું રાખીએ. આવા લડાઇટંટામાં અમારી દોસ્તી વધારે ગાઢ થઇ.

'મિત્રો' હોઇએ તો એકબીજાના કામમાં આવીએ. અમારા ગાડામાં ડાંગરના પૂળા ભરાતા હોય તો એ નાખવા લાગે એટલે સુધી તો સંબંધ વિકસેલો નહિ. આ તો માત્ર મનોરંજનના મિત્રો. મનને બહેલાવવા સિવાય બીજો કોઇ હેતુ હતો નહિ. પણ સાથે હરીએ ફરીએ એથી એકબીજા પર હક્કદાવો થાય? એ હક્ક અજમાવવા એક્વખત હું ગયો ત્યારે સમજ પડી કે દોસ્તીનાં મૂળ ઊંડા નહોતાં.

અપેક્ષાઓ માણસને હેરાન કરે છે. આમેય કાચાસૂતરના તાંતણાની મૈત્રી ને તેમાં એના લગ્નના ભણકારા વાગવા માંડયા. એટલે વિખૂટા પડવાનું નિમિત્ત. આપણા પર પૂરુંલક્ષ્યેય ના આપે. છોકરી સદાય વિદાય થઇ જાય છે એમ મિત્ર પણ પત્નીની માયામાં ફસાઇ જાય છે ને છીનવાઇ જાય છે. નાતાલ જેવો મહાઅવસર વર્ષમાં એક જ વાર આવે ત્યારે એ ભાઇ સાસરીમા ઉપડે. આગલા દાંડે કહે પણ નહિ

કે હું સાસરીમાં જવાનો છું. એટલે આપણે એકલદંડા જ. કોની સાથે આનંદ માણવાનો. અહીં કુદરતી આનંદ મૂકીને ત્યાં શું દાટયું હશે? લગ્ન બે પતિ પત્નીનો યોગ હશે પણ મિત્ર સાથે તો વિયોગ જ જાણવો.

એના લગ્નનાં નગારાં વાગ્યાં એટલે મારી નસોમાં પણ વેગથી ઉત્સાહનું વારિ દોડવા લાગ્યું. ત્યારની જાનમાં જવાનો અબળખો રહેતો. તેમાંય આ તો મિત્રની જાન. ને પાછો જીવનમાં પહેલવહેલો પ્રસંગ હતો. એની મા તથા ડેવીડ લગ્ન અંગેની વાતોમાં પડયાં હતાં. હું પણ બાજુના ઓટલા પર બેઠો હતો. વાતો કરતાં કરતાં તારીખ નક્કી કરવાની વાત આવી. એ તારીખો આઘીપાછી કરતાં હતાં ને એક તારીખ પર કાંટો જઇને ઉભો રહ્યો. ને એ તારીખ પર મ્હોર વાગી ગઇ. પણ એ તારીખે તો મારે એન.સી.સી.ના કોલેજ કેમ્પમાં જૂનાગઢ જવાનું ગોઠવાઇ ગયેલું હતું. હું તો મુંઝવણમાં પડયો. પણ એને ને આ લોકોને શું નિસ્બત હોય?

મેં કહ્યું, 'આ તારીખ બદલો તો.'

'હવે ના બદલાય. બધી રીતે આ તારીખ જ અનુકૂળ છે. કેમ તને અનુકૂળ નથી!'

'આ દિવસોમાં મારે જૂનાગઢ કેમ્પ છે.'

'પણ તારીખ તો નક્કી થઇ ગઇ. બીજી કોઇ તારીખ મેળમાં આવે એવી નથી?'

મને લાગ્યું કે એમના હાવભાવ પરથી તો લાગે છે કે તારીખ નહિ જ બદલે.

મારા હક્ક દાવાનું પાણી ઓસરવા લાગ્યું. મિત્ર તરીકેના દાવાનો ચૂરો થઇ ગયો. એક તાંતણા પર લટકી રહેલી મૈત્રી પર મેં વધુ પડતો અહેસાસ રાખ્યો એનું પરિણામ ધોબીપછાડમાં આવ્યું. મને ગળા સુધી ખાતરી કે આપણું ત્યાં કંઇક તો ચાલશે જ પણ સૂપડાથી જેમ અનાજ ઉપણી નાખવામાં આવે છે એમ મને પણ ઉપણી નાખ્યો.

મનમાં અંટસ પડી ગઇ, 'અલ્યા આટલું બધું તારી સાથે હરુફરૂ છું. સાથે ને સાથે કાર્યો કરીએ છીએ. તારા ઘરને મેં મારુંજ માન્યું છે. મારા ઘરને તું પણ તારુંમાને છે. જ્યાં ને ત્યાં વાડ ને વેલાની જેમ સાથે રહીએ છીએ. તારો ભાર સાયકલ પર વહન કર્યો છે. કદી તને પડી મેલીને કયાંય એકલો ગયો નથી. તારા વગર મારુંસવાર ઉગતું નહોતું ને તું આટલી તારીખ પણ બદલી ના શકે? એક આટલું તો રાખ્ય મિત્રતાની સાબિતિરૂપે. શું ખાટુંમોળું થઇ જવાનું હતું. તું તો જાણે મને ઓળખતો જ ના હોય એવું કરે છે. લગ્નની વસ્તુઓ લાવવી કરવી, આટાં-ફેરાં વગેરેમાં તારે મને સાથે ના રાખવો જોઇએ? પછી મૈત્રી શાની? પણ તમે તો બધાં જાણે મને ઓળખતાં જ ના હોય એમ કશામાં પૂછતાં જ નથી. અરે, તને તો મારી કૉલેજના ક્લાસમાં મારી જોડે બેસાડયો છે. એ શાને માટે ખબર છે? એક કોલેજ યવતી પર હું મોહિત થયેલો, એ તને બતાવવા લઇ ગયેલો. એ દરજ્જો મેં તને જ આપેલો. એ એકપક્ષી પ્રેમસરવાણી મેં તારી આગળ વ્યક્ત કરેલી. આટલો અંધવિશ્વાસ મેં તારી પર રાખેલો. એ વિશ્વાસનું મૂલ્ય તેં આ રીતે વાળી આપ્યું.?'

ભારે હ્રદયે હું જૂનાગઢની અજાણી ભૂમિ તરફ જવા ગાડીમાં મુસાફરી કરી રહ્યો હતો. કશું ગમતું

નહોતું. વિચારો આવ્યા કરતા. 'મારા વગર જ જાન જશે ને? મને લોકો નહિ જૂએ એટલે દેખાવના કાંકરા ટપોટપ ખરી પડવાના.'

ત્યારપછી એ ઘર મારા માટે અજાણ્યું થઇ ગયું.

પંદર દિવસ પછી એન.સી.સી.ની તાલીમ લઇને ઘેર આવ્યો, થોડા દિવસ તો એના ઘેર પણ ના ગયો, એ તો મારા ઘેર આવે જ નહિ, પત્નીવાળો થઇ ગયો હતોને? એને પોતાનું માણસ મળી ગયું હતું. દરિયોને નદી આપસમાં મળી ગયાં પછી આસપાસનાં ઝાડવાંની શી ક્મિંત?

પણ મનમાં ઊંડે ઊંડે એની વહુ કેવી હશે, એ જીજ્ઞાશા તો સળવળતી જ હતી. એ વય જ એવી હતી કે સ્વમાનની ઊંચી અટારીઓમાં રાચવાનું બહુ ટકે નહિ. ક્યાં સુધી વટ રાખવો? એ ભલે મારી ખબરના કાઢે પણ હું આવ્યો છું એની જાણ તો કરું આખરે તો મન એનામાં જ રહેલું. તે ના ઇચ્છતા છતાં પગ એના તરફ ઉપડયા.

કશું જ નથી બન્યું એમ એના ઘરમાં ગયો. ખુશી પણ વ્યકત કરી. એણે પણ કશું એવું ભારે નથી બની ગયું. એમ ધારી આવકાર આપ્યો, 'આય' ક્હી બોલાવ્યો. આટલી સહેલાઇથી વ્યક્તિત્વ ઓગાળી શકાતું હોત તો? મેં મારુંવ્યક્તિત્વ, સ્વમાન સંપૂર્ણ ઓગાળી નાખ્યું હતું. તે એક તેની મિત્રતાનું ઝરણું સૂકાઇ ના જાય તેથી, એણે તો મારા ઘેર આવવાની જરૂર જ નહોતી. મારે ગરજ હોય તો તેના ઘેર જવું જોઇએ. મેં મિત્રતા ફરીને સાંધી. ભલે એણે લગ્ન મ્હાલવાનો અવસર ના આપ્યો, એ બધાં કરતાં તેની વહુને જોવાની ઉત્સુક્તા વધારે હતી. એણે બોલાવી, મારી ઓળખાણ આપી. સરળ ગ્રામ્ય નારીને જોઇને મેં પણ આનંદ વ્યકત કર્યો. મિત્ર સમજીને એણે લાજ કાઢવાની ના ક્હેલી. હું એનાથી નાનો છું એમ ધીરેથી ક્હ્યું પણ હોય. મને સ્ત્રીઓ સાથે વાતો કરવાની ફાવટ નહિ, એટલે ખાલી જગ્યા એણે જ પૂરી દીધી.

એ એને નામ દઇને બોલાવતો. આટલો આધૂનિક ને સૂધરેલો ક્યારનો થઇ ગયો? એણે તો એનું પિયરનું નામ બદલીને સરલા રાખ્યું. સરલા ભલીભોળી ગ્રામ્ય નારિ. પાતળા બાંધાની, પહેરવેશ પણ સાદો તો પણ તેમાં તે શોભતી. પણ આ ડેવીડભાઇ મૂળ રંગીલા 'નવરંગ' ફિલ્મમાં હિરો પત્નીને જાતજાતની નૃત્યની અદાઓમાં ક્લ્પે છે. ફૂલોથી ગૂંથેલી ફૂંકણીથી નૃત્યની અદાઓમાં ચૂલો ફૂંકે છે. અનાજ ઉપણે તે પણ નૃત્યમાં તેમ ડેવીડભાઇ પણ આ નવી વહુને તેવીજ અદાઓમાં ક્લ્પવા લાગેલો. આવા વરણાગિયાપણાથી તદ્દન અજાણ સરલા તો બિચારી સામાન્ય ગૃહ્નારી હતી તેથી દૂધમાં સાકરની જેમ એનામાં ભળી ગઇ.

પણ ઇશ્વરને એમનું સ્વર્ગીય સંસારી જીવન રુચ્યું નહિ હોય. આટલો મીઠો ને મધૂર સંસાર પણ એણે છીનવી લીધો. એણે પુરુંલગ્નસુખ માણ્યું નહિ હોય ને વિધિએ એને ઉપાડી લીધી. એના શોક્માં એ ગ્રસ્ત થઇ ગયો. એની તસ્વીર દિવાલ પર લાગી ગઇ. તસ્વીરને એ જીવની જેમ સાચવતો. પણ એનું જીવન એકલવાયુ ને અકારુંથઇ ગયું જ્યારે જઉં ત્યારે એની સાથેની મધુર પળોને યાદ કરીને દુ:ખી થતો. એ તસ્વીર એણે આજલગી ટીંગાડી રાખી છે.

## પ્રકરણ - ૪

અમારા સંબંધોમાં આમ લીલીસૂકી ઘણી આવી પણ ઓટ આવવા દીધી નથી. એણેય જીવન સાથે બહુ મથામણ કરી છે. પણ હાર્યો નથી. ખેતમજૂરી પર એને પ્રથમથી જ ચીડ. હું રજાઓમાં ડાંગર કે તમાકુ રોપવા જતો પણ એ કદી આ કામને અડતો પણ નહિ. ઘણી વખત તો આવારાની જેમ રખડયો પણ છે. એના મા રૂથ એને ઘણીવાર બોલતાં પણ આ પણ એની માને ગમે એમ બોલી નાખતો. રૂથ નાજુક બાંધાનાં ને રૂપાળાં પણ હતાં પણ તમાકુની ખળીમાં જતાં. કોઇ કહી ન શકે આવાં ઉજળિયાત દેખાતાં બેન વળી ખળીમાં જતાં હશે? વાને ગોરાં, ને વૈધવ્યને પ્રકટ કરતી સફેદ સાડીમાં તે વધારે શોભતાં. પણ ખળીનું આકરુંકામ કરીને તેમણે ઘર ચલાવ્યું છે. કામ કરવા બાબતે બંને વચ્ચે ઘણી ચકમક ઝરતી. ડેવીડની હાઇસ્કૂલની ફી બાબતે પણ ઝઘડો થતો. પાંચ રૂપિયા ફી પણ તે ભરવા અશક્ત હતાં તેથી તે (ડેવીડ) આઠમું પણ પૂરુંકરી શક્યો નહિ. તેમના પતિ ડાહ્યાભાઇ એમની પહેલાં સિધાવી ગયેલા. એ તો સાવ અલગારી ને ધાર્મિક પ્રકૃત્તિના. જીવન સાથે સંઘર્ષ કરતાં કે કોઇ કામ કરતાં મેં જોયા નથી. અત્યારે એ યાદ આવે ત્યારે જાણે હાથમાં બાઇબલ વાંચતા જ યાદ આવે. કુટુંબનો ભાર તો આ વિધવામાતા પર જ આવી પડેલો. ડેવીડથી નાના અંતોનને પણ ભણાવવાની જવાબદારી તેમને શિર હતી. એક મોટી દિકરી સાસરે હતી. ડેવીડભાઇ તો ખીલેથી છૂટેલા વાછડાની જેમ ફરતા. માતા મરિયમ જેવાં મા સાથે પણ એને ટકરાવ થતો. આમ તો માને માનવાચક શબ્દથી નવાજે પણ કોઇ દાંડે 'સંભળાવે' પણ ખરો. એટલે અમને બધાને તો હસવું જ આવી જતું કે લ્યા તું એમને આમ 'લ્યો કે લાવો' કહે છે ને ગાળો બોલે એ કેવું? ત્યારે એ ખડખડાઈને હસતો. એ કહે,'તું આને ના ઓળખ. એને મારા કરતાં અંતોન બહુ વ્હાલો છે. હું તો એને ગમતો જ નથી.' ત્યારે રૂથ મારી સામે તીરછી નજરે જોઈ કહેતા હોય જોયો આ તારો ભાઈબંધ?

પણ એ મા પણ એક દિવસ પ્રભુને પ્યારાં થઇ ગયાં. એટલે આને પણ હવે ઢેકો નમાવ્યા સિવાય છૂટકો નહોતો. આ ગામમાં ખેતરની હાથમજૂરી પછી ખળી જ તારણહાર હતી. ખેતરનું તો એને ફાવેલું જ નહિ. એના ભાગ્યમાં ખળી જ લખેલી. આઠમાંથી ઉઠી ગયેલો એટલે નોકરી તો નસીબમાં નહિ પણ પોષણ તો કરવું જ પડે. ને આમ તો હજારો કામદારો આ ખળી પર નભતાં હતાં. તમાકૂ પર સમૂળગો પ્રતિબંધ લાદવામાં આવે તો ગામડાની જીવાદોરીરૂપ આ ખળીઓને જ તાળાં વાગી જાય ને હજારો મજૂરો રોજીરોટી વગરના થઇ જાય.

પણ જીવનને એકબાજુથી ઉજળુ રાખનાર આ ખળીમાં કામદારોનું શોષણ પણ થતું. ચારેબાજુથી ઉડતા છેરાંટામાં ને અસહ્ય ગરમીમાં સતત આઠ નવ કલાક કામ કરવું પડે. સ્હેજ પણ મજૂરને ઉભો રહેતાં કે વાત કરતાં જૂએ તો પણ મુકરદમ રાડો પાડે. કોઇ બેન બહાર વાડે જવા કે છીંકણી સૂંઘવા બહાર નીકળે તોય તેમની વૉચ રહે. રાત્રે મોડા સુધી લાઇટો ચાલુ થાય ત્યાં સુધી કામમાં રોકે. ત્યારે દિવસનો સવા રૂપિયો ઉભો થાય.

ડેવીડ આમ નરમ બાંધાનો. પણ આ બધો અન્યાય એનાથી વેઠાય નહિ. તેથી માલિકો એના પર ખફા રહેતા. ઘણીવાર તો શેઠ કે મુકરદમ સાથે જીભાજોડી થાય તો એને છૂટો પણ કરી દે. એ લોકો પાસે છૂટા કરવા સિવાય બીજું કશું સાધન હોય નહિ. પણ એ એક સાધનથી કામદારને નોંધારો કરી શકે, કામદારો બિચારા આ ધંધા સિવાય બીજે જાય પણ ક્યાં? તમાકૂ કે ડાંગર રોપવાનું કે નીંદવાનું

તો અમુક સિઝન પૂરતું જ ચાલે. જ્યારે આ તો કાયમની રોજિ. એટલે લાચાર થઇને શેઠ કે મુકરદમના બખાળા સાંભળી લેવા પડે. સ્વમાન તો દરેકને હોય પણ સ્વમાન જાળવવા જતાં રોટી જ ગુમાવવી પડે. ખળીના માલિકોને મન તો આ લોકોને તો સ્વમાન શું ને માન શું? એટલે ડેવીડ ગમે એટલું મજૂરોનું ખેંચે પણ એકલો શું કરી શકે? સામે કાળો મીંઢ પહાડ હોય એની સામે મૂઠ્ઠીભર હાડકાનો માનવી કેવીરીતે બાથ ભીડી શકે?

આ ફરતા વિસ્તારમાં આ ગામ તમાકૂ ને લિંબુનું પિયર ગણાતું. રોકડિયા પાક ને સારુવળતર આપે. પણ તમાકૂ લોકો માટે વધારે આશીર્વાદરૂપ કેમકે એમાં મજૂરીકામ વધારે મળી રહે. આ તમાકૂ રોપવાથી માંડીને કાપીને ખળીમાં ચળાવા જાય ત્યાં સુધીની પ્રક્રિયા આ ખ્રિસ્તી સમાજ (મૂળે વણકર સમાજ) જ કરતો. રોપણી તો એમની જ વખણાય. એમના હાથનો છોડવો પડે એ જાય નહિ કોઇ દિવસ ગરબામાં જેમ મોટી વયના પણ ફરે એમ રોપવા માટે પણ છોકરાંથી માંડી મોટા પણ જાય. બબ્બે ત્રણ ત્રણ ચાહ (ચાસ) થાળીમાં લઇને છોડ રોપતા રોપતા સામી વાડે નીકળી જવાનું.

છોડ મોટા થાય એટલે કિશોરવયનાને મૂછનો દોરો ફૂટે એમ છોડને પિલા ફૂટે. નાનો હોય ત્યાં સુધી તો કૂતરીનાં નાનાં નાનાં કોમળ ગલૂડિયા જેવા લાગે. પણ સ્હેજ મોટા થાય એટલે દાઢીની જેમ એને ટૂંપી નાખવાના. બીજા કે ત્રીજા અઠવાડિયે ફરી પાછી દાઢી ઉગે એમ મોં કાઢે, એટલે ફરી દાઢિયાં કરી કઢાવી નાખવાના. ટાઢ પણ સારી એવી પડતી હોય ને બગલમાં ‘પિલિયા’ ઘાલી દાઢિયાં નીકળી પડે. ઠેર ઠેર જ્યાં જૂઓ ત્યાં લીલી લીલી તમાકૂનાં ખેતર જોવા મળે. ખેતરવાળાને પણ તમાકુ ન્યાલ કરી દે ને મજૂરોને પણ રોજિ મળી રહે. બપોરે ખેતરધણીના ત્યાંથી પટલાણીના હાથના ઘડેલા રોટલા આવે, અંદર શાક ને ‘અવેઝીયું’ પણ હોય. ભૂખે ભાતની જ રાહ જોઇ રહ્યાં હોય તે બધા ખેતરના શેઢા પર બેસી આનંદથી ખાવા બેસે.

આ પિલા કાઢવામાંય કરામત જોઇએ. છોડના ઉપરના ભાગેથી આંગળીઓ પિલા કાઢતી કાઢતી, રમતી રમતી છેક છોડની નીચેના ભાગ સુધી જાય ને પિલા ટપોટપ જીવડાં ખરી પડે એમ નીચે પડે. ‘પિલિયાં’ ઘરેથી થેલીમાં આણ્યાં હોય તે પહેરી લે, ડોશીઓ કે જુવાન વહુઓ પણ પિલાના કસથી રસબસ થયેલ ‘બુશર્ટ કે લેંઘો’ પહેરે જેથી હાથેપગે કસ લાગે નહિ.

તમાકૂ પાકે એટલે કાપવાની ઋતુ ચાલે. ત્યારે હોળી આવવાની તૈયારી થઇ રહી હોય. દેશી તમાકૂ તૈયાર થાય ત્યારે દિવાળી આવવાની શરૂ થાય. આપણે અહીં વાત ચાલે છે કલકત્તી તમાકુની. કાપ્યા પછી એને ખાલી ખેતરોમાં સૂકવે. પછી એના પડા બાંધીને કે ભૂકો કરીને તમાકુના વેપારીને ભાવ નક્કી કરીને વેચે. પણ એમાં પણ જ્ઞાતિ કે ઓળખાણ પ્રમાણે ભાવ નક્કી થાય. કોઇ વગવારો પટેલ હોય એને ઉંચો ભાવ બાંધી આપે તો દલિત સમાજનો હોય તો એનું મોટું પડીકું (તમાકુનું) બાંધીને લઇ લે. પછી બેચાર દા’ડા પછી ભાવ પડે. પછી ક્હે, ‘અલ્યા હાવ ફીકી તમાકુ છે આ તો. લઇ જા. કોઇ બીજી જગ્યાએ આપી દે જે. અહીં તો આટલા જ મળશે’ તોય દલિતજન રાજિ થઇને એમને જ આપે. એમની આ ભલીવાણી જોઈને કારણ બીજો કોઇ રસ્તો જ નથી એને માટે. એટલે ગરજાળુ ખેડૂત વત્તાઓછા ભાવે પણ ત્યાં આપવા મજબૂર થાય આ સમાજની આવી માવજત પછી પણ આ જ સમાજના હાથે આ તમાકુના ‘વકલ’ પડે. ખળીમાં તમાકૂનો બીજો તબક્કો શરૂ થાય.

ખળીમાં પ્રવેશો એટલે મિલમાં પ્રવેશો એવું નહિ. ચારેબાજુ તમાકુની ધૂંસ ઉડતી હોય ને તમાકુની

ટીપાટીપ ને ધીબાધીબ ચાલતી હોય. કદી ખળીમાં પ્રવેશેલો ના હોય એને તો પેસતાં જ ખોં ખોં શરૂ થઇ જાય. ઉંચા ઉંચા તમાકુના ઢગ ખડકાયા હોય, મજૂરો જુદા જ લેબાસમાં કામ કરતા હોય માથે ને નાક પર કટકા બાંધેલા હોય. કોઇ ચાયણામાં તમાકુ ચાળતું હોય. સ્ત્રીઓનું વૃંદ તાલબદ્ધ તમાકુને ટીપતું હોય. કોઇ ઉપરથી લટકાવેલા કોથળામાં ઉતરી તમાકુ પગથી ગદડતા હોય, મુકરદમ એકબાજુ ઉભો કરડાકીઓ કરતો હોય, થાય કે આવા ચારેબાજૂ ઉડતા દળ (દડ) વચ્ચે આ લોકો કેવી રીતે ટકી શક્તાં હશે? ઘણીવખત રાતપાલીઓ પણ તેઓ ચલાવે છે. આ બધી ધૂંસ શ્વાસ વાટે ફેફસામાં જાય છે. ને જીવનના આધાર ફેફસાનું આયુષ્ય પણ ઘટતું જાય છે. ડેવીડ જીવનભર તમાકુ સાથે રહ્યો હતો તેનું તો આ પરિણામ નહિ હોય? શક્ય છે. એકે ખળીનો માલિક અત્યારે કંઇ એની જાંચ તપાસ કરવા ફરક્વાનો નથી.

ઘણી વખત ડેવીડને મળવા ચાલુકામે ખળીમાં હું જતો. એક્વાર ગયેલો તો એ ઓળખાય પણ નહિ એવો રજોટાઇ ગયેલો. માથે મોઢે નમાઝ પઢવા બાંધે છે એવો કટકો બાંધેલો. એકલી આંખો જ તરતી દેખાય.

એક્વાર સમાચાર મળ્યા કે કોક ગામમાં એ કામ શોધવા ગયો છે. કેટલાય દિવસથી એનો ભેટો પણ ગામમાં થતો નહોતો. આ સમાચાર જાણીને મને બહુ દુ:ખ થયું. કુટુંબ સાથે જતો રહેલો. ‘અલ્યા અહીં કામની શી ખોટ હતી તે તારે ત્રાહિત ગામમાં જવું પડે છે.’ મનને બહુ સંતાપ થયો. એ કઇ ભોમકામાં વીચર્યો હશે એ ખોળી કાઢીને ત્યાં જવાની ઇચ્છા થઇ આવી. જાણવા મળ્યું કે એ મહેળાવ ગયો છે. ત્યાંના શેઠને આનું કામ ગમ્યું હશે, ત્યાં જઇ એણે ઉચક કામ રાખ્યું ને ત્યાંના કોન્ટ્રાક્ટરને પણ એણે બતાવી આપ્યું. પેલો કોન્ટ્રાક્ટર કહે, ‘તમે આટલા જ માણસો છો ને આટલી બધી તમાકૂ અઠવાડિયામાં શી રીતે ચળાવી શકો છો?’

ડેવીડને પાછુ ગામનુંય અભિમાન. તે તમાકૂમાં તો પારંગત થઇ ગયેલો. ધાવેડુ ડ્રાઇવર જેમ કોઇ પણ કાર કે ટ્રક પર બેસે ને ગાડીને એની દાસ બનાવી દે એમ આવો સૂકલકડી માણસ પણ તમાકૂ એની લાડિલી થઇ જાય. એણે પેલા કોન્ટ્રાકટર ને માલિક બંનેને બતાવી આપ્યું. બાબર બાદશાહે દસ હજાર સૌનિકોની સામે પોતાના હજાર જ પાવરધા સૈનિકોથી જીત મેળવી હતી એમ ડેવીડે પોતાના થોડાક જ માણસો દ્વારા ખળીનો આખો માલ તૈયાર કરી આપ્યો. ખળીમાલિક પણ એના પર ખુશ થઇ ગયા ને ઇનામ આપ્યું.

અહીં એને સારુવળતર અને મોભો પણ મળ્યો. એ શેઠ પછી તો એને છોડવા જ માગતા ન હોતા.

પણ મને એના વગરનું ગામ સૂનું સૂનું લાગતું હતું. જાણે કોઇ સ્વજન પરદેશ જતો રહ્યો હોય. મહોલ્લામાંથી જાણે પ્રાણ જ હરાઇ ગયો હતો. જીવનનો એ જાણ્યેઅજાણ્યે અવિભાજ્ય અંગ જ થઇ ગયો હતો. ને એકાએક અહીંથી ગૂમ થાય એ આઘાતજનક જ કહેવાય. સાત સાત ખળીઓનું પિયર છોડીને એ પરાયા ગામમાં કામ શોધવા નીકળી પડે એ ગામ માટેય લાંછન જ કહેવાયને? પોતાનું ગામ એનું પોષણ ન કરી શક્યું એમજ ને?

પણ જીવનનું સુકાન ચલાવવા માટે આવાં આકરાં ચઢાણ ચડવાં પડતાં હતાં. એના સૂક્ષ્મમનની તો શી ખબર પડે? મહોલ્લાના માણસોને મન તો એની કોઇ અસર પડેલી નહિ, એમને માટે આ કોઇ ‘બનાવ’ નહોતો. પણ સમાજનું એક અંગ આમ વિખુટું પડે ત્યારે દુ:ખ કેમ ના થાય. થવું જ જોઇએ.

## પ્રકરણ-૫

એનું ઘર મને પોતિકું જ લાગતું ને અત્યારે એ પોતે પણ ભલે વયસ્ક થઇ ગયો હોય પણ તે વખતે જેવો હતો એવો જ અત્યારે પણ લાગે છે. અત્યારના સમય સાથે અનુસંધાન કરતો એ ભૂતકાળ પણ અબઘડીનો વર્તમાન હોય જાણે. એ યાદો એક ભરપુર જીવન હતું. રસથી તરબોળ હતું. એ પાછુ બોલાવ્યે આવે એમ નહોતું. ઉલ્ટુ પૃથ્વીની ગતિ સાથે તો તે દૂર ને દૂર થતું જાય છે. માત્ર સંસ્મરણોમાં એને જીવતું કરી શકાય. માનવીને ભૂતકાળ ન હોત, તેનો અતીત જ ના હોત તો એ હાડમાંસ વગરનું પૂતળું જ હોત. અતીત તો આત્મા છે. ડેવીડ સાથેના ભૂતકાળનો એ તબક્કો યુવાનોની આશા આંકાંક્ષાઓ તરંગોનો હતો. કંઇક કરી નાખીએ. કંઇક નવીન કરી બતાવીએની ઉત્કટ ભાવનાથી જીવન વહેતું હતું. તેમાં પડકાર કે સામનો કરવાનો આવે તો પણ આસાન વાત હતી. સમાજનો સથવારો મળે કે ના મળે, લોકો લેખામાં લે કે ના લે. કદર કરે કે ના કરે એની અમોને ચિંતા નહોતી. જાણે અમે બેજ આ સમાજના ધરોહર હોઇએ એમ વર્તતા હતા. ત્યારે આ ગામ પંથકમાં જાણીતું હતું. તે અમારા અદમ્ય ઉત્સાહને લઇને. (ગામ કહેતાં મહોલ્લો સમજવો)

ધાર્મિક રીતે 'મંડળી' પણ પ્રખ્યાત. તેને સોળે કળાએ ખીલવનાર ને સંગીતકલાથી મઢનાર કુદરતદત્ત કલાથી અભિષિક્ત જેઠાભાઇ હતા. સંગીતવાદ્યો હારમોનિયમ, વાંસળી, જંતરી (પોતે બનાવેલી) વગાડતા. સ્વરચિત ગીતો પણ સૂરીલા કંઠે ગવડાવતા. સૂર તાલનું તેમને સંપૂર્ણ ભાન. બાઇબલમાંથી વિષયો શોધીને નાટકો બનાવી ભજવતા. એ ગાળામાં આ મંડળીની ખ્યાતિ હતી. બીજા ગામોવાળા પણ આ મંડળીને ગાવા બજવવા આમંત્રણ આપતા. જેઠાભાઇ હારમોનિયમ પર આંગળીઓ ફેરવતાં ફેરવતાં ગીત ગવડાવે, બબુ નરઘાં પકડે, બીજા કાંશીજોડાં. બાકીના ગાયન ઝીલે. મંડળીમાં એકરાગ હતો, સંપ હતો, કુટુંબભાવના હતી, અમે એનો ભરપૂર આનંદ લૂંટતા.

પણ આ એક પાસુ હતું. બીજું સામાજિક પાસુ અમે છોકરાઓએ સંભાળ્યું હતું. ડેવીડ, પાઉલ, નરસી, નાગર, હરજીવન ને  બીજા પણ ઘણા છોકરાઓ હતા. રસિક, પાઉલ, રણછોડ, દાઉદપૂનમ અમે જે આયોજન કરીએ એમાં બધા દિલ રેડીને સાથ આપતા. 'દિન પલટયો પલટી ઘડી' નાટક આખા ગામમાં વખણાયેલું. ગરબા, રાસ, ગભાણ, નાતાલ ઉજાણવી, તોરણો, વક્તૃત્વસ્પર્ધા, વેષભૂષા - ગરબામાં હું બાવો બનીને કમંડળ લઇને હલેકનિરંજન કરતો પ્રવેશ્યો કે બૈરાંઓએ નાસભાગ કરી મૂકેલી - મહોલ્લાના પ્રાણરૂપ ગાબ્રિયેલ માસ્તર મહોલ્લાની કલગી સમાન હતા.

આ બધું થયું પણ પછી લગ્નના યજ્ઞમાં હોમાતા ગયા એમ પ્રવૃત્તિમાં મંદતા આવી ગઇ. નિરંકુશ ને નિર્બંધપણે હરતા ફરતા હતા તેમાં ઓટ આવી ગઇ.

અત્યારે તો એની નવી પત્ની એના જીવનની સહચરી બની ગઇ છે. એ પણ એના જીવનમા ન આવી હોત તો તેનું હોડકું હાલકડોલક થઇ ગયું હોત. જીવન પણ નિરૂદેશ બની ગયુ હોત. પત્ની ગામડાગામની પણ ચારિત્ર્યશીલ. તેની આ પતિસુશ્રુષા જોઇને આનંદ થાય છે. ડેવીડની આર્થિક કે શારિરીક સંપત્તિ થોડી ટાંચી પણ ઘણા બધા અભાવોમાં પણ કદી એનું મોં ચઢેલું દેખાયું નહિ,  પણ આનું નસીબ સીધું કે એને આવું શીલવંતુ પાત્ર મળ્યું.

એને જોઇને ભૂતકાળ યાદ આવે છે. કેવીરીતે આવી સુંદર સ્ત્રી એને મળી હશે. કોણે મધ્યસ્થી કરી હશે, પ્રથમ તો આવા બીજવર સાથે આવી સ્ત્રી વરે પણ ખરી? આવા એકલકાઠીના માણસને એણે

પસંદ કઇ રીતે કર્યો હશે? પણ ડેવીડ ત્યારે તો તરવરિયો ને રંગીલો યુવાન હતો. એ ઘણીબધી છોકરીઓને મોહપાશમાં બાંધતોય ખરો. એની વાતો પણ અલગારી-સાંભળનારને મઝા આવે. એણે તો એક વખત એમ કહેલું, 'હું કોઇ પણ છોકરીને ધારું તો એક મહિનામાં મારી કરી દઉં.' અમને બધાને એની આ શેખી બદલ હસવું પણ આવતું. અમને થતું કે શું કહેતો હશે આ બધી એમ રસ્તામાં પડી હશે તારી સારુ તું ધાર એટલે તારી જ થઇ જાય. પણ અમોને ગમ્મત પડતી. એને બોલવા દેવામાં વાંધો શું હતો? પણ તે વખતે કોઇ મર્યાદા કે આડ નડતું નહોતું. નિરંકુશ ને નિ:સંકોચ તે વીહરતો ને એને એવી ખોટી શરમ પણ નહોતી. એ ગમે તે ઉપર ગાળિયો નાખી શકે. છાનગપતિયાં, છેડછાડ કરી શકે પણ એ હિંમત મારામાં નહિ. હું શાંત પ્રકૃતિનો ને એ મુક્ત સહચારપ્રકૃતિનો.

આ પત્ની પણ એવા મુક્ત સહચારનું જ પરિણામ હતી. વચ્ચે કોઇ મધ્યસ્થી નહિ કે કોઇની ભલામણ નહિ. એક જાનમાં ગયેલો એ. તે વખતે જાન સાંજના જાય ને રાત્રિ રોકાય. એટલે જૂવાનિયાઓને તો મનગમતું મેદાન મળી જાય એમની ઉત્કંઠ નજરો ફળિયામાં લીલો ચારો ચરવા નીકળી જાય. નાની સાંકડી, વાંકીચૂંકી ભૂલભૂલામણી જેવા ફળિયાના એકે એક રસ્તા જોઇ વળે ને જ્યાં મધ હોય ત્યાં ઠરે. ને એક જગ્યાએ દેવચકલીની જેમ ફરાફર કરતી ચણિયા બુશર્ટમાં જૂવાન છોકરી આની નજરે ચઢી. ને આંખોમાં વસી ગઇ. પક્ષી પાડવું હોય તો આને જ. છૂટા કાળા શીશમવાળમાં એ ખૂબ શોભતી હતી. બીજા હરીફોને મહાત કરીને એણે જ દાણા નાખવા શરૂ કરી દીધા. મધની આસપાસ માખો બણબણે એમ એણે અહીં અડીંગા જમાવ્યા. એના વૃદ્ધ બાપે ખાટલો ઢાળી આપ્યો ને મહેમાનની જેમ એની સરભરા પણ કરી. ચા પીવડાવી. ત્યાં સુધી ડેવીડે ખાસ્સી એવી માહિતી પણ લઇ લીધી. એના બાપના શબ્દોમાં: 'આ છોકરીનું અમણાં જ મેં'લામણું કર્યું, તારથી એંય જ છ.'

ડેવીડને તો સૂવાનુંય આ ઘેર જ મળ્યું. રવેશીમાં જ ખાટલો મળી ગયો. એકબાજૂ વ્યવહારની બેઠક ચાલે ને ડેવીડભાઇ સોનેરી સપનામાં રાચે. સુંદર મનોહર પંખી સપનામાં આવી ગેલ કરી જાય એમ પેલી મનોહર આકૃતિ મનમાં રમવા લાગી. બીજા જૂવાનિયા તો આમથી તેમ જ્યાં પથારી કે ખાટલો મળ્યાં ત્યાં ઠુંઠવાઇને આડા પડયા. ઉંઘવાનો પ્રયત્ન કરતા હતા પણ આની તો ઉંઘ જ ગાયબ થઇ ગઇ હતી. આખી રાત ચણિયાબુશર્ટવાળી ધોળી છોકરી જ નજર આગળ રમતી રહી.

એ મનમાં અનનવા નુસખા ઘડતો રહ્યો. આ સદાબહાર પંખીને કેમનું પાડવું! કવિ કાલિદાસ હોત તો શૈયામાંથી ઉઠીને એના પર શ્લોકો રચી કાઢયા હોત. પણ આ કંઇ થોડો કાલિદાસ હતો! તેને તો ધનુર્વિદ્યાથી ઉડતું પંખી જ પાડવું હતુ. તેનું મન ફૂલની આગળ મધમાખિની જેમ ભમવા લાગ્યું. ક્યારે સવાર પડે ને એને ઝપટમાં લઉં.

શકુંતલાનો આશક દૂષ્યંત શિકાર કરતો કરતો આશ્રમમાં પ્રવેશી ગયો ત્યારે એને અહીં પ્રવેશવાનું બ્હાનું મળી ગયું. આશ્રમના નિર્દોષ પ્રાણીઓને જંગલના પશુઓથી રક્ષણ આપવા આશ્રમમાં પ્રવેશવું પડયું હતું. ને 'તમને' જોયાં. ડેવીડ એવું કંઇક બ્હાનું શોધતો રહ્યો. મનમાં મનમાં કેટલીયે યોજનાઓ સક્રાંત કરી. ક્યાંક પોતાનો હેતુ પ્રગટ થઇ જાય એની ભીતિ પણ રાખવાની હતી. બાઇબલમાં પણ લખ્યું છે કે 'શોધો તો જડશે.'

બાજૂની રવેશીમાં બેઠેલી વ્યવહારની બેઠક્માં કંઇક રકઝક થતી સાંભળી. તેના કાન સરવા થયા. જાનવાળા ને કન્યાપક્ષ વચ્ચે વ્યવહારની કંઇક ખેંચતાણ ચાલતી હતી. ને 'બસ્ય ભઇ હવ એક પૈસો

પણ નહિ અપાય.' એમ બોલી જાનવાળા તો ઉભા થઇ ગયા ને બહાર નીકળી ગયા.

આ તો ગામની આબરૂનો સવાલ હતો. એક થોડા વ્યવહારના પૈસા માટે જાનવાળા ઉભા થઇ જાય એ તો ગામનેય નીચું ઘાલવા જેવું થાય. એમને સમજાવવા બે-ત્રણ જણા ગયા પણ એય ત્યારે વટે ચઢેલા. આમને હવે મનાવે કોણ?

ડેવીડ ક્યારનોય આ તમાસો સાપની ફેણ માંડી જોઇ રહ્યો હતો. તેણે આગળ આવવાનું વિચાર્યું. આ કન્યાપક્ષવાળામા કોઇ હોંશિયાર દેખાયો નહિ. એટલે એણે પોતેજ જાનની આગેવાની લઇ આ કામ માથે લીધું. કન્યાના પિતાને કહ્યું, 'ગભરાશો નહિ, એ લોકો જઇ જઇને ક્યાં જવાના છે? એમને પાછા બોલાવી લાવવાની જવાબદારી મારી.'

કન્યાના પિતાએ આ જૂવાનમાં કંઇક કૌવત જોયું ને એ તો જોતા રહ્યા ને ડેવીડ ત્યાં ટોળું વળીને ઉભેલા જાનૈયાઓ આગળ જઇ કહે,

'અરે ભલા માણહ, આમ તેં કંઇ અંતરિયાળ જવાતું હશે? તમે તે કેવા મૂરખ છો? આણું લીધા વગર જશો? એક પાંચદસ ફદિયા માટે શું કામ આબરૂ ખોવો છો? લ્યો તમારી પાસે ના હોય તો હું ઉછીના આપું.' (એની પાસે તો ક્યાં પૈસો ય હતો)

પેલી પીગળ્યા. 'આ ભઇ કહે છ એ વાત તો હાચી, આટલા આલ્યા તો બે પાંચમાં શું મરી જવાના હતા?'

ને એ પછી રિસાયેલા ટોળાને એ માનભેર પાછું વાળી લાવ્યો. પછી અધૂરી રહેલી બેઠક પણ ચાલી ને સમુસૂતરે ઉતર્યું. આ તો અહીં હિરો બની ગયો.

ને પછી તો જે ઘેર સૂઇ રહ્યો હતો એ ઘરવાળાએ ઘરમાં બોલાવ્યો ને દૂધની તપાસ કરી, એમની ફૂલફટાક છોકરી જેના પર એ ફિદા થયો હતો એની પાસે ચા મૂકાવી. ડેવીડને તો રંગરંગના વાદળિયાં થઇ રહ્યાં. કુદરતે જ એને તક આપી. એણે પૂછપરછથી એ પણ જાણી લીધું કે એની સાથે આગલા ઘરનું એક છોકરુંમ્મણ છે. પણ આટલી સરસ છોકરી મળતી હોય તો વળી છોકરાના તે શા ભાર છે? છોકરીના બાપે તેને પૂરો 'બાયોડેટા' આપ્યો. ને આમેય તે બેઘર બની તે પછી કોઇ સારા મૂરતિયાની એ શોધમાં જ હતા. દિકરીની આ ઉછળતી જૂવાનીમાં ક્યાં સુધી ઘરમાં ઘાલી રાખવી. 'દિકરી તો સાપના ભારા બાપ'. તેમની નજરમાં આ છોકરો બરાબર બેસી ગયો. આવા વ્યવહારુછોકરાઓ જોઇએ, તો અડીઓપ્ટીએ નારમાંથી ગાડુ કાઢી લે. ને ડેવીડના પણ આની જોડે લેખ લખાયેલા હશે. વગર મૂરતે ને વગર ચોઘડીયે એને સામે ચાલીને લક્ષ્મી ચાંલ્લો કરવા આવી.

ડેવીડના જ ગામથી જાનમાં આવેલા ને સંબંધી પણ ખરા તે માધવગોકળ આવેલા. એમને ઘેર ચા પીવા બોલાવ્યા. માધવના મોંઢે હંમેશા ચૂંગી તો ચાલુ જ હોય. વાત કરતા જાય ને ચૂંગીમાં તમાકૂ સરખી કરતા જાય ને ધૂમાડામાં વાતોનો મસાલો પણ ઉમેરાતો જાય. એ અટકી અટકીને બોલતા પણ એમના નામનું મહોલ્લામાંય વજન પડતું. મહોલ્લામાં અમે કશું નવીન કામ કરતા હોય ને મહોલ્લોય હિલોળે ચઢયો હોય ને માધવગોકળ આમાંનું કશુંય જાણતા ના હોય તો આખીય પ્રવૃત્તિની પત્તર ખાંડી નાંખે. એ ને રેવાવીરા બેય જણા દેવળના ઓટલે બેસીને આખા મહોલ્લાની સર્વે કાઢે બેઠાબેઠા, એટલે

એમને પહેલેથી સંડોવ્યા વગર ચાલે નહિ ને આમેય ડેવીડ આવી બાબતથી બહુ ઘાવેડું, એટલે માધવગોકળને પ્રથમથી સાધી રાખે. પહેલો માધવગોકળનો સાથ મળી રહેતો પછી એનો બેડો પાર. એવા માધવગોકળને ઓસરીમાં ખાટલો ઢાળી તેમણે બેસાડયા ને ડેવીડકુમારની વિગતો પૂછી.

માધવગોકળ પણ ગોકળગાયની ગતિથી અટકી અટકીને ડેવીડનાં પરાક્રમોની વાત ક્હેવા માંડી 'ને ભઇ આમેય એ કામગરો ખરો પણ રસિયો જીવેય છ પાછો, તાલ આવ તો સટ્ટોય રમી નાખ.'

પણ બાપના મનમાં તો ઉલ્ટો એ વધારે વસી ગયો. આવા આંધળુકિયા કરનારા જ ફાવ. છોકરી કાંઇ ભૂખે તો નહિ જ મર!

તે એક સારો દા'ડો જોઇને ડેવીડને ત્યાં મહેમાન પધાર્યા, સગપણનું ક્હેણ લઇને. ને એની પેલી શેખી પર અમે હસતા તે તો આણે સાર્થક કરી બતાવી. દાણા નાખેલા ઉગી નીકળ્યા.

પણ પાછું વિઘ્ન આવીને ઉભુ રહ્યું. પ્રથમ કોળિયે જ ભરડ્ દઇને કાંકરી આવી ગઇ. કેમે કરી તૂટેલુ, ખપાટિયાં મારીને સરખુ કરેલું વહાણ પાછું હચમચવા લાગ્યું. સાથે આવેલા એક વડીલે જ ટેટો ફોડયો.

'ભઇ એક જગદુ (બાળક) આગલા ખોળાનું એની ક્ન અ છ એ એની મા જોડે આવશે એનઅ જરા હાચવી લેજો. ધાવતું છોકરુંછ તે કોના આશરૂઅ રે'?

ડેવીડની મા તો સાંભળીને ગર્જી ઉઠયાં.

'નહિ્ મારઅ કરવું. અમારઅ એ કોક્નો ભાર માથઅ વેંઢારવો નહિ.'

પેલાઓએ ઘણુંય સમજાવ્યાં પણ એ તો એક્નાં બે ના થયાં. પણ ડેવીડને તો આ હાથમાં આવેલું પતંગિયું ઉડી જતું દેખાયું. જો વચમાં નહિ પડું તો બાજી ઉંધી વળી જશે. એણે માને ખાનગીમાં વાત કરી.

'મા, આટલું નાનું છોકરૂ એની મા વગર એક્લું રહે ખરૂં? ને તું ય એક મા છું એટલે તને આ બિચારાની વધારે દયા આવે.'

'મા'માં માતુત્વ તો ઘણુંય હોય પણ સમાજમાં પાછું ઉંચા મોંએ ફરાય નહિ ને? તૈયાર છોકરું આણ્યુ, પારકા ઘરનું પાપ આમણે તો ઘરમાં આણ્યું.' ટીકાઓથી જ માના તો મોતિયા મરી જાય. એમણે તો ક્હી દીધું.

'તે તું તારન લાય, ન જુદો રે'જે, મારા ઘરમાં એ કોક્નું પાપ ના જોઇએ.'

'પણ તું સમજતી કેમ નથી? હું ય બીજ્વર થયો. તે વળતે દા'ડે મારી ઉંમર આ જ રહેવાની? પછી બીજી મને મળશે ક્યાંથી, બસ વાંઢો જ ફરવાનું મારે? ને આવી છોકરી મને બીજ્વરને મળેય ખરી?'

'હા તે પણ લાય ન? હું ક્યાં ના ક્હું છું. તમતમારઅ બે ય જણાં હોનાના મોર ઉડાડજો ન? મારઅ શું?'

'હારૂ એમ કરીએ મા. ધાવણ છોડી દે ને ખાતુ થાય ત્યાં સુધી અહીં છો રહેતું બિચારું પછી હું જ મૂકી આવીશ. ને હું કંય હુધી ડાંડ જેવો ફર્યા કરીશ, મારેય હથવારો તો જોઇએ ને? તેં સ્હેજેય મારી ચિંતા કરી છે કોઇ દાડે?'

'જેમ કર્ય એમ, પણ હું એન રાખવાની નહિ.'

ડેવીડને તો માએ આટલું પણ નમતું જોખ્યું તેથી આનંદ થયો.

ને ગામડાં ગામમાં અલ્લડ થઇ ફરતી શકુંતલા દુષ્યંતના દરબારમાં આવી પડી.

ગામમાં વાતોય થવા માંડી.

'અલ્યા આ તો આંગળિયાત લઇને આયો. તૈયાર માલ મલી જ્યો તનઅ તો.'

મશ્કરીઓ તો એણે ધોઇ પીધી પણ એની માનું વલણ તો એવું ને એવું અક્કડ જ રહ્યું. એમને રાજિ કરવા એણે થાય એટલા પ્રયત્ન કર્યા.

વહુ પણ સાસુમાને વશ કરવા માથે લાજ કાઢી તેમને પગે લાગી ને ચરણરજ માથે ચડાવી. પણ રૂથબેને પગ પાછો ખેંચી લીધો. વહુનું સ્વાભિમાન ઘવાયું. તેને તો આમાંથી એનું ભાવિ કળાયેલું લાગ્યું. હવે હું અહીં કેમના દિવસો કાઢીશ. તે હતાશ થઇ ગઇ. ડેવીડ પણ આ દૃશ્ય જોઇ ડઘાઇ ગયો. મા પર પીડ ચડી.

પણ તેણે ધીરજ ધરી. બારીની પાળી પર બંને બેઠાં. કબૂતરની નિર્દોર્ષ બેલડી એકબીજામાંથી પ્રેમ ને હૂંફ મેળવી રહી.

'સારુંક્કુ, સારી ચા બનાવ, મા તો ખુશ થઇ જશે. એનેય હવે કામમાં ય તારો મજબૂત ટેકો મળી રહેલો જોઇ આનંદવિભોર થઇ જશે.'

સ્ટવ પર તેણે ચા મૂકી. પહેલાં તો ચા, મોરસ ક્યાં હશે એય શોધવું પડયું. રૂથબેન તો રસોડામાંથી જ બહાર નીકળી ગયાં હતાં. ડેવીડે તેને બધી વસ્તુઓ બતાવી.

બકરીના તાજા દૂધની ચા ને તે પણ પ્રથમવારની, એક કપ ભરીને સાસુમાને આપવા બહાર નીકળી. માથા પર ઘૂંઘટની આડ ને આંખોમાં આશા ને તરવરાટ.

તેણે સાસુમા આગળ કપ ધર્યો. સાસુમા રવેશીની ઓટલી પર મોં ચડાવીને બેઠાં હતાં.

'લ્યો મા, કહી તેણે કોમળ હાથ લાંબો કર્યો. હાથ પર કાચનાં કંકણ શોભતાં હતાં ને હાથ પર ઝીણી સાડીનો પાલવ પથરાયો હતો. પણ માએ તો ઝાટકો મારીને ચા ઢોળી નાખી. કકુ હતપ્રભ બની ગઇ. તેની સોનેરી આશાઓ રોળાઇ ગઇ. ભાવિ અંધકારમય લાગ્યું. કોઇ શબ્દ એના મુખેથી બહાર પડયો નહિ.'

નીચે પડી ગયેલો કપ આસ્તેથી તેણે લઇ લીધો. તેના હાથ પણ દઝાયા હતા. ડેવીડને પણ મા પર સખત રોષ ચડયો. આ મા કેવી? એક નિર્દોષ બાળક પર આટલો બધો રોષ? કનૈયા જેવો કુંવર દાદીમાના હેતની સરવાણી ફૂટાડી ન શક્યો?

ડેવીડ ઘંટીનાં બે પડ વચ્ચે પિસાઇ રહ્યો. શું કરવું એની સમજણ પડતી નહોતી. આમને આમ ચાલશે તો કામધંધો પણ નહીં થાય. બાળક્નો આમાં શો વાંક હતો? હકીકતમાં તો એને જ આ સજા થતી હતી. પણ નહોતી એને કોઇ ભાષા કે અભિવ્યક્તિ. ઇશ્વરની પ્રતિકૃતિસમ માણસનું જ સ્વરૂપ એ હતો. મહાનતા તો ડેવીડની કે તેણે સૌંદર્ય પાછળ ઘેલા બનીને પણ આ પારકા લોહીને પોતાના

બાળકની જેમ ખોળે લીધો. તેણે તો ગર્ભધારણ કરેલી મરિયમનો યોસેફની જેમ સ્વીકાર કર્યો હતો પણ તેની મા પોતે પણ માનું સ્વરૂપ હતું પણ તેણે સ્વીકાર કર્યો નહિ.

મા-દિકરાની આ ખેંચતાણમાં આ બાળકની માતાના હૃદયની શી દશા થતી હશે? હજુ તો એણે જૂની સાસરીનાં પાણી પણ પૂરાં પચાવ્યાં નથી ને આ નવી સાસરીમાં સાસુનાં કઠોર વર્તન એના કૂમળા માનસને આંચકો આપી રહ્યું. આ છોકરૂં આવા ઉકળતા ચરૂમાં કેમનું ઉછરશે. મારૂને આ બચ્ચાનું શું થશે? આખું ભાવિ તેને અંધકારમય લાગ્યું. અહીં આવીને પોતે ભૂલ કરી હોય તેમ તેને લાગ્યું.

કકુ પણ આવા બરછટ વર્તનથી છેડાઈ હતી. એ આ શિયાળની બોડ માંથી ભાગી જઈ મુક્ત થવા ઈચ્છતી હતી, તેણે હૈયાનો ભારપણ ડેવીડ આગળ આંસુ દ્વારા વહેવડાવી ઠાલવ્યો. પણ ડેવીડ મક્કમ હતો. તેણે તેને વધુ મોહમાયામાં જકડી અણે કકુને આશા બંધાવી ત્યાં કંઈ વરસો સુધી જીવવાની નથી ને શા હારૂ ઉતાવરી પડી છું. તે કાલે શારૂ થઈ જશે ત્યારે થોડી ધીરજ ધરી લે!

માના આવા વર્તાવ હેઠળ પણ દિવસો ને મહિના વીતવા લાગ્યા ને ઘેર નવું પારણું બંધાવાના દિવસો આવ્યા. ને આ છોકરાના અંધકારમય ભાવિના ઓછાયા પાછા દેખાવા લાગ્યા. બાવળના કાંટાની જેમ પ્રશ્નો ફૂટતા હતા. શું એ પેલા નવા આવનાર બાળક જેટલું માનપાન પામશે? શું એ પેલા જેટલો અધિકાર ધરાવશે? તેના તરફ માતા અને પિતાની ઉદાસીનતા નહીં રહે? શું પેલા નવા જેટલું એનું લાલનપાલન કરી શકશે?

ને નવા બાળક્નું એ ઘરમાં અવતરણ થયું. ઘર સુગંધિત વાતાવરણથી મધમધી રહ્યું. દાદીમાનું શુષ્ક અંતર ફરીથી નવપલ્લિત થયું.

પણ ડેવીડ આવનાર ઘોર અંધકારથી બીતો હતો. ઇશ્વર એનું નાવ સમુસુતર છેક સુધી લઇ જશે? આ છોકરો અહીં પલશે તો એક તો એને પુત્ર તરીકેનો દરજ્જો મળશે નહિ. ઓરમાયું વર્તન અજાણતાથી પણ  થઇ જશે ને હું પોતે પણ એને મન સાવકો બાપ જ લાગીશ ને એનું ભાગ્ય પણ રૂંધાશે. ગમે એટલું લાડ લડાવું પણ કહેવાય તો આંગળિયાત જ ને! મોસાળમાં એ યથેચ્છ રીતે ઉછરી શકશે. જે માળાનું પંખી હોય ત્યાં જ એ કલરવ કરે. આંગળિયાત કરતાં ભાણિયાનું મહત્વ વધારે છે. આ વિચારોથી તે ખુશ પણ થયો.

ને ડેવીડની ધારણા જેવું જ થયું. નવું પારણું બંધાતાં માતાનું ઓળઘોળ વહાલ તો નવા પર જ ઉતર્યું. માતાના હેતનો બીજો ભાગીદાર ઉભો થયો. એને પ્રેમથી મોંમાં કોળિયો મૂકનાર, છાતીસરસો ચાંપનાર. એને ભણાવીગણાવી મોટો 'બારિસ્ટર' બનાવવાની ખેવના રાખનાર ન રહ્યું.

છોકરો પાંચેક વર્ષનો થયો પણ દાદીમાનો વર્તાવ તો છોકરા તરફ ને વહુ તરફ એનો એ જ રહ્યો. પણ છતાં ડેવીડે તે નિભાવ્યે રાખ્યું.

ડેવીડે સસરાજીને બોલાવ્યા. આ વૃદ્ધ દાદાજીને પણ દિકરીનો સંસાર જોવાની તાલાવેલી હતી ને આ ખબર આવ્યા પછી એ પણ આવવા તૈયાર થઇ ગયા. એમના મનમાં તો પૌત્ર હસતો રમતો દેખાતો હતો. અત્યારે તો ચાલતો પણ થઇ ગયો હશે એવી કલ્પના કરતા મહોલ્લામાં પ્રવેશ્યા. ઘેર આવ્યા પણ પૌત્રની દશા જોઇ એ તો ખિન્ન થઇ ગયા. કોઇ ઓરમાયું છોકરૂંહોય એવી એની દશા તેમણે જોઇ બહુ

દુ:ખી થયા ને ભોગેજોગે છોકરો પડી ગયેલો તે ઢીંચણે વાગ્યું હતું ને લોહી નીકળેલું જોયું. ડોસા દ્રવિત થઇ ગયા. આ છોકરાની કોઇ દરકારે ય કરતું નથી. તેમણે છોકરાને ઉંચકી લીધો ને વહાલથી નવડાવી દીધો ને એને લઇને એ તો ચાલ્યા, ચા પણ પીવા ના રોકાયા.

'વેવઇ, વેવઇ બેહો તો ખરા, એકદમ તે આમ જવાતું હશે!'

પણ એ તો 'આવજો' કહેવાય ઉભા ન રહ્યા. ને વડોદરા મોટા પુત્રને ત્યાં એને મૂકી આવ્યા. ત્યાં એ સારી રીતે ભણે તો ખરો. પણ ત્યાંય એનું દુર્ભાગ્ય સામે જ હતું એની સારસંભાળ તો એકબાજુ રહી પણ પૂરુંભોજન પણ મળે નહિ. એટલા નાના બાળક પાસે પણ ઘરનું કામકાજ કરાવતાં.

દાદાને એની આ હાલતની ખબર પડતાં તેને પોતાની પાસે લઇ આવ્યા. ને સ્કૂલમાં દાખલ કર્યો પણ ત્યાં પણ તેની બદહાલત સુધરવાને બદલે વધારે બગડી. માના વાત્સલ્ય અને કાળજી વગર એનું ધ્યાન કોણ રાખી શકે? માતૃવાત્સ્યલ્યથી વંચિત આ છોકરો વંઠેલ થઇ ગયો. નિશાળે એને તૈયાર કરીને મોકલનાર પણ કોણ? અહીંય કામ કર્યા વગર તો છૂટકો નહોતો. આખો દિવસ નાયાધોયા વગર ફર્યા કરે.

દાદા રોષમાં ને રોષમાં ડેવીડના ઘરેથી એને લઇ ગયા પણ ડેવીડને ઘણો પસ્તાવો થયો. મેં એને અનાથ સમજ્યો, પરાયો ગણ્યો, એની કાળજી લીધી નહિ. મોસાળમાં પણ એ બગડી જ જવાનો. એને એ વારંવાર યાદ કરી રહ્યો. આમ જ જો લાંબો સમય એ દૂર રહેશે તો મને પણ ઓળખશે નહિ ને બાપ-દિકરા વચ્ચે દિવાલ સર્જાશે. એ મને પણ પારકો જ સમજવાનો. આમ તો એની મા પણ પુત્રના નિર્ગમનથી સિજાતી હતી. આ ફૂલકુસુમ શું બાળક ત્યાં કેવી રીતે ઉછરતું હશે? ત્યાં માબાપ વગર તો લાવારિસ જ બની જવાનો.

ડેવીડે એને ઘરે લાવી દેવાનું નક્કી કરી દીધું. એ જવા તૈયાર થયો.

ત્યાં જઇ જોયું તો તૂટેલા ખાટલામાં પડયો પડયો છોકરો ઊંઘતો હતો. એની હાલત જોઇ એનું હૃદય કંપી ઉઠયું. ગંદી ગોદડી ઓઢી હતી, તેની પર માખીઓ ઉડતી હતી. એના ચૂંથાયેલા ને ઝાંખરા જેવા વાળમાં તેલ કોણજાણે ક્યારે પડયું હશે. મોઢા પર સફેદ છારી ફરી બાઝેલી ને મોં પણ નાળિયેરની કાચલીની જેમ સૂકાઇ ગયેલું.

એણે ગોદડી હટાવી દીધી. માખીઓનું વૃંદ બણબણ કરતું ઉડયું. તેણે કહ્યું:

'ચાલ ઉઠ, તૈયાર થઇ જા.'

આળસ મરડતાં એ પોતાના પાળકપિતા સામે જોઇ રહ્યો. 'આ શું થઇ રહ્યું છે એના જીવન સાથે.' એવી એક લાગણી એની અવશ આંખોમાં અંજાઇ ગઇ હતી

ડેવીડે એના સસરાને પણ બરાબર દબડાવ્યા.

'આવી હાલત કરવા અહીં એને લઇ આવ્યા હતા! મજૂરિયો કરી દીધો તમે બધાએ.' પણ સસરાથી બોલાય એવું જ નહતું. એમણે પણ વિચાર્યું. 'છોકરુ એનાં માતાપિતાને ત્યાં રહે એજ સારું'

છોકરાને છોડતાં એમનો જીવ તો ચાલતો નહોતો. પણ ડેવીડ મક્કમ હતો. એણે પણ એના સસરાની અનુકૃતિ કરી.

ઘેર આવતાં જ તેણે 'મા' શબ્દ ઉચ્ચાર્યો. 'મા' શબ્દ સાંભળતાં જ કકુનું વાત્સલ્ય ઉભરાયું. એને વ્હાલથી નવડાવી દીધો. તેણે તાત્કાલિક પાશેર દૂધ મંગાવી ચા મૂકી. ચા સાથે રાતનો વધેલો રોટલો મૂક્યો. એ પૂરો કરી દીધો ને બોલ્યો,

'મા, મને ભૂખ લાગી છ, લાયન બીજો રોટલો નહિ?'

'લે હેંડ અમણાં બનાયી નાખું છું. ખાવાનો વખતેય થઇ ગયો છે.'

ડેવીડે કહ્યું: 'લોટ છે કે નહિ?'

'હં અ. થોડોક પડયો છ.'

'તારઅ બનાયી નાખને?'

એ દિવસે એ ક્ષુધાતુર મહેન્દ્રે ધરાઇને ખાધું. એને હવે કાયમી 'ઘર' મળી ગયું હતું. હવે એની વારેવારે બદલી નહિ થાય, એ અહીં જ ઠરીઠામ થઇ જશે.

ત્યારપછી તો બીજી બેબી પણ જન્મી. બંને બાળકો વચ્ચે આ ઓરમાન પૂત્ર પણ મોટો થતો ગયો. ગમે તેમ કરીને એને બારમા સુધી તો લઇ ગયો ડેવીડ પણ કામધંધા વગર પાંચ જણાનું પૂરુંકેમનું કરવાનું? કંઇક કામે તો એને વળગાડવો પડશે. ડેવીડે વિચાર્યું કે હવે એને આગળ તો ભણાવી શકીશ નહિ પણ લાઇનીંગ વર્ક શીખવાડી દઉં. એણે પોતે પણ હાઇવે પર લાઇનીંગની દુકાન ખોલી હતી. આમેય એને દરજી કામ તો આવડતું જ હતું પણ મહોલ્લામાં ધરાકી નીકળી નહિ, તેથી આ ધંધાનું આકર્ષણ થયું ને પ્રયોગશીલ પણ ખરો. નવા નવા અખતરા કરીને અધવચ્ચે છોડી દે. પણ આ ધંધામાં એને રોકડ મળતી હતી. મહેન્દ્રને એણે આ કામ પર ચડાવી દીધો. સ્કૂટરો, મોટરોના સીટકવરો બનાવવાનું કામ આમ ઘર આંગણે શું ખોટું!

પણ ડેવીડે જોયું કે આનો જીવ આમાં ચોંટતો નથી. એનું મન જાણે કોઇ બીજા લક્ષ્ય તરફ હોય એમ લાગતું હતું. સાંજે ઘેર આવે ત્યારે થાકીને લોથ થઇ જાય.

એણે જોયું તો એ દરરોજ બાઇબલ પાછળ વધારે સમય કાઢતો. બાઇબલમાં ઉંધુ ઘાલી રહે તે કેટલાય સમયે ઉંચુ જૂએ.

એવામાં કોકે એને બાઇબલ કૉલેજ વિષેની માહિતી આપી. એમાં એનું જીજ્ઞાસુ મન વધારે ઉત્તેજીત બન્યું. પેલાએ વધારે જાણકારી આપી. બાઇબલ કૉલેજ કરીને પછી પાસ્ટર પણ બની શકાય એટલે આને લાલચ વધારે લાગી.

સત્યપ્રકાશ નામની વ્યક્તિએ એક આગવી સંસ્થા ઉભી કરેલી. એમાં બાઇબલ ક્લાસ ચાલતા ને ઘણા બધા યુવાનો-યુવતિઓ એમાં હર્ષભેર જોડાતાં. કશીય પ્રવૃત્તિ ના મળે તો આવાં જવાબદારી વગરનાં ક્ષેત્રો શું ખોટાં? એટલે આ પણ ત્યાં ખેંચાયો. તેણે ડેવીડ આગળ હૈયાવરાળ કાઢી. પણ ડેવીડે તો એનો ઉઘડો જ લઇ નાખ્યો.

'આ ધર્મમાં છું એ જ બરાબર પાળને, એવા અજાણ્યા પંથમાં શું કરવા જવું છે?'

ડેવીડે એને આ રસ્તે જતાં રોક્વા ખૂબ પ્રયત્ન કર્યો. "અહીં આટલું કામ ચાલે છે ને આ છોકરાને એમાં જીવ લાગતો નથી ને આવા નવા નવા નુસખા એને સૂઝે છે."

એ વખતે એ એક સીટક્વરને ટાંકા મારતો હતો. વાત ચાલતી હતી ત્યારે અમારી સામુ અછડતું એ જોઇ લેતો હતો.

'ક્યો પેલા બાઇબલવાળાની વાત કરે છે!'

મને એમ હતું કે આવી ઉપેક્ષાભરી વાત કરીશ તો એ શરમાશે ને એણે લીધેલા રસ્તેથી પાછો પણ વળી જશે. પણ એટલા વાક્યથી જો અસર થઇ હોત તો ત્રાસવાદીઓને પણ એવી તો ઘણીબધી શિખામણો ને ઠપકા મળતા હશે પણ એ લોકો પાછા વળતા નથી તો આ છોકરો ક્યાંથી વળવાનો?

હું એ છોકરાને ઘણી વખત ક્હેતો પણ ખરો કે બાઇબલ સારી ચીજ છે પણ બે ટાઇમ ખાવાનું તો ના આપે, જાત-મહેનત કરીને રોટલો ખાવો એ માનવધર્મ છે. એ આપણને સારંજીવન જીવવાની પ્રેરણા આપે પણ ક્માવવું તો પડે જ. પણ તને ખોટું ના લાગે તો ક્હું કે આવા આળસુ, પરાવલંબી ને જાતરખ્ખા એવા હજારો માણસો બાઇબલના ધંધામાં પડયા છે.

પણ આ તો ખાલી બક્વાસ જ હતો એની આગળ. ત્રાસવાદીને અહિંસા સમજાવીએ એના જેવું.

સોનેરી આશાઓ બતાવતી એ સંસ્થામાં આમ કેટલાય ક્રુમળી વયના આશાવંત છોકરા-છોકરીઓનો ઘસારો થતો હતો. દેશને, સમાજને ઉપયોગી થનાર આમ બીન ઉત્પાદક્તામાં સરી પડે પછી દેશ પાસે સમાજ પાસે, રહેશે શું એ કોઇ સમજવા તૈયાર નથી. યુવાનો પાસે તો કોઇ દંષ્ટિ, સમજ કે ધ્યેય નથી એટલે પાણીના પ્રવાહ સાથે ઘસડાઇ જાય એમાં નવાઇ પણ શું? એ યુવાનો ધર્મપાલન કે મુલ્યો માટે જતા નહોતા. કંઇક લાલચ હતી, દેશપરદેશ જવા મળે, દાનધર્માદાની ઝોળી છલકાઇ જાય...

ડેવીડના માનસનું પણ હું નીરિક્ષણ કરતો હતો. પહેલાં તો મહેન્દ્રને આ બાઇબલ ના રસ્તે જતાં એ રોક્તો હતો પણ હવે કેમ ઢીલો પડી ગયો એ મને સમજાતું નહોતું કે પછી એ પણ આની ચાલમાં ફસાયો કે શું? એ પોતે તો કૅથલિક ધર્મનો ચૂસ્ત અનુયાયી હતો ને કૅથલિક વ્યક્તિ પોતાના કોઇ સભ્યને અન્ય પંથમાં પ્રાણના ભોગે પણ ના જવા દે. ને આ આમ કેમ એની આગળ લાચાર થઇ ગયો? આ બાબતનો એને કંઇ રંજ હોય એમ લાગતું નહોતું. એના ઉંડેરા મનમાં તો જાણે એની મૂક સંમતિ જ દેખાતી હતી. પહેલાં તો હૈયાવરાળ કાઢતો કે આ છોકરો સાવ નફ્કરો થઇ ગયો છે તો પછી એનું વર્તન સાવ બોદુ કેમ થઇ ગયું? ઉલ્ટુ તેના હોઠમાં તો સ્મિત રમતું હતું. આ પણ એક ન સમજાય એવી બાબત હતી.

આની પાછળ એનું તત્ત્વજ્ઞાન આજ હતું : - 'અત્યારે આપણા સમાજમાં વળી અમેરીકા જેવા ધનાઢય ને વૈભવશાળી દેશમાં જવાનું કોને સદ્ભાગ્ય મળે છે? ને વળી આનું જો આ દ્વારા પણ ભવિષ્ય ઉઘડી જાય તો ગરીબાઇમાં સબડતું મારુંઆખું કુટુંબ તરી જાય.'

તો વળી સાથે હું ય વિચારતો હતો તો વળી એવી આશા રાખવામાં વાંધોય શો હતો? કંઇ પાપ તો થતું નથી. આખી જીંદગી પર્યંત સિદ્ધાંતો ને ચૂસ્ત નિયમોની શૃંખલામાં જીવ્યા તો વળી આ ક્યાં એવો ધર્મચૂસ્ત સંન્યાસી થવા સર્જાયો છે ને દુનિયાને ઉદર્વતા તરફ લઇ જનારો છે તે એણે આર્થિક

વિટંબણાઓ વેઠયા કરવી! જો આ રીતે પણ એના ઘરનો ઉદ્ધાર થતો હોય તો જીંદગીભર વેઠેલા દુ:ખનો એકસામટો બદલો મળી જાય. અત્યારે આ ગામમાં મહેનતમજૂરી રહી નથી કે બીજુ કોઇ કમાવાનું સાધન પણ નથી. હાથપગ વીંઝીને આ સમાજ અધમૂઓ થઇ ગયો. પણ એનો હજુ દા’ડોવાર વળ્યો નથી. અત્યારે અનેક યુવાનો પોતાનું કિંમંતી જીવન વેડફી રહ્યા છે ત્યારે આ ગામમાં આવા આશાવંત યુવાનનું ભાગ્ય ઉઘડી જાય એથી બીજું રૂડું શું? પણ એ સંસ્થામાં જતો રહ્યો પણ તોય ડેવીડ એની ટીકા તો કરતો રહ્યો. ત્યારે એના મનનું ઉંડાણ તાગવાનું વસમું થઇ પડયું.

# પ્રકરણ - ૬

મહોલ્લામાં એક એવી છાપ પડી હતી કે મેથોડીસ્ટ ચર્ચમાં તો અમેરીકા જવાનુંય મળે છે. તો આપણમાં (કેથલિકોમાં) તો એવી કોઇ તક જ નહિને? ત્યારે અમારી તદ્દન કોરેકોરી ને મુગ્ધ કિશોરવયમાં એ છાપ અંકિત થઇ ગઇ હતી. આપણામાં તો ફક્ત ફાધરોને જવાનું મળે. તો પછી એમાં જવું શું ખોટું? એ ય ખ્રિસ્તીપંથ જ છે ને? ને એમાં તો લોકોય કેવા સાહેબો જેવા ફરે છે ને માલદાર પણ છે ને આપણે તો અહીં ટાંટિયા જ ઘસવાના ને? પટેલોની ગુલામી, એ લોકો ગમે એમ બોલી જાય, અપમાનજનક શબ્દો કહી જાય, ધોલઝાપટ પણ કરી જાય ને તોય એમની ગુલામી! એમનું મંદિર જોવાની ઇચ્છા થઇ આવે તો અંદર પેસવા ના દે. ગમે એટલા કોલર ઉંચા રાખીએ પણ એમની નજરમાં તો માણસ જ નહિ ને એવા એ મેથોડીસ્ટો કેવા ઉજળા થઇને ફરે છે? અરે, એ લોકો મિશનવાળાને હોકીઓ લઇને મારવા જતા તો માર ખાઇને જ પાછા આવતા. 'મિશન'ના આમેય વંઠી ગયેલા, ખિસ્સામાં રામપૂરી લઇને જ ફરે. કોઇ એમનું નામ જ ન લઇ શકે. એને લીધે આ મહોલ્લામાં પણ એમની દાદાગીરી વધી જતી. (પટેલોની) અનામત રમખાણ વખતે અમને ઓછા રંજાડયા છે?

ડેવીડ આકાશના તારા સામુ જોઇ વિચારમાં પડી ગયો હતો. નાનો ભાઇ અંતોન, એણે મેથોડીસ્ટમાં લગ્ન કર્યું ને અત્યારે 'સાહેબ' થઇ ગયો છે. ને અમને તો લેખામાંય લેતો નથી. સગાભાઇ સાથે વ્યવહાર રાખે નહિ એ કહે કે તમે જૂનવાણી છો. પછાત છો. પણ સમાજના રીતરિવાજો પાળીએ એટલે પછાત થઇ ગયા? પણ એમ કરતાં યે એને કોઇની સાડાબારી તો નથી રહીને? અત્યારે એના ઘરમાં સ્કૂટર, રેડિયો, પંખો બધું જ છે ને અહીં મારે ચંપલની પટ્ટીઓ સંધાવવાની ય જોગવાઇ નથી. સંડાસ જવું હોય તોય કેટલી અગવડ? બૈરાંને પણ બહાર ખુલ્લામાં જવું પડે છે.

એટલે એટલું તો સારુંછે કે આ છોકરો એ પંથમાં ગયો તે. એ પંથેય મેથોડીસ્ટનો મસિયાયભાઇ જ છે ને? પેલો પૅસિફિક તો આ એટલેન્ટીક. બંને આખરમાં તો દરિયા જ ને? એ બધાને અમેરીકા ક્નેકશન રહેવાનું જ. એણે અહીં શું સુખ દીઠું છે? ઘણું તાણ્યું તોષ્યું ખાધુ. ભૂખે ટંકો કાઢી એને પૂરુ ખાવાનું જ બાપડાને મળતું નહોતું એટલે અડધો ભૂખ્યો રહેતો, પણ એના ગયા પછી આ ઘરની ધવા વરશે. આ લોકોને દેશપરદેશના આંટા તો રહેવાના જ. અહીં આપણે બસના પૈસા બચાવવા ચાલતાં જઇએ ત્યારે એ હવે વિમાનમાં ઉડશે, અરે અહી આ છાપરા ઉપર થઇને જ એ વિમાન ઘરઘરાટ કરતું જવાનું.

'શાક બનાયું નહિ, ચાલશે ને એક્લી ખીચડીથી?' ઘંટીમાં અનાજ થઇ રહે ને જે ઘોઘરો અવાજ આવે એવો પત્નીનો અવાજ સંભળાયો.

ડેવીડની સમાધિમાં ભંગ પડયો. કેવાં મીઠાં મધૂરાં સપનામાં રમતો હતો.

'હાંભરો છો? કહું છું એક્લી ખીચડી ચાલશે ન?'

'તને અત્યારે ખીચડીની લાંય લાગી છે. તને ખબર પડે છે કશાની? ધરણ વેળાએ હાય કાઢ છ તે.'

'પણ શું થયું, શું બનાવવું એય ના પૂછું! તમારઅ તો ખાટલામાં પડી રહેવું છ ન અમારઅ બધી દવધ્યા. બોલો હેંડો કશુંય શાક નહિ ઘરમાં.'

'તું હાવ ડોબુ રહી. તનઅ કશી મોં માથાનીય હમજણ પડે છે?'

'મનઅ તો નહિ પડતી પણ તમનઅ તો પડછન!'

'મને પડે છે એટલે તો કંઉ છું તારો છોકરો આ બાઇબલમાં ગયો છે ને એ હવે વિમાનમાં ઉડશે સાંભળ્યું તે?'

'તે એનઅ તમે કંઇ હખઅ રે'વા દીધો છ? આખો દા'ડો એનઅ જંપીનઅ રે'વા દીધો નહિ. એ તો હારુંથયું તે ગયો નહિતો તમારો તાપેય ના વેઠાત'

ડેવીડને થયું કે આનું મેં ક્યાં નામ દીધું! વેતા વગરની, કશી ગતાગમ તો પડે નહિ. એને તો એમ જ છે કે અહીંથી ગયો, એટલે બસ પણ ત્યાં જઇને શું ઉકાળે છે એની પડી નથી. આને ઉછેરવામાંય મેં ધ્યાન આપ્યું ના હોત તો અત્યારે સાવ જંગલી થઇ ગયો હોત.

'વર્જિનિયા, આમ આવ. (કકુનું વર્જિનિયા નામ કરી દીધું હતું) તને કશો વેતો નહિ ને એટલે સમજાવવું પડે છે. આ તારા જણ્યાને રખડતો કરી મેલ્યો હોત તો ય તારાથી ના ના પડાત. પણ આ તો રહેમથી એને આપણે અહીં ઉછેરીને મોટો કર્યો ને માણસની હારમાં આણ્યો, નહિ તો સાવ ઉછાંછરૂ છોકરૂ થઇ ગયું હોત.'

'હારૂ હેંડો પાર મેલો. પેયણઅ મારઅ ખિછડીનું આંધણ ઉકરી જાય છ.'

ડેવીડે એનો હાથ ખેંચીને ખાટલા પર બેસાડી. વર્જિનિયા ખેંચાઇ પણ ખરી - ડેવીડે તેને ચણિયાબુશર્ટમાં પહેલીવાર જોયેલી તે ઉછાંછળી છોકરી એની નજર સમક્ષ ખડી થઇ. તેને એકદમ પાસે બેસાડી ને એ પોતેય સૂતેલો હતો તે બેઠો થઇ ગયો. 'બેસને હવે અહીં, 'કહી એને અડીને એ પણ બેઠો. વર્જિનિયા પણ મરક મરક હસી રહી.'

'અવ આ બધાં જોવ છ ન તમનઅ લાજેય આવતી નહિ, ખહો છોડી દ્યો હાથ.'

'જો સાંભળ કકુ, આ છોકરો હવે દેશપરદેશમાં ભગવાન ઇસુનો સંદેશ ફેલાવવા વિમાનોમાં ધૂમશે ને તને તો કશી ફિકર જ નથી, ગોઠશે તો આપણનેય વિમાનમાં બેસવાનું મળશે.'

'હવ બેહોન છાનામાના, કોઇ દા'ડો ચગડોલમાંય બેહાડી નહિ નઅ પાછા વેમાનના ઓરતા. છાનામાના એક રૂપિયો લાવો તે ડુંગરી લેતી આવું.'

'તું તે મા છે કે કોણ છું. તારો હગો છોકરો ઘડીના છઠ્ઠા ભાગમાં ક્યાં જઇ પહોંચ્યો એની કંઇ હૂઝ પડે છે કે પછી ડુંગરીની પડી છે?આમને આમ તમે લોકો પછાત રહી ગયાં.'

'ઓવ, તમન જ બધી હમજણ ભગવાનઅ આલી છ ન! અમનઅ તો જે દેખાય એ કહીએ. અમનઅ તમારા જેવી શેખચલ્લીની વાતુ ના આવડઅ.'

'આય હારી મ્હેણાં માર્યા વગરની ના રહી.' બબડયો.

'હારૂ જો જરા શાંતિથી હાંભર્ય. કાલે આપણે એના 'ચર્ચમાં' જવું છે. તે તારો છોકરો કેવું ધર્મનું કામ કરે છે એ જોવું છે.'

'આ બધા કરછ એમ ભક્તિ કરતો હશે બીજું શું કરવાનો?'

'એ તો ત્યાં જઇને જોજે ને?'

સવારે ચા પીને બંને જવા તૈયાર થઇ ગયાં. એણે પેન્ટમાં શર્ટ ઇન કર્યું. માથામાં કાંસકો ફેરવ્યો ને વર્જિનિયાને કહ્યું, 'જરા હારી સાડી પહેરજે.'

'કોઇ દાડો લીયાલી છ હારી હાડી તે હારી પહેરૂં?'

ડેવીડનેય ચીડ ચડી. જાણે કાનખજૂરો ચડી ગયો. ધીમું બબડયો ય ખરો. આણે તો અહીંથી જ આબરૂ લેવા માંડી. જે બે ત્રણ સાડીઓ ઘરમાં હોય એમાંથી સારી હોય એ પહેરવાનું કહ્યું એમાં તો છણકો કરીને ઉભી રહી.

ડેવીડને તો છોકરો ધર્મના અંચળામાં કેવો લાગતો હશે ને કેવીક પ્રાર્થનાઓ પણ કરાવતો હશે એ જોવાની તાલાવેલી વધારે હતી. અહીં સ્હેજેય હાડકુ નહિ હલાવનારો ત્યાં વળી શું ઉકાળતો હશે?

બંનેએ ચાલતાં જ રસ્તો પકડયો. વાતો કરતાં કરતાં તો નડિયાદ આવી ગયું. ને ત્યાંથી સત્યપ્રકાશ સંસ્થાએ આવી પહોંચ્યો. પગથિયાં ગણતાં ગણતાં ઉપર હૉલમાં પ્રવેશ્યો.

હૉલ પણ વિશાળ હતો. ચારે બાજુ અવનવા કાચથી મઢેલી બારીઓ, પંખા આગળ મોટો મંચ.

હૉલમાં જૂવાનલોહી ઉભરાયું હતું. આગળ મંચ પર એમની ટીમ સફેદ પોષાકમાં શિસ્તબદ્ધ ઉભી હતી. જાણે રાષ્ટ્રીય ગીત ગાતા હોય! બધાના હાથમાં કંઇને કંઇ વાજિંત્ર હતું. એ સૌ કોઇ નવા ઉત્સાહમાં જણાતા હતા. કોઇના હાથમાં ગિટાર હતી. કોઇ ઢોલકી લઇને ઉભેલ, કોઇ પાસે તાલ હતાં ને પશ્ચિમ ઢબનું સંગીત વાગતું હતું.

આ યુગલે એક જગ્યાએ સ્થાન લીધું. વર્જિનિયા ચારે બાજૂની ઉંચી ઉંચી દિવાલો, બારીબારણાં, ઉપર ચાલતા પંખા, વગેરે જોઇને આભી બની ગઇ હતી. આવો સુંદર ને ભવ્ય મહાલય તો કદી જોયો પણ નહોતો, એમાં એને સાધિકાર બેસવાનું મળ્યું! તે મનોમન ખુશી વ્યક્ત કરતી હતી. ડેવીડ એક એક વસ્તુ બનાવતો હતો પણ એની નજર તો પૂત્રશોધમાં વધારે જડાઇ. પોતાનો વ્હાલસોયો આટલા બધા મહેરામણમાં ક્યાં હશે!

ઝીણા મધૂર સ્વરોમાં એકાદ જાડો સૂર સંગીતની ભવ્યતામાં વધારો કરતો હતો. સંગીત જામવા માંડયું હતું. એક સરખા લાગતા છોકરાઓ વાજિંત્રો સાથે તાલબદ્ધ ઝૂમતા હતા ને એ સાથે સામે બેઠેલા ભક્તજનો પણ જાણે ઇસુ સમાધિમાં લીન થઇ જઇ ઝૂમતા હતા. કોઇ કોઇની સામે પણ જોતું નહોતું, જાણે સ્થળ, કાળ જ ભૂલી બેઠા હતા.

'ઓરખ્યો તેં ભૂપેન્દ્રને આમાં?'

'કંઇ છ?' ઉંચી ડોક કરી તેની આંખો તેને શોધી રહી.

'પેલો' આંગળી બતાવી, 'શું એકબાજુ નાડ વાંકી કરીને સિતારની સાથે એક પગ ઉંચો કરે છે ને ડોલે છે એ.'

વર્જિનિયા પોતાના બાળકને આવા મોટા જલસામાં આગળ પડતો ભાગ લેતો જોઇને હર્ષ પામી. એક્વારનો ઝાંખરા જેવા વાળવાળો છોકરો હતો તે જ આ?

એટલામાં તો ડેવીડની જોડે બેઠેલો માણસ એટલી બધી ધૂનમાં આવી ગયેલો કે તે ધૂણતો ધૂણતો ડેવીડ પર જ પડયો. ડેવીડે કહ્યું.

'ભઇ જરા જૂઓ તો ખરા, મારી ઉપર પડો છો?'

સૌને ખાતરી થઇ ગઇ કે આનામાં ઇસુ ખરેખાત પ્રવેશ્યા છે.

આખી પબ્લિક હવે તો ધૂણવા જ લાગી હતી. એટલે આયોજકોને ખાતરી થઇ કે સૌમાં પવિત્ર આત્મા ઉતરી રહ્યો છે. જે ના ધૂણે એને હજુ પવિત્ર આત્મા સ્પર્શ્યો નથી એમ જ મનાય. આ જીજ્ઞાસુ પતિ-પત્ની તો આ તમાસો જોતાં જ બેઠાં હતાં. તેમને તો આ બધું શું ચાલી રહ્યું છે એ જ સમજાતું નહોતું. આ તો કૌતુક જ લાગતું હતું. આવી રીતે પ્રભુ ઇસુ બધામાં ઉતરતા હોત તો દેવળો બાંધવાનીય શી જરૂર?

બાજૂવાળાને તો આ બે જણાં નિર્વિકાર બેસી રહ્યાં હતાં એટલે પાપી જ લાગ્યાં.

પ્રાર્થના ને ગીતો પતી ગયા પછી એક જાહેરાત થઇ.

'જેમને કોઇ ધર્માદા આપવું હોય એ પોતાની આવકના દસ ટકા આપે.'

પોતાની તો આવક જ ક્યાં હતી, પછી દસ ટકા ક્યાંથી કાઢવાના? આવી જાહેરાતો તો તે પહેલીવાર સાંભળતો હતો. આ કેવું? ફરજિયાત દાન? દાન તો સ્વૈચ્છિક હોય. આ ધર્મ કેવો? જાણે કે પૈસો ભેગો કરવા જ આ મેળાવડા યોજતા હોય. ને વળી સંગીતમાં ધૂણવાથી ભગવાન પ્રસન્ન થતા હશે? ભગવાન તો ગરીબોમાં વસે છે.

ને પછી લેક્ચર શરૂ થયું.

....ને મૃત્યુ પાછળ લોકો રડે છે શું કરવા? આ તો મંગળ દિવસ કહેવાય કે પ્રભુના દ્વારમાં જવાનું મળ્યું એટલે આનંદ કરવો જોઇએ... હાલેલુયા...

ડેવીડના મગજમાં આ પણ ના ઉતર્યું. પોતાની મા કે બાપ ભાઇબેન, સગાંસ્નેહીઓ ગૂમાવવાનાં થાય એમની સાથે જીંદગી વીતાવી. સુખ દુ:ખ આનંદ માણ્યાં હોય ને એમની કાયમી વિદાયથી શોક ના થાય એવી તો જવલ્લેજ વ્યક્તિઓ હશે. જેના હૃદયમાં લાગણી ના હોય, હૃદયશૂન્ય હોય એને જ શોક ના થાય. સગોભાઇ કે દિકરો મૃત્યુ પામે તો ક્યો એવો હૃદયજડ માણસ હશે કે તેના મૃત્યુ પર બે આંસુ પણ ના પાડે! આ પંથ માનવસહજ લાગણીઓ પર પણ પ્રતિબંધ લાદવા માગે છે!

ડેવીડ આ યાંત્રિક ને દંભી વાતાવરણમાં અકળાઇ રહ્યો. નવયૌવનથી ઉભરાતા યુવાનોને ગેરમાર્ગે દોરવાની આ વાત છે. ને ધર્માદાય મારા જેવા મજૂરિયા ક્યાંથી આપવાના! એમનો તો અહીં ચાન્સ જ નહિ. એમની અહીં કિંમત જ નહી. આ તો માનવનું અપમાન જ છે.

'હંડ જઇએ.' એણે આ અદ્ભૂત વાતાવરણમાં ગૂમસૂમ ગુમાવી બેઠેલી વર્જિનિયાને જગાડી.

'જોઇ લીધો ને છોકરો? આવા બજારૂ ધર્મ કરતાં આપણે હજાર દરજ્જે સારા કે આવા ભપકા આપણે કરવા પડતા નથી. બાળ ઇસુ જો આવા ભપકાદાર વાતાવરણમાં જન્મ્યા હોત તો આપણા જેવા માટે આ ધર્મ પણ રહ્યો ના હોત.'

પણ આટલી ઉંડી ફિલોસોફી વર્જિનિયાના મગજમાં ઉતરે એવી ન હતી. એના મનની સ્થિતિ જૂદી હતી. તે તો આ પોતાના પૂત્ર માટે ગર્વ અનુભવતી હતી. ક્યાં ખેતરોમાં સીમશેઢે મજૂરી કરતાં હતાં ને ક્યાં આ સાહ્યબીમાં શોભતો પોતાનો પૂત્ર. આપણે ત્યાં ખાવાના સાંસા ને અહીં તો ઝાકઝમાળ. એને તો ડેવીડ ક્હેતો હતો એમ વિમાનમાં ઉડશે એ સાચું પડતું લાગતું હતું.

ને એક્વાર સમાચાર આવ્યા કે મહેન્દ્રને દવાખાનામાં દાખલ ર્ક્યો છે.

બંનેને ચિંતા થઇ. એકાએક એને શું થઇ ગયું? દવાખાને જઇને જોયું તો એની સાથે કોઇ નહોતું. ને એકલો જ ખાટલામાં પડી રહ્યો હતો. કોઇ એની દરકારેય લેનાર હતું નહિ.

ડેવીડને એ જ એની નિરાધારતા યાદ આવી ગઇ. આ છોકરાના નસીબમાં હજુ પણ એ જ કષ્ટતા છે. જે તેની આગળ વારંવાર આવે છે. એને આ માનવહીણી સંસ્થા પરેય ચીડ ચડી. આવી કેવી સંસ્થા. બસ માત્ર તેમના દ્વારા પૈસા જ એકત્ર કરવાના! ખ્રિસ્તીના નામ પર બટ્ટો જ આ તો. પોતાના સેવક્ને સારવાર પણ સારી રીતે અપાવી શક્તા નથી!

તેને વધુ ક્રોધ તો ત્યારે ચડયો કે એણે દવાખાનાના બીલની માગણી કરી આવી લેભાગુ સંસ્થાઓ તો બંધ જ કરાવવી જોઇએ. આમાં છોકરાઓનો ક્યો ઉદ્ધાર થવાનો? કેટલી મહેનતે છોકરાં પાળ્યાંપોસ્યાં હોય મોટાં ર્ક્યા હોય, ભણાવ્યાં હોય એનો આખરે તો આવામાં જ ઉપયોગ થવાનો?

ઘરે આવી તેણે પૈસાનો બંદોબસ્ત ર્ક્યો. ઉછીના પાછીના કરી દવાખાનાનું બીલ ભરી દીધું ને ઘેર આણ્યો.

પણ હવે ભૂપેન્દ્રને પણ ફરી એ સંસ્થામાં જવાનું દિલ થતું નહતું. તેનું મગજ કોઇ જૂદા જ પાટે ચાલવા માંડયું હતું.

## પ્રકરણ-૭

‘શું કરીશું વર્જિનિયા, આ છોકરો હવે ઉંમર-લાયક પણ થઇ ગયો છે એના સારું છોકરી શોધવી પડશેને?’

વર્જિનિયાને તો ઘરમાં વહુ આવે એ કલ્પના જ રોમાંચકારી હતી. તેનેય હવે જ ખ્યાલ આવ્યો કે એ પરણવા લાયક થયો છે. એને તો એમ જ કે, ‘હવે તો ગયો એટલે હવે પાછો થોડો આવવાનો છે? બસ એ તો પ્રભુ ભક્તિમાં લીન થઇ ગયો, ઇસુ ભગવાન એનું હારુંકર.’

ને એમણે છોકરીની શોધ શરુકરી. સગાંવ્હાલાં તથા મિત્રોને ક્હેતા રહેતા, ‘કોઇ સારી છોકરી ધ્યાનમાં હોય તો જોતા રે’જો!

મહેન્દ્રને ખબર પડી કે પપ્પા-મમ્મી મારે સારું છોકરીની શોધ કરી રહ્યા છે. અમદાવાદમાં જ્યાં એ ઉપદેશ માટે જતો હતો ત્યાં એક ઘેર તેને સારી ઓળખાણ થઇ હતી. એ ઘરમાં એક સુંદર છોકરી હતી. તેની સાથે એને પરિચય પણ પાંગર્યો હતો. તો છોકરીના બાપને પણ આ ઉપદેશક્ના રૂપમાં છોકરો મનમાં વસી ગયો હતો. દેખાવે પણ રૂપાળો ને બાઇબલ વિષે બોલવા ચડે તો જાણે ખુદ પવિત્ર આત્મા એના દ્વારા બોલતો હોય!

તેણે આ વાત સત્યપ્રકાશને કરી. પણ લગ્નની વાત સાંભળીને જ એ તો સાવધ થઇ ગયા. એના મનમાં તો એમ જ કે આ જાણી તે ખુશ ખુશ થઇ ઉઠશે. પણ એ તો ઉલ્ટા ચોંકી ઉઠયા. આને કોણે ક્હ્યું કે છોકરી શોધી કાઢજે. મારી પરવાનગી વગર કોઇ પણ યુવક પોતાની મેળે પોતાની પસંદગીની છોકરી સાથે લગ્ન કરી શકે જ નહિ ને આના મનમાં આ વાત ઉગી જ કેવી રીતે શકી? આ છોકરો અહીંનું લૂણ ખાય છે ને મનસ્વી રીતે વર્તે છે.

તેમણે મોઢા પર ઉશ્કેરાટ બતાવ્યા વગર ઑફિસમાં બોલાવ્યો. સામે બેસાડયો. સ્મિત રેલાવતાં તેમણે ક્હ્યું.

‘જો મહેન્દ્ર તું આ સંસ્થામાં સારામાં સારો છોકરો છે. જ્ઞાન, સંસ્કાર, વર્તણૂક બધી રીતે તું યોગ્ય છે. એટલે તારા માટે કોઇ એલફેલ છોકરી ના ચાલે. તમારે દંપતિ સાથે આપણા પ્રભુ ઇસુનો મહિમા વધારવાનો છે. અજાણી છોકરી જેને આપણે જાણતા પિછાણતા નથી એની સાથે દીર્ઘ સંબંધ શી રીતે બાંધી શકીએ. તારા માટે તો મેં સારામાં સારી યુવતિ પસંદ કરી રાખી છે.’

મહેન્દ્ર તો સ્તબ્ધ જ થઇ ગયો. કેવા શુભ સમાચાર લઇને આવ્યો હતો અને અહીં શું સાંભળવા મળે છે! આ સાહેબ હવે મારી પસંદગી પ્રમાણે લગ્ન નહિ જ કરવા દે. આ તો માનવ અધિકાર પર પણ તરાપ ક્હેવાય. તેણે ક્હ્યું,

‘પણ સાહેબ, એ કોઇ એલ ફેલ છોકરી નથી. એ પણ મારી જેમ આધ્યાત્મિક માર્ગે જ છે. એનેય બાઇબલ પ્રીતિ છે.’

‘એ બધું ખરું મહેન્દ્ર, પણ આ તો તાલીમ સંસ્થા છે, કોણ કોની સાથે એડજેસ્ટ થઇ શકે તે અમે બરાબર જાણીએ.’

સત્યપ્રકાશે મહેન્દ્રને વિચારોના ખાડામાં નાંખી દીધો હતો. શું કરવું? પેલો સંબંધ ફોક કરવો?

તેણે અમદાવાદ જઇ છોકરીને આ વાત કરી. એણે તો કહી દીધું, 'તમારી મરજી પર આધાર, તમને એ છોકરી પર પ્યાર હોય તો એની સાથે કરો. મેં ક્યાં તમને રોક્યા છે?'

'આ તો હું તને આ જાણ કરવા આવ્યો છું. મને તેઓ તેમના બંધનમાં નાખવા માગે છે એને તો મેં જોઇ પણ નથી.'

'તો પછી ના પાડતાં તમને શું થાય છે? તમે કંઇ એમના ગુલામ તો નથી?'

'મિના, હું તો તારા વગર બીજા કોઇ સાથે જોડાવા રાજિ નથી. તું શું કહે છે?'

'તારી મરજી વિરુદ્ધ હું પણ બીજા કોઇનો હાથ પકડવા તૈયાર નથી. જા કહી દે કે મને તમારી યોજના પસંદ નથી.'

મહેન્દ્રએ આવીને સત્યપ્રકાશને કહી દીધું.

'મને જે છોકરી પસંદ છે એની જોડે જ હું લગ્ન કરવાનો છું.'

સત્યપ્રકાશ આની પર ગુસ્સે થઇ ગયા. આ સંસ્થામાં આવા બીનઆજ્ઞાધારી છોકરા ના ચાલે. એ તો સંસ્થાનું જ ઉંધુ વાળે. એમના પર વિશ્વાસ જ ના રાખી શકાય. પણ તેમણે હજુ પણ જાણે મારી વાત માનશે જ એમ ધારી અલૌકિક રીતે તેને મનાવવાનો પ્રયત્ન કરવા માંડયો.

બીજા દિવસે બહાર લોબીમાં જ એને ઉભો રાખીને કહ્યું, 'મહેન્દ્ર, લગ્નજીવનનું તું બહું ઓછું મૂલ્ય ના આંકતો. આ બહુ ગંભીર બાબત છે. જીવનનો આ મહત્ત્વનો નિર્ણય છે એટલે તું એના પર બરાબર મનન કરીને નક્કી કર. જો મને આજે રાત્રે ઇશ્વરે સપનામાં આવી મને કહ્યું કે, 'તું આ મારા સેવકને એના નિર્ણયમાંથી પાછો આણ અને અહીં જે છોકરી તાલીમ પામેલી છે એની જોડે જ લગ્ન કરાવ.'

ને મેં પ્રભુને વચન આપ્યું કે હા, પ્રભુ એમ જ થશે. ને તથાસ્તુ કહીને અલોપ થઇ ગયા. મહાદિવ્ય દર્શન થયું હતું. હું તો પ્રભુને જોઇને જ ધન્ય બની ગયો. આવાં દર્શન કોઇ પાપાત્માને ન થાય.

મહેન્દ્રએ પણ એમના હાથની જ તાલીમ લીધી હતી. માછલાં પકડવાની જાળ તેમણે નાખી હતી તે મહેન્દ્રની ચકોર આંખો પામી ગઇ. તેણે પણ એ જ અલૌકિક સૂરમાં જવાબ આપ્યો.

'મને પણ રાતે એવું જ સપનું આવ્યું હતું. તેમણે તો મારા મસ્તક પર હાથ મૂક્યો ને આશીર્વાદ આપ્યો. મને અત્યારસુધીની તેમની ભક્તિનું જાણે અત્યારે જ ફળ મળી ગયું.'

સત્યપ્રકાશ મહેન્દ્ર વાક્ય પૂરુંકરે એ પહેલાં સમજી ગયા હતા કે શું કહેવાનો હતો. થઇ રહ્યું આ માછલુ હાથમાં આવે એવું નથી. પણ મહેન્દ્રએ વાત પૂરી જ કરી. 'પ્રભુએ કહ્યું કે તેં જે છોકરી પસંદ કરી છે એની સાથે વિવાહ કરીને સુખી થા બેટા.'

આ પાકા શેતાનના મિજાજનો સત્યપ્રકાશને ખ્યાલ આવી ગયો. તેમણે આખરી ફરમાન આપી દીધું.

'તો પછી તું ધાર્યું કરવા માગતો હોઉં તો અહીં નહી રહી શકે.'

આમ પણ મહેન્દ્રને આ સંસ્થા પરથી શ્રદ્ધા ડગી જ ગઇ હતી. તેણે બધી વાત ડેવીડ આગળ કરી ત્યારે ડેવીડને પણ આ મતલબી સંસ્થા પર તિરસ્કાર ઉપજ્યો. પહેલાં તેને જે અહોભાવ પ્રગટયો હતો એ ઉતરી ગયો, સાથે તેનાં હવાઇ સપનાનો પણ ભંગાર થઇ ગયો.

'સારૂ ચાલ, ચિંતા ના કરીશ. હું બેઠો છું ને? આપણે અહીં ક્યાં દેવાળું ફૂંક્યું છે તે ચિંતા છે. બધું થઇ રહેશે.'

વર્જિનિયા તો આ જાણીને જ મહાચિંતામાં ગરકાવ થઇ ગઇ. એને વિશેષ ચિંતા તો મહોલ્લામાં કેવી વાતો થશે એની હતી.

રાત્રે ખાતાં ખાતાં મહેન્દ્રએ નવી વાત કરી.

'પપ્પા, હું ને પેલો હર્ષદ આ સંસ્થામાંથી નીકળી જઇએ છીએ ને નવી સંસ્થા ઉભી કરવા માંગીએ છીએ.'

તેણે આ પાછો નવો ધડાકો કર્યો. અહીં શાંતિનું જીવન આને ગમતું જ નથી. હવે આ નવું કરશે તોય એનું એ જ ને? નવું વળી શું કરવાના હતા? લોકોનાં ખિસ્સાં હળવાં કરવાના, એ વગર તો આમનો ધંધો ચાલેય નહિને?

તેણે કહ્યું, 'પણ ભઇ, તું માને કે ન માને, પણ આ ધંધો જ મને પસંદ નથી. આ તો કમાણી કરવાનો કિમિયો છે. આમાં કોઇ ધર્મ નથી. કે માનવતાલક્ષી દ્દષ્ટિ પણ નથી. બિચારા નિર્દોષ યુવકોને ઉલ્લુ બનાવવાના ધંધા છે. એનાં કરતાં આપણે આ ઘરનો ધંધો તૈયાર છે એ શું ખોટો છે? એમાં શ્રમ છે. મહેનતનો રોટલો છે. કોઇની ઓશિયાળ નથી. આવી ભિક્ષુકવૃત્તિથી તો આપણું સ્વમાન પણ ના જળવાય. પ્રાર્થનાઓ કરીને પૈસા પડાવવા સિવાય આમાં છે શું?'

પણ વાઘ લોહી ચાખી જાય પછી એને ભક્ષ કર્યા વગર ચાલે નહિ. મહેન્દ્ર પણ આ સંસ્થાઓનું અંતરંગ પામી ગયો હતો. ડેવીડની મોંઘેરી વાત એના મગજમાં કેટલી ઉતરી એ તો એ જાણે. આ આંગળિયાત છોકરાનું ભાવિ એને ક્યાં લઇ જવાનું હશે એ તો ભગવાન એકલો જાણે. બાકી આનું અસ્તિત્વ જ એક વખત ધૂંધળું હતું. ઝાંખરાનું ઝરડું હતું. એને કોઇ પૂછે કે લ્યા તું ક્યા ગામનો? તારું મૂળ ગામ ક્યું? તારી જન્મભૂમિ કઇ, તારા અસલ બાપ કોણ,- બધું અધ્યાહાર એ સ્કૂલમાં દાખલ થવા ગયો હશે ત્યારે ક્યા બાપનું નામ લખાવ્યું હશે... આ રહસ્યના પડદા તો અહીં વહુ બનીને આવેલી કકુ-વર્જિનિયા જ જાણે. કોણ જાણે છે એ વહુના આગલા સંસાર વિષે? કેમ, શા કારણથી એનાથી છૂટી પડી હશે. એ પતિ જીવતો હશે કે મુએલો, એનું ગામ-સાસરી કઇ?

ડેવીડના સપનાં-એને હાથટેકો કરતો રહે - એ પૂરાં થવાનાં કે નહિ? ડેવીડ તો એને પોતાનો જ સગો પૂત્ર માનતો હતો. આ એનું જ ઘર છે, એનું જ આ ગામ છે, એ જ વાત એ ભૂલી જાય છે.

## પ્રકરણ - ૮

આ ગામ આમ તો હાઇવે પર જ આવેલું છે. પણ એમ ક્હેવા કરતાં આ ગામ પાસે થઇને હાઇવે પસાર થાય છે એમ ક્હેવું જોઇએ. આ ગામ મારૂંભારત છે. એ આદિથી હતું. પહેલાં એને દર્ભનગરી ક્હેતા. તેના પરથી 'ડભાણ' પડયું. ગામની ખ્યાતિ તે વખતે બહુ જામેલી હતી. 'ડભાણનો સિમાડો' આ ફરતા ગાળામાં સૌથી મોટો. લિંબોયો ને તમાકૂનું પિયર. લિંબુચોર જો પકડાયો તો એની ખેર નથી. પટેલોની ખ્યાતિ પણ આસપાસ ફરી વળેલી હતી. ખૂંનખાર બહારવટિયાની ઘાડ તેમણે હાથનોલી જઇને પાછી વાળેલી. ગુજરાતના બે નામચીન ચોરો અહીં મરાયેલા. ત્યારપછીજ ગામલોક શાંતિથી સૂવા પામેલુ. ગુજરાતનું શ્રેષ્ઠ યાત્રાધામ, સહજાનંદ સ્વામિ અહીં જાતે પધારેલા તેની યાદમાં સ્વામિ. મંદિર બહુ જૂના સમયથી બંધાયેલું છે. તેની ક્લાત્મક બાંધણી જૂના જમાનાની ક્લાદૃષ્ટિ બતાવે છે. ગામની રોનક વધારનાર વિભૂતિઓ સ્વ. ભીખાભાઇ ઝવેરભાઇ. સ્વ રાવજી માસ્તર, સ્વ. માણેક્લાલ પંડયા તથા સ્વાતંત્ર્ય સેનાની શ્રી માણેક્લાલ ભટ્ટ, ડાહ્યાભાઇ જીવાભાઇ, રામભાઇ કિશોરભાઇ પણ અહીં પાક્યા. સ્વ. માણેક્લાલ પંડયાના સુપૂત્રોએ પિતાની યાદમાં ભવ્ય ટાવર, લાયબ્રેરી આપ્યા તથા સોમનાથ મહાદેવનો જીણોદ્ધાર ર્ક્યો. જલઝૂલણા અગિયારસનો મેળો આ પંથક્માં વખણાય છે. માંડવીચોક્નું રામ-રાવણનું યુદ્ધ જોવા લોકો ગામડે ગામડેથી ઉમટે છે.

હાઇવેને લીધે હોટેલ ઉદ્યોગ ફૂલ્યો ફાલ્યો છે. ગૃહિણીઓની રસોઇની ઇજારાશાહી આ હોટલોએ તોડી નાખી છે ને એક રીતે તેમને થોડી નિરાંત પણ કરી આપી છે. નવાઇની વાત એ કે જેમ બહારથી આવી અહીંના તળાવમાં સ્નાન કરી પવિત્ર થાય છે તેની અહીંનાને ક્મિંત ના હોય એમ બહારથી આવી અહીં હાઇવેનો પૂરો લાભ ઉઠાવી રહ્યા છે ને ગામના લોકો જ વંચિત રહે છે. ધંધારોજગાર નાખે, ફેકટરીઓ શરૂ કરે હાઇવે પરની હોટેલો બહારથી આવેલાની જ છે.

સીમની મજૂરી તો રહી નથી. ખળી એ એક જ ધંધો રહ્યો છે. પણ એય મરવાના વાંકે જીવી રહ્યો છે. ડાંગર રોપણીની સિઝનમાં આ ખ્રિસ્તી સમાજને કંઇક મળી રહે. પણ હવે એ માનીતું કામ પણ નથી રહ્યું. આદિવાસીઓએ આ કામ હસ્તગત કરી લીધૂં છે. હાલ તો ગુજરાતની ખરી ખેતી તો આ જ લોકો કરે છે, તેથી નવી મશીનરીથી જૂની બેકાર બની જાય એમ બહેનો પણ બેકાર બની ગઇ. બારૈયા કોમે પણ આ રોપણી, કાપણી કામમાં ઝંપલાવ્યું છે. પહેલાં તો તેઓજ ક્હેતા.

'ના ભઇ આવું કામ અમે ના કરીએ, ખળીના કામમાં પણ નાનમ સમજતા, એટલે ખ્રિસ્તીબેનોની આ બંને 'અનામતો' પણ અન્ય કોમોએ લઇ લીધી છે.'

ખળીમાં પણ લાગવગ ને ખુશામતનું રાજકારણ છે એમાં કોઇ દુર્બળ કે વિધવાબેન હોય એનો તો આ ગજગ્રાહમાં ગજ જ વાગે નહિ. એમાંય મંદી આવી જવાથી માંદી મિલોની જેમ બંધ પડતી જાય છે. એટલે મુકરદમનાં ઓળખીતાંપારખીતાંને લેવાય છે. ગામડાના અર્થકારણની કડીરૂપ આ ઉદ્યોગ બેકાર બની ગયો છે. છોકરાઓ પણ નોકરી ધંધા વગર દેવળના ઓટલે ગપાટા મારે કે વ્યસનો પર ચડી જાય એમાં નવાઇ નહિ.

મહેન્દ્ર પર ડેવીડે બાંધેલા હવાઇકિલ્લા તૂટી પડયા હતા. તેની પર રાખેલો મદાર ઠગારો નીવડયો હતો. તેણે પોતાનું આગવું કર્યું હતું. પણ ત્યારપછી તો એણે જાણે ઘરનો છેડો જ ફાડી નાખ્યો હતો. ઘણા એની ટીકા પણ કરતા હતા. 'અહીં માબાપ મહામહેનતે પૂરું કરતાં હોય ને છોકરો લ્હેરિયાં કરે છે, એવી ભક્તિ જોઇ છે કદી?' ડેવીડની માંદગીના સમાચાર જાણીને પણ એ આવે નહિ એ ક્હેતો. 'મારે શું, મારો એ ક્યાં સગો બાપ છે?' એટલે તેના સહારાની હવે કોઇ આશા રહી નહોતી માબાપે શું ખાધું પીધું, શું કરતાં હશે, કેવી આપદા પડતી હશે, પિતા પહેલાંના જેવો સાબદો રહ્યો નથી એનો પણ એને વિચાર આવતો નથી. એ ગમે એટલી પ્રભુભક્તિમાં રહેતો હોય પણ એમાં માબાપને શું મળ્યું? પૂત્ર જેવો પૂત્ર, જેનું કોઇ ભેરૂ નહોતું. નધણિયાતુ જીવન હતુ. સ્હેજ ધક્કાથી ખીણમાં ઉતરી પડે એવું હતું. તેને એણે નવપલ્લવિત કર્યું, સગાંસાથી તથા માનો વિરોધ વ્હોરીને ગુમાનભેર જીવવા લાયક બનાવ્યો. ત્યારે એ તો અજનબી બની ગયો. ત્યાં તો ગીતો, વાંજિત્રો ને સંગીતની સુરાવલિઓ છે. દુનિયામાં અત્યારે દુ:ખો,વિપત્તિ, રમખાણો, મારફાડ, હત્યાઓ, બળાત્કારો, માણસોને જીવતા બાળવાનું ચાલે છે. ત્યાં આવા સ્વચિંતકો ક્યા પ્રભુને ખુશ કરવાના પ્રયત્નો કરતા હશે? આ કીચડમાંથી આ લોકોને કોણ કાઢી શકશે?

એ તો સારું હતું કે હજુ એક નાનો પૂત્ર સાથે હતો. ફેકટરીમાં જાય છે, એક પુત્રી છે. તે બારમાંમાં છે. હવે આ બે પર બધો મદાર છે. એણે પોતે તો ઘણા ઉધામા કર્યા, પણ ઘરમાં તંગીનો ખ્યાલ સુધ્ધાં આવવા દીધો નથી.

લાઇનીંગ વર્કનો ધંધો હાઇવે પર નાખેલો પણ લારી એમને એમ ત્યાં પડી રહી છે. કોઇ બીજો એ જગ્યા પડાવી ન લે એ હેતુથી, પણ એનાથી રોટલો મળે?

આવી વિષમ પરિસ્થિતિમાં પણ ડેવીડ કોઇ વ્યસને ચડયો નથી એ તાજ્જુબીની વાત ક્હેવાય. દિવાદાંડીની જેમ ટટ્ટાર ઉભો છે. એના છોકરાં પણ વ્યસનથી દૂર રહ્યાં છે. એ વધુ ભણ્યો નહિ પણ આગવી સૂઝસમજથી એ સમાજનો પણ રાહબર નીવડયો છે. વગર યુનિયને એણે બેનોનું યુનિયન ચલાવ્યું છે. ખળી માલિક સામે એણે ઝીંક ઝીલી છે.

એને ભણવાનું સદ્ભાગ્ય મળ્યું નહિ. મહેનતમજૂરી પર નભનાર ભણે પણ કેવી રીતે? આઠમામાંથી જ ઉઠી ગયેલો. નડિયાદ હાઇસ્કૂલમાં અમે સાથે જતા. વર્ગ શિક્ષક રોજ સવારના ફી ના લાવ્યા હોય એને ઉભા કરે. એમાં આનો નંબર હોય જ. એને વર્ગ બહાર કાઢી મૂકે. એટલા વિદ્યાર્થીઓ વચ્ચે અપમાનિત થઇને એને બહાર નીકળવું પડે. એ દિવસનું એનું ભણતર જાય. પણ એ ભણ્યો નહિ પણ કુદરતે એને બીજી મૌલિક શક્તિઓ ઘણી આપી છે. માણસ ભણે તો જ એનામાં હોંશિયારી આવી જાય એવું હોતું નથી. અમારી માનસિક ભૂમિકા તો લગભગ સમાન જ હતી તેથી અત્યારે એ એની સાથે તાલમેલ રહ્યો હોય તો આ જ કારણે. પણ એનામાં લઘુતાની ભાવના ઘર કરી ગયેલી. એ અવારનવાર ટોણા માર્યા કરે 'તું તો ભણ્યો ને આગળ વધ્યો ને હું રહી ગયો.' પણ આ ભાવના કઇ રીતે નષ્ટ થાય? એનેય ધગશ તો હશે જ પણ સામાજિક કૌટુંબિક વિષમતાને કારણે એ આગળ જઇ ના શક્યો.

પણ પૃથ્વીના પેટાળમાં ખનિજસંપત્તિના ભંડાર હોય છે એમ એનામાં કુદરતદત્ત શક્તિઓ અપાર હતી. લેખન, ચિત્ર, વક્તૃત્વ એ કલાઓ એનામાં હતી જ. અમારા વચ્ચે ઘણી વખત અબોલા કે મનભેદ

સર્જાય ત્યારે અમારી વચ્ચે જે પત્રવ્યહાર થાય તેમાં તેની ભાષાકીય શક્તિનું ઓજસ વર્તાતુ વળી તે ચિત્રકાર પણ હતો. હળવા હાથે ચિત્રોનું આલેખન કરી નાખતો. તે વખતે આ સમાજ માટે વાંચન સામગ્રી બહુ જૂજ. તો અમે હસ્તલિખિત સામયિક કાઢતા, તેનું સુશોભનકાર્ય એનું રહેતું. એમાં કાવ્યો, નાટકો પણ લખે. થોડા વખત પર ચર્ચમાં તેણે તે ભજવેલું. આકાશવાણીના ક્લાકારો સર્વશ્રી ઇંદુપુવાર ને નરેશ ક્નોડિયા સાથે તેને પરિચય થયેલો. 'સવિતા' વાર્તા માસિક્માં ત્રણ વાર્તાઓ પણ પ્રસિદ્ધ થયેલી. પણ બેદરકારી અને અલગારીતાના કારણે એમાં આગળ જઇ ના શક્યો. દેશના ભૂતપૂર્વ મહાન નેતાઓ, સાહિત્યકારોનાં પારણાં આવા કોક ઘરમાં જ બંધાયાં હશે પણ આને એવી કોઇ સાનુકૂળતા મળી નહિ.

સંગીતનો શોખ પણ એનો અધૂરો રહી ગયો. એનું દુ:ખ એને ડંખ્યા કરે છે છતાં એક વાદ્યવૃંદ 'ઝંકાર' ઉભું કરેલું. યુવકોનો અધૂરો શોખ એ પૂરવા પ્રયત્ન કરતો. એ માટે એણે પત્રિકાઓ પણ છપાવેલી. જો કે લોકો આને હસી પણ કાઢતા. કોક મજાક્માં એમ પણ ક્હેતું કે એને 'હણકો' આવે એટલે ક્શુંક ને ક્શુંક ઉભુ કરી દે. પણ આવા અવનવા શોખ એની પાસે હતા પણ કોઇ વ્યવસ્થિત તાલીમના અભાવે એની ક્લા કે સર્જન શક્તિ ખીલી નહિ. વનસ્પતિને પણ ખીલવા માટે વાતાવરણ જોઇએ છે. વાજિંત્રો શીખવાનો અભરખો પણ એને કાયમ કોરી ખાતો. મંડળનું વાજુ કોઇવાર ઘેર લઇ આવતો પણ એમ તે કંઇ કળા હાથવગી થઇ જાય થોડી? ક્લાકારો એની પાછળ મંડયા રહે છે, ત્યારે સિદ્ધિની ટોચે ચડે છે.

પણ તેમ છતાં તેણે મહોલ્લામાં લીડરશીપ તો સારી કરેલી, બીજા તો કોઇ સ્પષ્ટ પ્રતિભાવ આપે નહિ, પણ પોતાના ઉગ્ર વિચારોને પણ અભિવ્યક્ત કરી શક્તો. ગમે તેવા ધર્મનો કે સામાજિક ઝઘડો હોય એને યોગ્ય વળાંક આપી શક્તો. એક્વાર તો ધર્મશાળા માટે ધર્માદા મળેલી જમીનનો પાયો નાખવાની જ મુશ્કેલી હતી. પટેલો એને ચૂંટણી જીતવાનું સાધન માનતા હતા. કાશ્મીર જેવું કોકડુ હતું, પણ એક દિવસ એને શૂરાતન ચઢેલુ. બધાને ભેગા ક્ર્યા ને નાળિયેર વધેર્યું ને કોદાળીથી ટચકો મારીને ખાતમૂહર્ત કરી નાંખ્યું.

આમ જૂદા જૂદા રંગો ધારણ કરતો હોય મનના તરંગો દોડાવતો હોય, મોટી મહત્વાકાંક્ષાઓ ધરાવતો હોય છતાં પણ હું એને માનું છું એટલા માટે કે ક્પરી પરિસ્થિતિઓમાં અણનમ રહીને કુટુંબને એણે ડૂબવા દીધુ નથી એજ એની મરજીવા તરીકેની યાદ અપાવે છે. આટલા વર્ષે પણ હું એને ભૂલ્યો નથી જ.

## પ્રકરણ - ૯

હમણાં હમણાં એને ઉદાસી રહેતી હતી, કંઇ જંપ વળે નહિ. ઉદાસી પાછી એવી નહિ કે ઘર કે કુટુંબની ચિંતા ઘેરી વળી હોય. એનું કલ્પનાશીલ મન ગગનવિહારે ઉપડી જતું. કંઇ કામધંધો નહિ એટલે મહોલ્લામાંય નિર્હેતુક ફરે ને જામેલાં ટોળામાં ભળી અલકમલકની વાતોમાં ટાઇમ કાઢે. એની વાતોમાંય લોકોને ને જૂવાનિયાઓને મઝા આવતી. એ જ્યાં બેઠો હોય ત્યાં મધમાખિઓની જેમ નાનકડી રાવઠી જ જામી જાય ને ઠઠ્ઠામશ્કરી ચાલે. એની ઉંમર આમેય ખરી પણ છોકરાઓની ટોળીઓમાં એ પણ એમના જેવો જ બની જતો. ટોળામાં સાઇઠ પાંસઠના વયોવૃદ્ધ પણ ટોળટપ્પામાં જોડાયેલા હોય ને દસબાર વર્ષનાં છોકરાંય રસથી સામેલ થયેલા હોય, એમાં કોણ છોકરું ને કોણ મોટું એય ખબર ના પડે. કારણ અહીં તો મોટાંય લીમડાની છાંયે ખાટલા ઢાળી પડયા હોય, પત્તાં ટીચતા હોય. ડેવીડ પણ આથી અલિપ્ત નહોતો, એ ય આ ટોળાનો જ અંશ બની રહેતો. એનેય મોટી ઉંમરના થઇ જવું માથાવાઢ જેવું લાગતું. આંખે નંબર આવેલા પણ ચશ્મા પહેરતાં નાનમ લાગતી. રખેને કોઇ એને વડીલ ગણી લે. એ પોતાને હજુય યુવકમાં જ ગણતો. યુવકમંડળમાં એ સભ્ય ના હોય તો યુવક મંડળ જ ના ચાલે. એનામાં એ ઉંમરે પણ વિલાસીસ્વભાવ તો એમનો એમ જ હતો.

પણ જ્યાં સુધી તે મહોલ્લામાં કોઇ નવો તુક્કો કાઢે નહિ ત્યાંસુધી આખો મહોલ્લો સુષુપ્ત જ લાગે. કોઇ નવો વિષય મળે નહિ. બધાં વિષયો ચર્ચાઇ ગયા હોય એટલે નવો લાવવો કયાંથી? એટલે વેષભૂષા ને વકૃત્વ ને એવા કાર્યક્રમો ગોઠવે, ત્યારપછી મહોલ્લામાં કંઇક ચેતન આવે. સ્ટેજ પોગ્રામમાં મુખ્ય મહેમાન એવા હોવા જોઇએ કે એ કંઇક આપી શકે. ગામના પટેલને કે સરપંચને બોલાવવાનો ધારો પડી ગયેલો. માઇક હાથમાં લે, એમાં તો પબ્લિક પર એવી છાપ પાડી દે... એને આવા પોગ્રામો કરવાનો ચસકો જ લાગી ગયો હતો. એટલે નાતાલના અમુક દિવસો બાકી હોય ને મહોલ્લામાં ચહલપહલ વધી જાય. ઘણી વખત ગરીબોના ઉદ્ધારની પણ યોજના ઘડે ને પત્રિકા છપાવી મહોલ્લામાં વહેંચે. ટૂંકમાં લોકોનું ધ્યાન એના તરફ રહે એવું વાતાવરણ રાખે પછી એ યોજના બહાર પાડે કે પવનથી વાદળો વિખરાઇ જાય એમ એના ઉદાસી જતી રહે, ને શુષ્ક મહોલ્લામાં નવો વાયુ ફૂંકાય, તે એક બે મહિના ચાલે.

એકવાર હું એક દવાખાનામાં એક ભાઇની મુલાકાત લેવા ગયો. તો ત્યાં બહાર થોડા ઓળખીતા ખબર જોઇને બાંકડામાં બેઠા બેઠા ચર્ચા કરતા હતા. ત્યાં ડેવીડનું નામ બોલાતું હતું. મારુંધ્યાન ખેંચાયું. શું હશે, શા વિષેની ચર્ચા ચાલતી હશે. એનું નામ ચર્ચાતુ હોય ને હું એનાથી અજાણ હોઉં એ કેમ બને? પછી તો કંઇક પત્રિકા વિષેની પણ વાત નીકળી. 'પત્રિકા' શબ્દ સાંભળતાં જ મારા કાન સાબદા બન્યા. જેમ કંઇ અવાજ સાંભળીને કૂતરાના કાન ઉંચા થઇ જાય છે એમ એણે પત્રિકા બહાર પાડી છે ને મને જ એની કંઇ ખબર ના હોય એ તો મારે પણ શરમાવા જેવું જ કહેવાય. કોઇને પણ આશ્ચર્ય થાય કે એ વિશે હું જાણતો ના હોઉં તેઓ એમજ ધારે કે આ તો એ વિશે જાણતા જ હોય. કાં તો બંનેએ મળીને કાઢી હશે. એટલે મને તો પહેલાં ધ્રાસ્કો જ પડયો. અલ્યા ડભાણમાં મારા ખુદ ગામમાં કંઇ પણ પ્રવૃત્તિ હોય ને મને જ ખબર ના હોય એ બને જ કેમ? મને દુ:ખ પણ થયું, પણ વાસ્તવિકતા હતી કે એક જણના હાથમાં પત્રિકા વંચાતી હતી. આનું ભલું પૂછવું, સ્હેજ વિચાર આવ્યો ને પત્રિકા છપાવી દે એને 'હણકો' આવવો જોઇએ.

પહેલાં ગરીબોના ઉદ્ધાર માટે પત્રિકા કાઢેલી. વિધવાઓના ઉદ્ધાર, મકાનો બનાવી આપવાની જાહેરાત કે સંગીતના ક્લાસની એવી ઘણી પત્રિકાઓ બહાર પાડેલી, એવી જ કોઇ આ પણ હશે એમ મેં ધારી લીધું. જો કે મહોલ્લા પૂરતી જ હતી એટલે લોકોને ટાઢો શ્વાસ હતો.

મેં પૂછ્યું, 'શાની પત્રિકા છે?'

'લ્યો તમે ભાઇબંધ થઇને ખબર નથી?'

પત્રિકા જોઇ તો તો 'ચરોતર વણકર સમાજનું અધિવેશન' એવું મથાળું હતું. ને તે પણ ડભાણ જેવા નાના ગામમાં જ.

મેં કહ્યું, 'ના ભઇ, હું તો આમાં કશું જાણતો નથી.'

બધા સાચુ પડતું ના હોય એમ હસવા લાગ્યા. મારી અજ્ઞાનતા પર હસતા હોય કદાચ.

એક જણ તો ધીરે રહીને એમ પણ બોલ્યા.

'જાણતા હશે બધું જ પણ આપણા મનનો ગાર લેતા હશે.'

મારે તો આવા આગળપડતા માણસો વચ્ચે બનવા જેવું થયું. એ લોકો કહે છે એ વાત સાચી જ છે. મારા જ વતનમાં કંઇક મોટા ઉપાડે થતું હોય ને મને જ ખબર ના હોય એ મારા માટે તો ઉંધુ ઘાલવા જેવું જ કહેવાયને?

મને એના પર એવો રોષ ચડયો કે લ્યા, રાત દા'ડો તારી હરેક વાતમાં હાજર રહ્યો છું રહ્યો ને આવો મોટો મેળાવડો ઉભો કરે છે ને મને જ ટાળ્યો? એક પ્રેક્ષક તરીકે પણ મને જાણ ના કરી? હું તારામાં ભાગ પડાવવાનો હતો?

પણ મને નહિ જણાવવા માટેનું કારણ શું હશે? કદાચ હું ત્યાં મોટો ભા થઇ બેસુ એ જ બીક હશે? એને એમ લાગ્યું હશે 'હું પણ કંઇક છું તે તું એકવાર જોઇ લેજે.' તેં ખ્રિસ્તી સંગઠન સ્થાપ્યું તો હું પણ જઉં એવો નથી. તારા કરતાં મારો પનો મોટો છે, તેં તો નડિયાદ પૂરતું રાખ્યું પણ આ તો આખા ચરોતરગાળાનું, આમાં તારો ગજ ના વાગે.

ને એની કલ્પનામાં મને એણે વિશાળ સંમેલનને મોં વકાસીને જોઇ રહેતો કલ્પ્યો હશે. સંમેલન માનવમેદનીથી (એની કલ્પના મુજબનું) ઉભરાયું હોય, એકે બાજુ બેસવાની પણ જગ્યા ના હોય. એકબાજુ બધાને જમવા માટેનું રસોડુ ધીકતું હોય ને હું અદબ વાળીને એકબાજૂ નોંધારો થઇ ઉભો ઉભો જોતો રહી જાઉં... એવું એણે અવશ્ય કલ્પ્યું હશે.

મને લાગી તો આવ્યું જ. એટલા આત્મજનો વચ્ચે મેં કડવો ઘૂંટ ગળ્યો. મેં મને અત્યારે જ એ સંમેલન ભરે એ પહેલાં જ અપમાનિત થતો જોયો, પણ એમાં જ એની ઉદ્દેશ્યની પરિતૃપ્તિ થતી હતી. ભઇ તારે સંમેલન ભરીને મને દઝાડવો હતો પણ આ પત્રિકા જોઇને જ હું દાઝયો છું તારુંદર્શન સફળ નીવડયું છે.

પણ એ જ વખતે મને ખ્યાલ આવ્યો કે પેલા વિમોચનમાં મેં એને સામેલ નહિ કર્યો એનો બદલો

તો નહિ લેતો હોય! ખ્રિસ્તી સંગઠન વખતે પણ એને એવી આશા હશે પણ એ વખતે શહેરોમાં ચિંતાતુર વાતાવરણ હતું. લોકો ઠેર ઠેર વાતો કરતા, કંઇક કરવું પડશે. ને આ સમાજ પણ ભય વગર ભેગો થાય એમ નથી. તેથી સર્વરીતે વિચારીને થોડાક બૌદ્ધિકોને ભેગા કરીને વિચારણા કરીને સંગઠન વિશે વિચારાયું હતું. તેમાં ગામડાનો વિચાર કર્યો નહોતો.

બીજું કારણ મહોલ્લામાં પણ ફાટફૂટ હતી. બે પંથો વચ્ચે ભંગાણ હતું. જો શહેરમાં સંગઠન ઊભું થાય તો ગામડામાં એની અસરો પડવાની, એ હેતુથી ગામડામાંથી કોઇ લીધું નહોતું.

પણ આટલો મોટો અશક્ય વિચાર એને કેવી રીતે સૂજ્યો હશે? આ કોઇ એકલદોકલ વ્યક્તિનું કામ હતું? આમાં તો આખું ગામ સામેલ હોવું જોઇએ.

મેં એ પત્રિકા હાથમાં લીધી. એમાં તો એના એક્લાનું જ નામ હતું. મનમાં થોડું હસવું પણ આવી ગયું. આમ ને આમ ઘોડા દોડાવવામાં જ આણે જીવન કાઢી નાખ્યું. કેવા વિચિત્ર ને બેહૂદા તરંગો દોડાવતો હતો.

બીજા દિવસે ખાતરી કરવા ગામમાં ગયો. પણ ત્યાં તો આમાંનું કોઇ જાણતું જ નહોતું. એ તારીખ આવી તો ઘણા અજાણ આગેવાનો તો આવ્યા પણ ખરા જૂએ છે તો કશું જ ઠેકાણું ન મળે. નિરાશ થઇને તેઓ તો ચાલ્યા ગયા. ગામનો ફિયાસ્કો થાય એ મોટા નુકસાનનો એણે વિચાર કર્યો હશે?

આવા ‘સણકા’ એ નવરો હોય ત્યારે ઉપડે. સણકા ઉપડે એ તો પ્રગતિ માટે સારી નિશાની ક્હેવાય. પણ માત્ર પત્રિકા બહાર પાડી દેવાથી જ કંઇ સર્જન ન થાય, એના માટે પૂર્વતૈયારીઓ કરવી પડે. આયોજનો કરવાં પડે. રાતદિવસની મહેનત જોઇએ. પૈસા જોઇએ. લોકોનો સહકાર જોઇએ. એક્લા હાથે સમાજનું કામ કરવા જઇએ તો પાછા જ પડીએ. મને એણે ભલે આ કાર્યક્રમમાં પૂછયો ના હોય, પણ એણે એટલો ખ્યાલ કર્યો હોત તો હું જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં એને સાથે રાખ્યા વગર રહ્યો નથી. સાસરીમાં તો કોઇ ભાઇબંધને લઇ જતું નથી, જ્યારે હું સાસરીમાં જઉં તો એને પણ સાથે લઇ ગયો છું. એની બબ્બે સાસરી થઇ પણ એકે સાસરીનું મેં મોં સુદ્ધાં જોયું નથી. એક્વાર એ લઇ ગયેલો પણ એ કેવા સંજોગોમાં! આતિથ્ય માણવા માટે નહિ, અડધી રાત્રે જોખમ વ્હોરવા જવાનું હતું. એનો સસરો એની આ બીજીવારની પત્નીને મોકલતો નહોતો. તે અડધીરાતે તેને રિક્ષામાં તેડી લાવેલા.

એક વાર મેં કહ્યું કે લ્યા તને એક સંચો લાવી આપું. તને સીવતાં આવડે છે એટલે ક્હું છું તો ક્હે,

‘જોઇશું...’

‘ના જોઇશું નહિ, ખોંખારીને ક્હે તો લાવી આપું. આમ ઢીલું ઢીલું બોલ એમાં મને વિશ્વાસ બેસતોનથી.’

‘હારૂ લાવી આપજે ત્યારે.’

મને રીસ ચડી, ‘આમ મર્યા મર્યા નહિ. તારી ઇચ્છા હોવી જોઇએ. હું ક્હું છું એટલે નહિ.’

પણ એ બધું ભૂલી ગયો. મૂળ વાંક તો સ્નેહની સરવાણી સૂકાઇ જાય ત્યારે અનેક વાંક પડે. એ સાંકળ મજબૂત હોય તો મોટા હાથીઓય તોડી ના શકે. એ ભલેને આવા દેખાડા કરીને મને મહાત

કરવાના પ્રયાસો કરે પણ ત્રીજા ચોથા દિવસે કે મહિના પછી પણ હું એના ઘેર ગયા વગર રહેવાનો નથી એ પણ એટલું જ સાચું હતું.

આમ તો એના ઘણા વિરોધીઓ પણ હોય, એના વિષે ઘણું બધું ઘસાતું પણ બોલે, હાંસી મજાક પણ ઉડાવે, હું સૂર પણ પૂરાવું. પણ તોય એના ઘેર જઇને તો ઉભો જ રહું છું. આમ તો આ મહોલ્લાની તાસીર પણ આ જ હતી. એકબીજાની વિરુદ્ધ ભલે વાતો કે નિંદા કરતા પણ પાછા ટોળામાં સાથે જ રસગુલ્લાં ઉડાડતા હોય જાણે ગઇ કાલે કશું જ કોઇની વિરુદ્ધ બોલ્યા ના હોય. કોઇને કોઇના તરફ ખુન્નસ કે વેરભાવ નહિ.

પૂનમ રેવા મહોલ્લાના જૂના ને વિચારક માણસ. મૂછોથી જ એ ઓળખાય. મૂછો વગરના પૂનમ રેવા કલ્પાયેય નહિ. મૂછો કાઢી નાખે તો ઓળખવામાં ય વાર લાગે. એ એમનું વ્યક્તિત્ત્વ હતું. પણ એ અમારા કામની ઘણીવાર ઠેકડી ઉડાવે, વિરોધ પણ કરે. એટલે પહેલા એમને છાના રાખવા પડે. પહેલા એમના ઘેર જઇને એમને ટાઢા પાડીએ. પછી વાત આગળ ચાલે.

ડેવીડ પોતે પણ મારી કે મારા ફળિયા વિરુદ્ધ ઘણી આગ ઓકે. કોઇ બાબતમાં પૂછે નહિ, એ સૌને એમ જ કહ્યા કરે. ‘કેમ, એ બાજૂના જ પ્રમુખ (મંડળીના) કાયમ હોવા જોઇએ?’ એના મનમાં એ બાજૂના ને આ બાજૂના એવી ભાવના દૃઢ થઇ ગયેલી. આ ખાઇ એ પહોળી ને પહોળી રાખે. આ તો મારી સાથેની દોસ્તીને કારણે એ થોડોક અંકુશમાં રહેતો બાકી તો અમારી બાજૂનાને તો ગણે જ નહિ. આમાં મૂળ કારણની શોધ કરવા જઇએ તો એ કારણ શોધવા જવું પડે એમ નથી.

મહોલ્લામાં આર્થિક વિષમતા તો પ્રચ્છન્નપણે વ્યાપેલી જ હતી. જાતિભેદનો ભોગ તો આ સમગ્ર સમાજ બનેલો જ હતો. પણ મહોલ્લામાં પણ આંતરિક ભેદ હતા. થોડીક વ્યક્તિ આર્થિક રીતે સંપન્ન હતી, જ્યારે બાકીનો સમાજ ગરીબી, અજ્ઞાનતા, ધાર્મિક અંધશ્રદ્ધા, પછાતતા, વગેરેનો શિકાર બનેલો હતો. ડેવીડને બાપદાદાના વારસામાં કંઇ મળેલું નહિ. એના કાકા ખેતી કરતા. પણ એમનો પણ સહારો નહિ એના બાપ મિલમાં જતા એટલે એનું કુટુંબ પ્રથમથીજ આર્થિક પગભર થયેલું નહિ. આ અસમાનતા તેને તીવ્રપણે સાલતી હશે. આગળ આવવા માટે તેણે ઘણા બધા ટૂંકા રસ્તા અજમાવેલા પણ જેમને જન્મજાત સંપત્તિ પ્રાપ્ત થયેલી તેમની સાથે તો હરિફાઇ થઇ ન શકે. તે ઉપરાંત તેઓ પણ સખત મહેનત, ખેતી વગેરે કરીને આર્થિક સંપન્નતા વધારે મેળવતા પણ એવી દેખાદેખી પણ આ કુટુંબે નહિ કરેલી પણ તેના મગજમાં આ ભેદ સાલતો રહેતો.

આ તેનો શાંત વિદ્રોહ ને જૂદાઇ આજે હું વિલોકું છું તો તેના તરફ મને વિરોધી લાગણી પેદા થતી નથી. પણ સહૃદયતા જાગે છે.

એકવાર ચર્ચ તરફથી ગરમ ધાબળા વહેંચાવાના હતા. જે કેથલિકો હોય એને જ મળે એવી પ્રથા હતી. પણ એમાં એણે એવો વેરીવંચો ઉભો કર્યો કે મારા ભાઇને ટાળવામાં આવ્યા હતા. વહીવટ એના હાથમાં હતો. ગરબા સ્પર્ધામાં એના ફળિયા બાજૂની જ છોકરીઓને રાખે. ભાઈએ મને સંકોચસહ એ ભેદભાવની વાત કરેલી. સંકોચસહ એટલા માટે કે હું પાછો એમના પર ગરમ થઇ જાઉં કે આવા ગરીબો માટે અપાયેલા ધાબળા તમારે શું કરવા છે? એ બીકે એ મારી સમક્ષ સંકોચસહ વાત કરે .પણ ત્યારે મને પોતાને પણ દુ:ખ થયેલું. તે વખતે તેણે મિત્રતાને સાવ કોરે મૂકેલી. પણ હું આવી બાબતને ચર્ચાનો

ચોરો નહિ બનાવતો. એમાં તો આપણી પોતાની રુગ્ણતા તરી આવે. પણ એને પરમસંતોષ થતો હશે કે મેં કેવું વેર વાળ્યું? ગમે તેમ પણ તેને મારા તરફ દ્વેષવૃત્તિ તો રહેતી જ. એવું ના હોય તો બબ્બે લગ્નોમાં મે એને આમંત્રણ આપેલું. પણ એકેમાં એણે હાજરી આપેલી નહિ. બીજા લગ્નમાં તો એકાવન રૂપિયા ચાંલ્લો એના છોકરા જોડે મોકલેલો. પણ મેં માનપૂર્વક તે પાછો ઠેલેલો. તો આને શું સમજવું? છેલ્લા પુત્રીના લગ્નમાં આવ્યો ત્યારે ક્યારે જમીને જતો રહ્યો એ પણ ખબર ના રહી. ચાંલ્લો પણ કર્યો નહોતો. ત્યારપછી મોઢું પણ દેખાડતો નથી. આ મિત્રતા કહેવાય ખરી?

વાચક કહેશે તો શું કરવા આવી ગર્વિષ્ઠ ને સંકુચિત વ્યક્તિને વળગી રહ્યા છો છોડી દો ને! કોઇ સ્વમાની માણસ આટલું વેડફી ના શકે ને આમ છતાં તે ક્યા અધિકારની રૂએ એ મને બોલાવવાનો સંદેશો મોકલતો હશે?

# પ્રકરણ - ૧૦

આટલી દાસ્તાન વાંચ્યા પછી તો વાચકને થાય કે આવી વ્યક્તિ જોડે તો સંબંધ રાખીને ય શું કામ! આના કરતાં તો કોઇ સારા પ્રમાણિક માણસને મિત્ર બનાવવો સારો. પણ ગુરૂત્વાકર્ષણબળ અસ્તિત્વમાં છે પણ જોવાતું નથી. આટલી મોટી પ્રચંડ શક્તિ પૃથ્વીને સ્થિર અચલ રાખી શકે છે. એમ હૃદય હૃદયનાં ખેંચાણને પણ ક્યાં જોઇ પારખી શકાય છે? વાડવેલા જેટલો ધનિષ્ટ સંબંધ એમ એકદમ તો છૂટો ન પડી શકે.

જો એમ જ હોય તો મારે બધું પડતું મૂકીને જવું જોઇએ ને એની મૂલાકાત લેવી જોઇએ. દુન્યવી વેરઝેર રાખી મૂકીને વકરાવવાં શા માટે! એક વખત આ દુનિયા છોડીને ચાલ્યા જવાનું છે, ને ફરી કદી પાછા આવવાના નથી પણ ગુમાન તો અહીં જ રહેવાનું છે. ના જઇને દુ:ખી થવું એના કરતાં જઇને રાજિ થવું શું ખોટું?

કંઇ નહિ તો એણે મને આ રીતે પણ મારા ગામ ભણી વાળ્યો હતો. વિસ્મૃતિમાં પડી ગયેલું ગામ ડેવીડની યાદ સાથે સંકોરાયું હતું. એને મળવાના નિમિત્તે પણ હું મારા માદરે વતનની મુલાકાત લઇ શકીશ, એની પાટીની સુગંધ શ્વાસમાં ભરી શકીશ. છોરૂંક્છોરૂંથાય પણ માવતર ક્માવતર ના થાય એમ ભલે ગામ મને ભૂલ્યું હશે પણ એનો પૂત્ર તો હજુ એને યાદ કરે છે.

જીજ્ઞાશા વધતી હતી. શું થયું હશે? કેમ યાદ કરતો હશે? કઇ આપત્તિ આવી પડી હશે. પણ સંદેશોય મળે છે છેક સાંજ પડયે. પણ અત્યારે જવુંય વ્યાજબી નહિ ક્હેવાય. સવારે પ્રફુલ્લ મને જઇશ. પણ રાત્રે એના વિચારોમાં ઉંઘ જ ન આવી. કોઇ દિવસ એણે આમ મને સામે ચાલીને મને બોલાવ્યો નથી. એ એટલો આત્મસ્વમાની છે કે ગમે તેટલો મુશ્કેલીમાં હોય તોય કોઈની સામે હાથ લાંબો કરે નહિ. ને આજે એ પોતે બોલાવી રહ્યો છે ત્યારે એનું મહત્ત્વ વધી જાય છે.

મહોલ્લાના પ્રવેશ આગળ જ કેથલિક દેવળ હતું. તેર ચૌદ વર્ષનો હું હોઇશ તે વખતનું. એક વણકર પણ સ્વામિનારાયણ ધર્મી બેને તે જમીન ફાધર સૂર્યાને એક રૂપિયાના ટોક્ન દસ્તાવેજમાં ભેટ આપેલી. અમે ઇંટો વગેરે આપવામાં મદદ કરેલી. મહોલ્લાની અનેકવિધ પ્રવૃત્તિઓનું આ કેન્દ્રસ્થાન હતું. નાટકો પણ આ દેવળના મોટા પ્રાગણમાં ભજવાતાં. ગરબા, વેશભૂષા, જાહેર કાર્યક્રમ વગેરે પણ અહીં જ થતું. એક વખત દેવળની સિલ્વર જ્યુબિલી ઉજવેલી, ધર્માધ્યક્ષને બોલાવેલા તેમનું સામૈયું સ્વ રાવજીભાઇ પટેલના નિવાસ સ્થાનેથી થયેલું. તે વખતનો અમારો ઉત્સાહ કોઇ અનેરો હતો. પણ અત્યારે એ દશ્યો અદંશ્ય થઇ ગયાં છે. ઓટલા પર લોકો ગપ્પાં મારાતા બેઠા હતા. તેની સામેના ગલ્લાએ મધમાખિઓની જેમ છોકરાઓ ઉભા છે. અહીંથી ગ્રામપંચાયતે જવાનો રસ્તો પસાર થાય છે. બાંકડા પર બેઠેલા યુવાનોને જતા આવતા લોકો ત્રાંસી આંખે જોઇ લે છે. આ સમાજને પોતાના સમાજ પ્રત્યે એટલી અભિરૂચિ છે કે મહોલ્લો, ઘર કે ગામ છોડી બીજે કામધંધો કરવા જવાનું ગમે નહિ. માના ખોળામાં બાળક દિનરાત પડયા રહેવાનું દિલ કરે એમજ.

બધી પરિચિત ગલીઓ ને જૂનાં સ્મરણો સ્મરતો હું સીધો ડેવીડના ઘર આગળ જઇ સ્થંભ્યો. એની પત્નીએ મને જોઇ આશ્ચર્ય સાથે આવકાર આપ્યો. તેણે કહ્યું,

'અંદર હૂઇ ગયા છ.'

અંદર જઇને જોઉં છું તો એની મિંચાયેલી આંખો ધીરે રહીને ખૂલી. કલ્પના તો એવી હતી કે હમણાં મને આવેલો જોઇ બહાર આવશે ને આનંદિત થઇ ઉઠશે. પણ... અરે, આ હું શું જોઉં છું. કોને જોઉં છું? કોઇ અજાણ્યા બેહાલ માણસને તો નથી જોતો! આ તો નર્યું હાડપિંજર. આ શું થઇ ગયું આટલા વખતમાં. મેં જાણ્યું પણ નહિ!

મને જોઇને એ બેઠો થવા જાય છે. આ હાલતમાં તો કદી કલ્પેલો નહિ. આ શી દશા થઇ ગઇ એની. મને જાણ પણ ન થઇ? મને મારા પર ચીડ ચડી. એરેરે, ગુમાની માણસ. આટલી એની મૂલાકાત પણ તારાથી ન લેવાઇ?

મહાપરાણે એ બેઠો થયો. બોલ્યો.

‘સારુંથયું તું આવ્યો, મેં હવે બિસ્તરા પોટલા બાંધવા માંડયા છે. હ...હ...હ...ખૂ...ખૂ...ઓ...હો, કાલે તો... એટલું બધું થઇ ગયેલું તે જીવ જ ઉડી જવાનો હતો.’

આટલું બોલતાં તો એને હાંફ ચડી ગયો.

મને પણ પસ્તાવો થયો કે મેં એના વિષે કેવા કેવા વિચારો કરી નાખ્યા? આટલા સમયમાં મેં એની મૂલાકાત પણ ના લીધી?

હું ગરજ્યો. ગરજવાનો અધિકાર હું પાછો મેળવું છું.

‘અલ્યા આટલું બધું થઇ ગયું ને મને જાણ પણ ના કરી?’

‘કોની જોડે ખબર મોકલાવું? તારો નંબરેય ખુ...ખુ...ખુ...’

‘હારૂ બસ હમણાં બોલીશ નહિ.’

હું એની જોડે ખાટલામાં બેઠો.

‘અલ્યા પણ આ શું કરી નાખ્યું તેં શરીરને? આમ એકાએક કેમનું થઇ ગયું?’

હાંફતો હાંફતો કહે, ‘બાટલા ચડાવ્યા’તા. ઘરના જ ડૉક્ટર છે.’

ઉપરના મોભ પરથી બાટલાની નળી લટકાવેલી મેં જોઇ.

‘હારૂ થયું તું આયો... મારે બહુ વાતો કરવી છે તારી સાથે. અહીં હું કોની સાથે પેટછૂટી વાતો કરુંને ભાર હળવો કરું?’

એ બેઠો થવા જાય છે.

‘ના ઉઠીશ, તું સૂઇ રહે. હું સાંભળું છું.’

પણ એ તો ઉઠયો જ. મેં એને પકડીને ઉઠવામાં મદદ કરી, પાછળ તકિયો ગોઠવી આપ્યો. એને અઢેલીને એ બરાબર ગોઠવાયો. એના મર્માળુ હોઠમાં સ્મિત રમતું દેખાયું. આંખોમાં પણ તેજ વર્તાયું. ખડખડ હસતો એની જગ્યાએ માત્ર હોઠ પરના સ્મિતથી પણ મેં સંતોષ માન્યો.

'...અહીં તો મળવા આવે એ સારુંલાગે છે. પણ મનની વાતો કોને કરવી? બહુ વખતથી તને મળવું'તું. તને ટાઇમ તો છે ને?'

'ટાઇમ કાઢીને જ આવ્યો છું ને લાંબા ટાઇમ સુધી બેસવાનો છું. મનેય તને મળવાનો ઉમળકો હતો. હું રાતેય તારા વિચારોમાં બરાબર ઉંઘી શક્યો નથી. શું થયું હશે તે મને બોલાવતો હશે એની ચિંતા થતી હતી ને ક્યારે તને મળવા ઉપડી જાઉં એવું થઇ ગયેલું!'

એનું શરીર એક માળખા જેવું થઇ ગયેલું. છાતીનાં પાંસળાં ગણી શકાય એવાં ઉપર તરી આવ્યાં હતાં. પેટ અંદર ઉતરી ગયું હતું.

મને ખરેખર જ લાગી આવ્યું કે એક વખત સાથે હરનારા ફરનારા, ખરાબપોરે ગામડાં, વગડા ખૂંદનારા, રાયણો ને કેરીઓ ખાવા ખેતરાંમાં રખડનારા, એને ઝાડ પર ચડતાં આવડે નહિ. એ નીચે ઉભો રહે. પહેલેથી જ સુંવાળી ચામડીનો, ગામડામાં ઉછર્યો પણ ગામડા જેવી બરછટતા નહિ, માનસ પણ શહેરી સંસ્કૃતિ સમાન જ રહેલું. સ્કૂલમાં કસરતના દાવ કરાવે ત્યારે પાછળ ફાટેલી ચડ્ડી સંતાડવા અમે 'ઇન' ન કરીએ. બોર્ડિંગમાં એકવાર સાથે રૂમમાં સૂતા હતા ને સિમોને (એ પણ અમારો સંગાથી) ધીમેથી કોઇને ખબર ના પડી જાય એમ હવા બગાડી. મેં એની ઉપમા આપી. 'અલ્યા આણે સોયમાંથી દોરો કાઢયો!' ત્યારે અમે બહુ હસેલા, એમાંય ડેવીડ તો વારંવાર એ યાદ કરીને હસતો. પેલો બરફની લારી લઇને આવતો મુસ્લિમ એક આંખ ઝીણી કરીને મોં એક બાજૂનું વાંકુ કરીને 'બર્ર્ફ' બોલીને બૂમ પાડતો એની આબેહૂબ નકલ ડેવીડ કરે ને અમે બધા એટલું બધું હસીએ. અમારુંકોમિક જોઇને ત્યાં ઉભેલા બીજાય હસતા પણ ડેવીડને એ દૃશ્ય વારંવાર યાદ આવતું ને એની પેલાના જેવી જ નકલ કરે.

એકસાથે કેટલાં બધાં સ્મરણો... એની જગ્યાએ એ અત્યારે મરણાસન્ન હાલતમાં પડયો છે. અચરજ જેવી વાત. ખોળિયાં તો એનાં એ જ. પણ પરિસ્થિતિઓ તદ્ન બદલાઇ ગઇ. દિવસમાં એક્વાર પણ ના આવું તો જંપ વળે નહિ, મારુંઘર એનાથી સામેના છેડે. ત્યાંથી નીકળું તો આખો મહોલ્લો ફાડીને જવું પડે. એની મા સફેદ પહેરવેશમાં બહાર જ બેઠાં હોય. એમનાં પહેલા દર્શન થાય ત્યાંથી જ બીક લાગે. હમણાં કહેશે, 'નથી ભઇ એ તો.'

'કં ય ગયો' એમ પૂછીએ તો કહે, 'હશે કંઇ આટલામાં'

'નથી' એમ કહે એટલે ત્યાંથી આપણા મોતિયા મરી જાય. પછી પાછાં ધીરે રહીને કહે.

'જો જોય પાછળ વાડામાં તો નહિ ન?'

ને ખિસકોલી જેમ બચ્ચાં જોવા અધીરી થઇ જાય એમ હું એને શોધવા અધીરો થઇ પાછળની બાજૂએ જઉંતો ધીમે ધીમે ડિલ (શરીર) પર લોટા ઢોળતો જોઉં ત્યારે ટાઢશ થાય. પછી ન્હાતાં ન્હાતાં ય વાતો ચાલે.

અત્યારે એને આ હાલતમાં જોઉં છું ત્યારે વિચાર આવે છે કેવો જાજ્વલ્યમાન જમાનો વીતી ગયો ને એના પર પણ કેટલું બધું વીતી ગયું હશે?

'શું કરે છે કમુબેન, બધાં મઝામાં છે? એમને લાવ્યો હોત તો?'

'એક્વાર તને મળુ પછી એને લાવીશ.'

'અલ્યા, કંઇ ગઇ આ... હ... હ... પાણીબાણી તો આલ્ય.'

એની બેબી પાણીનો ગ્લાસ ભરી લાવી.

પછી એ ક્હે. 'ચા મૂક્જે ને.'

આનંદ તો એણે વ્યક્ત કર્યો પણ મને જોઇને એની આંખોમાં પાણી ઉભરાયું.

અત્યારે મારે ઘડિયાળ જોવાની નહોતી. સમય અત્યારે અમારો ગુલામ હતો. સમયની કોઇ પાબંધી નહોતી. જ્યાં એ ખુદ જ સમય લેવા માગતો હતો પછી ઔપચારિક બેસવાની જરૂર નહોતી. દવાખાનામાં ડૉક્ટર સગાંને મળવાની બંધી કરે છે. પણ સ્નેહીઓને મળીને દર્દી કેટલો આનંદ અનુભવે છે એ તો દર્દીની આંખે જોઇએ તો ખબર પડે.

'હું ઘેર ક્હીને જ આવ્યો છું ને એ પણ સમજેલ હતી કે કંઇક ગંભીર હશે તો જ બોલાવ્યા હશે.' ફળ-ફળાદિ લાવવાનો વિચાર કરેલો પણ શું હશે એની પણ ખબર નહિ, માંદગી હોય તો કેવી માંદગી હશે, કદાચ ડૉક્ટરે ના ખાવાની સલાહ આપી. હોય, એટલે વિચાર્યું કે પરિસ્થિતિ જોઇને પછી લાવીશ.

'તમે સમય કાઢીને મારા માટે આટલી કાળજી રાખો છો એ તમારી મોટી મહેરબાની.'

હું મનમાં ઘા ખાઇ ગયો. આ શું? એકાએક આ 'તું' પરથી 'તમે' પર ક્યાંથી આવી ગયો. શું અતીત ને વર્તમાન વચ્ચે મોટો પહાડ આવી ગયો? શું આટલા લાંબા સમયના ગાળામાં મન જરઠ થઇ ગયાં? હું એની નજરથી દૂર થઇ ગયો? મને ખરેખર જ આ દૂરાઇ કઠી. પણ મેં એની વાગધારામાં કંઇ અડચણ કરી નહિ ને એને નિરંકુશપણે બોલવા દીધો. હશે જે હોય તે, પણ એના હૈયાની વરાળ તો નીક્ળી જ જવા દેવી જોઇએ.

'અલ્યા એમાં શાની મહેરબાની? આ તો મારી જ ભૂલ કે મેં તારી મૂલાકાત જ ના લીધી. આ તો ઉપરથી તું મને 'તમે' ક્હે છે. એટલો બધો તેં દિલમાંથી મને હાંકી કાઢયો.'?

'ના એમ નહિ, પણ ગમે એમ પણ તું મારાથી આગળ ને હું તો આમ જ હાથપાંગોઠા વીંઝીને પરાણે કુટુંબનું પોષણ કરતો આવ્યો છું. ગમે એમ પણ હું પ્રમાણિક્તાથી જીવ્યો છું એટલો મને સંતોષ છે ને છોકરાઓ પણ સારા કે હજી દારૂને અડયા સુદ્ધાં નથી.'

'તો એટલી મહેરબાની ઇશ્વરની માન.'

'એ તો ઇશ્વરની કૃપા જ ક્હેવાય. કે આ ગામનાં નાનાં મોટાં બધાં દારૂએ ચડયાં છે. સાંજ પડે એટલે કીડીઓની લાઇન લાગતી હોય છે.'

'પણ એતારી ટેક્ને પ્રતાપે. તું જ જો વ્યસને ચડી ગયો હોત તો છોકરાં પણ એ જ રસ્તે ચડયાં હોત. ને કુટુંબ પણ પાયમાલ થઇ ગયું હોત.'

એને આવાં શીતળ વાક્યો સાંભળીને શાંત્વન મળતુ હોય એમ લાગ્યું. ચહેરા પર સંતોષ લાગ્યો. એને થયું હશે કે આટલાં વર્ષોમાં આ પહેલીવાર આ કદરદાન વાક્યો સાંભળી રહ્યો છું.

'આ બૂમલાં ને કરચલા લેવા છોકરાને છેક ખંભાત મોકલેલો.' એણે એની પત્નીને બોલાવી. એક

વાટકામાં મૂકેલાં તે બતાવ્યાં.

'કોકે દવા બતાવી કે કરચલાને પાણીમાં ઉકાળી એ પાણી પીજે. તે છેક ખંભાતથી મંગાવ્યાં.'

ક્યા રોગ માટે આ વપરાતાં હશે? પણ એ પૂછીને એને દુ:ખી કરવા માંગતો નહોતો. જે હશે એ, કંઇક સારૂ થવાની જ દવા હશે ને? આવી નહિ તો સાઇઠ માઇલ દૂર તે કોઇ લેવા મોક્લતું હશે? આવા દવા સારી કે ખોટી એ તો ભગવાન જાણે પણ દર્દીનો આત્મવિશ્વાસ એ મોટો સંતોષ હોય છે. નાગના ડંખનું વરણ કરવા હનુમાનજી તેની ઔષધી લેવા છેક હિમાલય ગયા હતા. આંતરીક શ્રદ્ધાથી માણસ ટકી જાય છે.

ત્યાં સુધી ચા આવી ગઇ. અડધી એને આપવા કરતો હતો પણ તેણે ના લીધી. મને આ ચા પણ જાણે કોઇ આરામગાહમાં બેસી શાંતિથી પીતો હોઉં એમ જ લાગ્યું.

મુખે જે બોલતુ હોય તેના કરતાં મૌનમાં વધારે બોલાય છે. મનની બધીજ લાગણીઓ, અનુભૂતિ કંઇ મુખથી સ્રવતી નથી. મનમાં, શરીરમાં હૃદયમાં તે ધોળાયા, અમળાયા કરે છે. માણસ એની જ અનુભૂતિ કરતો હોય છે.

વાતોની સાથે સ્મરણયાત્રા પણ સાથોસાથ ચાલતી હોય છે. કડવા મીઠા, દુ:ખદ આનંદપ્રદ પ્રસંગોની એક આછેરી ઝલક પસાર થઇ જતી હોય છે. બહાર બોલાતા શબ્દો તો માત્ર થોડું જ પ્રતિબિંબ પાડતા હોય છે.

'તને થાય છે શું? કેમનું આ એકદમ થઇ ગયું? દવાબવા કરાવી કે નહિ?'

'કાલે ડૉક્ટર બોલાવ્યા હતા.'

મનમાં તો હું સમજી જ ગયેલો કે આટલું બધું જામી ગયું છે. શરીર દોરડી જેવું થઇ ગયું છે. કોઇ મોટા નિષ્ણાંત વગર આ સારવાર થાય જ નહિ. આ જ બિમારી કોઇ શ્રીમંતને આવી હોત કેટલાય રૂપિયા સ્હેજવારમાં ખર્ચી નાખ્યા હોત ને મોટરો રનવન કરતી હોત. કેટલા તો સદ્‌ગૃહસ્થો મૂલાકાતો લઇ ગયા હોત ને કશી જ જરૂર ના હોય તો પણ કહેતા જાય. 'કંઇ જરૂર હોય તો કહેજો.' પણ અહીં એટલી જ સારવારની જરૂર છતાં મહોલ્લાના ડૉક્ટરની દવા ચાલતી હતી. ગરીબો માટે દવાખાનાં જ ક્યાં છે? એમને કાં તો મરવું પડે કે પછી ખાટલામાં પડયા પડયા ઉંહકારા ભરવા પડે.

તેણે કહ્યું, 'આ છોકરાની નોકરી છૂટી ગઇ. ખાનગી નોકરીમાં જતો હતો તે ય આધાર તૂટી ગયો ને હું તો સાવ નકામો થઇ ગયો.'

એણે રૂમાલ કાઢીને મોઢા પર ઢાંક્યો ને રડી પડયો. '...આ છોકરાનું ધ્યાન રાખજે, ભઇ.'

મને મારા ભાઇનો પ્રસંગ ફટ દઇને મગજમાં આવી ઉભો રહ્યો. તે વખતે જેવો આઘાત લાગેલો એવો જ અત્યારે પણ લાગ્યો. એને ગળાનું કેન્સર લાગુ પડેલું. હમણાં કહ્યું એજ ડૉક્ટર દાઉદ એને અમદાવાદ સિવિલમાં લઇ જતો હતો. ભાઇને વધારે દાખવી ગયું. ત્યારે મને સંદેશો મોક્લાયો. દવાખાને નવા અમદાવાદ જતા હતા. બસ પકડવાની હતી, બસ સુધી જવા તે ઝાંવાં મારવા લાગ્યા. કંઇક સહેજ અમથી જ મને વાર લાગી તેમનો હાથ પકડવાની. એમણે પોતાને તે વખતે પ્રથમવાર નોંધારા માની લીધા હશે. તે બોલી ઉઠયા હતા:

'ભઇની હામુ જો જો જરા.' મારુંઅંતર એ હૃદયદ્રાવક શબ્દો સાંભળી દ્રવી ગયું હતું. હું સગોભાઇ સાથે હોવા છતાં તે આવું બોલ્યા હતા. અત્યારે ડેવીડના ઉદ્‌ગારો એ મને મારા મોટાભાઇની યાદ અપાવી દીધી.

'અરેરે, શું કરે છે લ્યા તું, મરદ થઇને આવું કેમ બોલે છે. તારો છોકરો છે. પુત્રી છે. વ્હાલસોયી ને તંદુરસ્ત પત્ની બધાં ખડેપગે છે તો તું આવું નિરાશાભર્યું કેમ બોલે છે? તું એકલો ક્યાં છે? ને બધાંનો છેવટે ઇશ્વર તો છે ને? આવી ખોટી ચિંતા કરીને શરીર વધારે બગાડીશ નહિ. માંદાસાજા તો થવાય. કંઇ નિરાશ ના થવાય. ચાલ ચુપ થા જોય. વર્જિનિયા પાણી લાવો. ચાલ હેંડ, બહુ સેન્સીટીવ ના થા. હજુ તો તારે આ લોકોને પરણાવવાનાં છે. આવું નિસાસિયું બોલીએ તો ઘરવાળાંય ભાંગી પડે.'

પાણીનો ગ્લાસ આપતાં આપતાં એની પત્ની ય ગરમ થઇને બોલી.

'કશું ખાતા નથી ને ઉકરી ઉઠ છ.'

એણે હાથમાં ગ્લાસ લેતાં કહ્યું.

'અલ્યા ભઇ, પણ ભાવતું ના હોય ને કેમનું ગળે ઉતારું' એણે પાણીનો ઘૂંટડો ભર્યો.

'કશું મોઢે જ લાગતું નથી પછી?'

'મેં કહ્યા ખાધા વગરનો કેમનો બેઠો થઇશ!'

'આ બેઠો તો છું' એ થોડોક મલકાયો.

મહોલ્લાની સ્ત્રીઓ એને મળવા આવતી હતી ને એની પાસે બેસી હિંમત આપતી હતી ને એની પાસે બેસી હિંમત આપતી હતી. ખળીમાં આ બધાંએ તેની સાથે કામ કરેલું. એને એમને જોઇ આનંદ થતો હતો. સારુંછે કે આ દવાખાનું નથી. અહીં ગમે એટલો સમય દર્દીની સાથે ગાળી શકાય. દિલથી વાતો થાય. એ દવાનું જ કામ કરે.

પણ હું બીજા વિચારે ચઢ્યો હતો. ગમે તે પણ આને કંઇક કહેવું છે ને ખરી વાત કદાચ એને કશું કહેવાની હશે. પણ હું પણ અડગ થઇને બેઠો જ છું. આ બેનો જોડે પણ વાતો કરી લે ને.

## પ્રકરણ ૧૧

બોલતાં બોલતાં તો એને શ્વાસ ચઢી જતો હતો. વિચાર આવ્યો કે નથી આને કોઇ વ્યસન કે નથી કોઇ ગંભીર દર્દ. પાતળા બાંધાનો પણ સાવ નિરોગી. તો આ દર્દ એને ક્યાંથી વળગ્યું? ટી.બી. કે એવી તો અસર નહિ હોય? આને તો અત્યારે મોટા દવાખાને જ દાખલ કરવો પડે, ને અહીં તે વ્યર્થ સબડી રહ્યો છે. વ્હેમી માનસ કે અંધશ્રધ્ધાથી દોરાઇને દવાખાને ના જતો હોય તેવું તો છે જ નહિ, એ પોતે જ હંમેશાં અંધશ્રધ્ધાનો વિરોધી રહ્યો હતો. એવાં કેટલાંય પછાત કુટુંબોનાં બાળકો માંદાં પડતાં, તેઓ ક્હેતાં: 'માતાનો રથ ફરી વળ્યો છે.' ત્યારે આ જ તેને હસી કાઢતો. પણ દર્દ તો દર્દ જ છે. એનો નકાર થઇ શકે એમ જ ન હતો.

પણ આટલી બિમારીમાં પણ હું એની આત્માની ખુમારી તો જોઇ શકતો હતો. આવી સ્થિતિમાંય ઘરમાં જાણે એનો જ દોર ચાલતો હતો. એનો પડયો બોલ ઝીલી લેવા એની પત્ની, છોકરાં પણ તૈયાર હતાં. એ શું માગે છે, થૂંકવા માટે વાસણ, પાણીનો લોટો કે રૂમાલ લઇને તરત જ હાજર થઇ જતાં હતાં. એ જોઇને પણ મને પરમ સંતોષ થતો હતો. ગમે એમ પણ એણે પોતાનો અસલી ડેવીડ તો ગુમાવ્યો નહોતો. એની પત્ની પર આવો અણધાર્યો બોજ આવી પડશે એની એને ય કલ્પના નહિ હોય. હજુ તો જુવાન છે. સશક્ત છે, માનસિક રીતે પણ હારી જાય એવી નથી. પણ છતાં ગમે એવો બોદો બાદલ્યો પણ પુરુષનો સહારો. સ્ત્રી પણ ગમે એટલી સશક્ત હોય, મનોબળવાળી હોય પણ પુરુષનો સંગાથ તો જોઇએ જ. પણ આમ ઓચિંતો સહારો તૂટી જાય ત્યારે એ નિરાધારીતા અનુભવે છે.

મારા વિચારોની સાથે ડેવીડના વિચારો પણ અનુસંધાન સાધતા હતા. તેણે પણ એજ હૈયાવરાળ કાઢી.

'પેલો બાઇબલમાં ગયો છે એનો તો મને બિલકુલ સહારો જ નહિ ને? આ બીજો છે એને પાછી નોકરીમાંથી છૂટો કર્યો છે. પેલો તો હરામી નીકળ્યો. એની પાસે મેં કેટલી આશાઓ ને અરમાનો રાખ્યાં હતાં ને એના માટે મેં અચ્છો અચ્છો વાનાં કર્યાં પણ એને અહીં હું લાવ્યો એ જ મોટી ભૂલ મેં કરી છે. આ તો સાપોલિયું જ મેં ઉછેર્યું છે. પહેલેથી જ હરામ હાડકાનો. એ મારા કામમાં સ્હેજેય આવ્યો નથી.'

મેં વચમાં જ કહ્યું, 'તો એને અત્યારે બોલાવ ને? આવી વખતે કામ ના આવે તો ક્યારે આવશે?'

'અરે જવા દેને? મેં ખબર મોકલાવી, તો ક્હે.'

'એમાં હું શું કરું?'

'શું વાત છે, એવું કહ્યું એણે? બાઇબલનો પ્રચાર કરવા નીકળ્યો છે ને અહીં બાપ બિમાર પડયો છે ને એ ક્હે છે, હું શું કરું?' એને ક્હેવડાવને કે ઢાંકણીમાં પાણી લઇને ડૂબી મર. કેવો નફફટ?

'અરે જોવા સરખોય આવ્યો નથી. અહીં ફળિયાનાં બધાં આવી ગયાં. તું છેક નડિયાદથી આવ્યો પણ એને મારી ચિંતા નથી.'

'એને કહીએ, એ બાઇબલની સેવા રહેવા દે ને અહીં બાપની કર!'

'બાપ તો એને ઝેર જેવો લાગે છે. અત્યાર સુધી એને પોષ્યો, ને હવે ઘરમાં ટેકારૂપ બનવાનું આવ્યું

ત્યારે બાઇબલનો ડાંડો લઇને નીકળી પડયો છે. એ બહાને જવાબદારીમાંથી છટકી ગયો. અહીં વગર સંબંધેય મદદ કરવા લોકો આવે છે.'

'સારુંચાલ, એવું બધું વિચારીને દુ:ખી થવાનું રહેવા દે. ઇશ્વર બધું સારુંકરી દેશે. બધાનો એજ ધણી છે. આ દિકરો-દિકરી પત્ની બધું છે ને! કેટલી કાળજી તારી રાખે છે! એ નહિ આવે તો એને નડશે. આ ધર્મનો ધંધો લઇને બેઠો છે એના ઓથા હેઠળ ફોરેન ફંડ લાવીને લ્હેરિયાં કરવા સિવાય બીજું શું કરવાનું છે.'

'અરે આતો એમાંય દગાબાજ નીકળ્યો. મને તો દગો દીધો પણ જેનું લૂણ ખાધું તેને પણ અલવિદા કરીને આગવું કર્યું છે. હવે એને લોભ લાગ્યો છે.'

'સારૂં ચાલ, થોડો આરામ કર, પાછો શ્વાસ ચઢી જશે, ક્યારનોય એકધારુંબોલ્યા કરે છે. આવ્યો ત્યારે તો બોલતાંય ફાંફાં પડતાં હતાં પણ હવે તો જાણે સરસ્વતી જ જાણે દોડી. કંઇ ખાવાની ઇચ્છા છે?'

'કશું નહિ, એવી તસ્દી ના લેતો, આટલી ચિંતા કરે છે એ ઓછી છે?'

એણે એના છોકરાની એની સંસ્થામાંથી નીકળી ગયાની વાત કરી એમાં મેં વધુ સ્પષ્ટતા માગી.

'એ કોઇ દેવળ છે? ક્યા પંથનું છે?'

હું પણ સ્વાર્થી જ છું ને? આવી એની ગંભીર પરિસ્થિતિમાં પણ એને પ્રશ્નો પૂછીને મૂંઝવું છું. જવાબો આપવાની એની સ્થિતિ તો છે નહિ. પણ તો એની ય ક્યાં જીભ બંધ રહે છે! એનેય જાણે અત્યારે જ બધા ઇતિહાસો ઉખેળવા હોય એમ જ કરે છે ને?

એની સરસ્વતી ચાલુ થઇ. એને સંતોષ થતો હોય તો મને સાંભળવામાં શો વાંધો આવવાનો છે?

'એ જુદો જ કોઇ નવતર ફાંટો છે. આ ચાલુ પરંપરા મુજબની મંડળીઓ (દેવળો)માં એમને સંતોષ ના થયો હોય કાં તો એમના ધાર્યા મુજબનું ના થતું હોય, કે પછી દાન ધર્માદા, ફોરેન ફંડ તરફ નજર હોય, એટલે એમાંથી નીકળી જઇ પોતાનું આગવું તંત્ર ગોઠવે, આમાં કોણ ભલા રોકવાનું હતું. ધર્મ એવી બાબત છે કે જેને જેમ ફાવે એમ વર્તે.'

'એટલે આ સંસ્થા પણ એમાંની એક છે. હવે તો યુવાન છોકરીઓ પણ માંય પ્રવેશતી થઇ છે. આ બધાંને એનું ઘેલું લાગ્યું છે. દિશાહીન યૌવનધનને ઘસડતાં વાર કેટલી? એક બાજુ નોકરીનાં ફાંફાં હોય, ઘરમાં કંકાસ ને અસંતોષ હોય. માતા, પિતા એમના તરફ જોઇતું ધ્યાન ના આપતાં હોય, દેવળોમાં શિસ્ત ને નિયમો. આ બધું થઇને યુવાનમાનસ પર વિપરીત અસર પડે છે. એ સ્વતંત્ર થવા તલસે છે એટલે આ સંસ્થાઓ તેમને અનુકૂળ વાતાવરણ પૂરુંપાડે.'

'આ લોકો યુવાનોની કારકીર્દિ કે રોજગારી માટે કંઇ કરતા નથી?'

'ગામડે ઉપદેશ આપવા જાય. પ્રાર્થનાઓ કરાવે ને દાન મળે. બધાને વ્હાઇટ કોલર જોબ જોઇએ. આમાં પોતાની પ્રેસ્ટિજ પણ સચવાય. ઇસુએ જેવાં કાર્યો કર્યાં એમાં એમને રસ નહિ, આવી લકઝરીયસ લાઇફ કોને ને ગમે?'

હું વિચારમાં પડી ગયો. બિચારા ખ્રિસ્તી યુવાનો! તેમને કોઇ સાચી સૂઝ આપનારાં માધ્યમો જ નથી. તેમની સામે કોઇ જોનાર નથી. જૂના જમાનાના ફાધરો પોતાનો દેશ, વેશ છોડી અહીં ગરીબ છોકરાઓની આંગળી પકડીને ભણવા લઇ જતા. બોર્ડિંગમાં રાખી ભણાવતા, માણસ બનાવતા. આજે એમાંનું શું રહ્યું છે? ધર્માદા ઉઘરાવો ને જલસા કરો. ધર્મજનોમાં પણ કોઇ કર્મનિષ્ઠ માણસ ન મળે. બધા પોતાને જ્ઞાની સમજે. કષ્ટ નામની કોઇ ચીજ ન મળે. દેવળોમાં વિધિ દરમ્યાન આક્રોશ ઠાલવે, ક્રોધ કરે પણ એ ક્રોધની સમાજ કે સરકાર પર શી અસર થવાની?

તેને બોલવામાં તકલીફ પડતી જ હતી. બોલતાં બોલતાં શ્વાસની ગતિ પણ વધી જતી હતી. પણ જાણે એને પણ આ સાંભળનાર પહેલો જ મળ્યો હોય એમ એના હૃદયમાંથી ઉકળાટ વધ્યે જ જતો હતો.

'એ છોકરો માંદો પડયો, પણ બિચારાની કોઇ મૂલાકાત સરખું ના લે. દવાખાનામાં નાખી મૂકેલો. તેનું બીલ પણ મારા માથે? હું જ પરાણે દા'ડા કાઢતો હોઉં ત્યાં.'

ઘડિયાળ પણ એનું કામ કર્યે જતી હતી, સમય આગળ ધપ્યે જતો હતો. અગિયાર વાગી ગયા હતા, મારે પૌત્ર-પૌત્રીને સ્કૂલમાંથી લેવા જવાનો સમય મને ચિંતિત કરાવતો હતો. ને એ પણ થાક્યો હશે, ક્યારનો એકી બેઠકે દિવાલને અઢેલીને બેઠો છે. એણે પણ વિરામ કરવો જોઇએ.

'સારુંજો ડેવીડ, કાલે હું અવશ્ય આવીશ ને તારી અધૂરી વાતો સાંભળીશ. તને વાંધો નથી ને. પેલાં છોકરાંને ટાઇમ થવા આવ્યો છે એટલે મારે તેમને સ્કૂલમાં લેવા જવું જ પડશે. ને ખોટું ટેન્શન રાખી શરીર વધું ન બગાડીશ.'

ઘેર જવાની વાતથી એને આંચકો લાગ્યો. ચાની અડધી રકાબી મોંએ હોય ને કોક આંચકી લે એવું એને થયું.

'....મારાથી બનશે એ મદદ કરીશ પણ નાસીપાસ ના થઇશ. જીવવાનું તો ઘણું બધું છે હજી તારે. જમરાજા આવે ને તો કહી દેજે તું ભાઇ ઘર ભૂલ્યો છે. જા પાછો.'

મેં હસતાં હસતાં કહ્યું ને મહોલ્લાની સેવા કરે છે કે નહિ? આમ પડી રહેવાનુ તો એને કદી ફાવતું નહિ.

એનાં મોં પર પણ ઉજમ આવી ગયું. એનેય જૂનાં સ્મરણો તાજાં થયાં જ હશે. મનોયાત્રા તો સાથે જ હોય.

'સારું ' હોઠમાં સ્મિત ફરફરતું હતું. 'પણ કાલે આવવાનું ચૂકતો નહિ. અધવચ્ચે જ ઉપડી જવાય એ પહેલાં...' મેં એકદમ જ એનાં મોં પર હાથ દઇ દીધો.

'બસ હવે બોલવાનું બંધ કર. ને હું જઉં છું. ચાલ બેસ.'

## પ્રકરણ - ૧૨

ઘેર આવ્યો પણ મન તો એનામાં જ ફરતું રહ્યું. આ તો બહુ મોટી આફત એના પર તૂટી પડી. ઘરના કોક પર આવી આફત આવી હોત તો એ ધોઇ પીવત, પણ આ તો એના પોતાના પર જ આવી પડી હતી. માણસની તંદુરસ્તીમાં તો એને સપનેય ખ્યાલ આવતો નથી કે મને અસાધ્ય બિમારી આવી પડશે. કોઇ વાના દુ:ખથી ચાલી શક્તો ના હોય તો સાજો માણસ એને હસી કાઢે છે. મજાક પણ કરી લે છે. પણ આગળ જતાં, ઉંમર વધતાં એ જ સ્થિતિ એની પોતાની આવી પડે છે ત્યારે...

ડેવીડને પણ એમ જ થયું. એ પણ વૃદ્ધોની ઘણી વખત ઉડાવતો યે ખરો. પણ એના ખ્યાલ બહાર માંદગીનો મહેમાન આવી પડયો એનો પણ એને ખ્યાલ ન રહ્યો.

આ ટૂંકા જ ગાળામાં આ શું થઇ ગયું? હવે એ પૂર્વવત્ત બેઠો થઇ શકશે? સારવારનો આટલો મોટો ખર્ચ ઉઠાવી શકશે? શ્વાસ ચઢે છે એટલે ફેફસાનું જ દર્દ હશે. પણ એને પોતાને અંદરથી ઉઠવાની આશા તો હતી જ પણ નિરાશાનું એકાદ કિરણ પણ તેના મુખ પર ફરી વળતું. સાજા થવું કે માંદાં પડવું એ તો આખરે ઇશ્વરના હાથમાં છે પણ માણસનું આશ્વાસન બે સારી વાતોની તો એને જરૂર રહે છે જ. ભલે હું એને પુન: સ્વાસ્થ્યની ભેટ આપી ન શકું. પણ એની પાસે બેસીને પહેલાં જેમ નફિકરા બનીને વાતો કરતા હતા એમ વાતો તો કરી જ શકું. એના ઘરવાળાં કે ફળિયાનાં મૂલાકાતીઓ પણ આથી તો વધુ કશું કરી શકે નહિ.

બીજા દિવસે એને મળવા નીકળ્યો.

પ્રવેશતાં એણે આવકાર આપ્યો. જાણે મારી જ પ્રતીક્ષા કરતો હોય, આંખો તો બારણા બાજૂ જ મંડાયેલી હતી.

સૂતેલો હતો તે બેઠો થયો. 'બેસ' એણે કહ્યું.

હું સામે મૂકેલી ખુરશી એની તરફ ખેંચીને બેઠો.

વર્જિનિયાએ પાણી આપ્યું.

'કેમનું છે, આરામ છે?'

'કાલ કરતાં કંઇક સારું એની સાથે જાણે મને પણ સારુંથતું હોય એમ લાગ્યું.

મેં થેલીમાંથી વસ્તુઓ કાઢીને એના ખાટલા પર મૂકી. પણ વિચારોએ મને પાછો ઘેરી લીધો. આ વિચારો જ ના હોય તો માણસ કેટલો સુખી હોય? આ ફળો, પૈસા વગેરે આપું છું તો ખરો, પણ મારા મોટાભાઇ આ સહન કરી શકશે? એ જાણશે તો ક્હેશે, 'અહીં હું પોતે કંગાલિયત ભોગવું છું ને આ વળી દાન કરવા નીકળી પડયો છે! તો મોટાં ભાભી ક્હેશે હું અનાથ છું. કોઇ મારી સામું જોતું નથી. ને આ લખેશરી પારકાને ધરવવા બેઠા છે.

દિલમાં એવો તો ચિરાડો પડે છે આ વિચારોથી પણ શું કરું? મિત્રની કરુણાસ્થિતિ જોઇને આંખમીંચી દઉં તો હું કેવો નફ્ફટ ને નિર્લજ્જ ક્હેવાઉં? એણે પહેલાં મારી પાસે મદદ માગી પણ હતી. તે હું પૂર્ણ કરી શક્યો નહોતો. અત્યારે એ ઋણ ચુકવવાનો અવસર આવ્યો ત્યારે મોં ધોવા જતો રહું?

માણસ સ્વતંત્રતા ભોગવવા કેટલો તલપે છે પણ ક્યાં છે એ? ક્યાં છૂટ છે? કેટલાં બધાં બંધન, મર્યાદાઓ ને દિવાલો! મારી આંખ પણ એ વિચારોથી ભીની થઇ ગઇ. ગળુ ભરાઇ આવ્યું. મન મૂકીને કોઇને આપી પણ ન શકું? આ પ્રતિક્રિયા તો મારા મનમાં ચાલતી હતી, ડેવીડને તો મારા મુખ પર કાંતિ જ દેખાતી હતી. પણ એક ઉપદેશમાં સાંભળ્યું હતું, ‘ભલું કરવામાં કોઇની બીક રાખવી નહિ.’

મારા હ્રદયમાં કેવો ઉલ્કાપાત, કેવી ઉથલપાથલ મચી હશે એની આ નિર્દોષ મિત્રને કેમની ખબર પડે? હું મહોલ્લામાં બેકાર યુવાનોને રોજગારી મળે એ હેતુથી હાથશાળો ઉભી કરવા માંગતો હતો. મારા આ મોટાભાઇ હાથવણાટમાં પારંગત હતા એટલે એ બધાને તાલીમ આપે. તે મંદ પડી ગયેલો આ ગૃહઉદ્યોગ ફરીથી ચેતનવંતો થાય એવી ધારણા હતી. આખી યોજના એમને કહી તો કહે,

‘મારા દુશ્મનો ઉભા કરવા છે?’ ને એ આખી સરસ યોજના પડી ભાંગી ને મારાં સપનાનો પણ ભંગાર થઇ ગયો.

‘આટલું બધું શું કરવા લાવ્યો?’

એની આંખમાં પણ ઝળઝળિયાં આવી ગયાં. ને આંખો લૂછવા લાગ્યો. એ આંસુ એની પોતાની લાચારીનાં હતાં.

‘લે હવે એવું મનમાં ના લાવ. આ વખતે હું કશાય કામમાં ના આવું તો ક્યારે આવું!’

અહીં આવતાં પહેલાં એના જ ફળિયામાં રહેતા ને એની દવા કરતા દાઉદ ડૉ. એ મને જોયો એવો જ એના ઘેર બોલાવ્યો. ઘણે વખતે આવ્યો હોવાથી તેણે ચા મૂકાવી. પાડોશીઓ પણ કેટલા હમદર્દ હોય છે. તેઓ પણ આને માટે સંચિત રહેતા હતા. પણ તેણે જે વાત કરી એ સાંભળી હું ગમગીન થઇ ગયો.

‘ટી.બી. છે. ફેફસાંનો આ ભાગ,’છાતી નીચેનો ભાગ બતાવી કહે,’ ખલાસ થઇ ગયો છે, એટલા પૈસા એ ક્યાંથી લાવવાનો છે?

કરચલાનું પાણી મને લાગે છે આ રોગને લગતું જ હશે. ઝળહળતા પ્રકાશની ગેરહાજરીમાં આવી કોઇક ઝીણી દિવેટના અજવાળાથી પણ માણસ જીવી જતો હોય છે. કોડિયું તો કોડિયું, સો વોલ્ટેજનો બલ્બ ના હોય તો ક્યાંથી ઉપજાવવાનો? એવા તો અસંખ્ય જીવો આવી એક ધીમી જ્યોતના સહારે જીંદગી ખેંચી લેતા હોય છે. પછી ખંભાત જેવા દૂર સ્થળે પણ કેમ ન જવું પડે.

ભારે હ્રદય લઇને ત્યાંથી ઉઠયો. પગેય ઢીલાઢબ થઇ ગયા. ગઇકાલે જે ઉત્સાહથી આવ્યો હતો ને વાતો કરતો હતો એ પાણી રહ્યું નહિ. એને ખ્યાલ પણ ન આવવો જોઇએ કે મને ખબર પડી ગઇ છે. કહું તો આટલું બળ છે એ પણ ગુમાવી બેસશે.

હું ખરેખર જ ચિંતામાં પડી ગયો હતો. જેની સાથે રહી ગામની પ્રવૃત્તિઓ કરેલી, એકબીજા વગર અમને ચાલતું નહિ, અંતરની વાતો કરેલી, એ હવે અનંતયાત્રાએ ઉપડવા તૈયારી કરી રહ્યો છે કે શું? એટલે જ મને હૈયાનાં દ્વાર ખોલી નાખવા બોલાવ્યો હશે? ના, ના હજુ તો એના ખોળિયામાં રામ છે. કશું નથી થવાનું એને. એ જીવવાનો છે. હજુ તો રંગમંચ પર એણે ઘણા વેશો ભજવવાના છે. હજી તો ઘણાં સપનાં અધૂરાં છે.

થેલીમાંથી એને માટે સરસ મોટી પપૈયા જેવડી હાફૂશ કેરીઓ લાવ્યો હતો ને શક્તિ માટે બકરાનું મટન પણ લાવ્યો હતો. તે કાઢયાં.

મેં કહ્યું, 'આમાંથી કપ ભરીને સૂપ પીજે, એ પચવા માટે સારું રહેશે.'

'વર્જિનિયા, લે જો આ શું લાયો છે!'

તેણે અહેસાનયુક્ત ભાવે વસ્તુઓ લીધી, મેં ખિસ્સામાંથી પાંચસો રૂપિયા પણ કાઢયા ને એની સામે ધર્યા.

'ના ના, રે'વા દે.'

'પણ આ ઉછીના નથી આપતો તે તારે પાછા આપવા પડે. એટલે રાખ.'

એણે સ્વીકારવાની ના જ પાડયે રાખી. પણ મેં એનો હાથ પકડી તે પકડાવ્યા.

આમાં હું કશું આપતો નહોતો. મિત્રઋણ ચુક્વવાનો આજે મને પૂરો આનંદ ને સંતોષ હતો. એના કુટુંબને ને અમારા કુટુંબને આમ કશો વ્યવહાર નહિ એટલે લોકો જાણે કે મેં આને આમ મદદ કરી હતી તો હજાર શંકાની સોયો ઘોંચાશે. 'શું હશે, કેમ આપતો હશે. આટલા બધા તો કંઇ કેચ હોય તો જ આપે. નહિ તો આજે તો ખપ વગર કોઇ ચા-પણ પાતું નથી. ને આટલું બધું એકસાથે આપે એ વિચારવા જેવું તો ખરું જ.

પણ આ બધી ગણતરીઓ સાંસરિક વિચારવાળાઓને હોય પણ એક બે વ્યક્તિઓ અમારી મિત્રતાને જાણતા હતા. એક ભાઇએ તો કહ્યું પણ હતું 'તમે મિત્રનો સંબંધ જાળવી રાખ્યો ખરો.' આ પ્રમાણપત્ર મારા માટે બસ હતું.

પણ એક વાત પાછી મનમાં ધોળાતી હતી પણ તે કહું કે ના કહું?' એને થશે, આટલું આપે છે, એમાં તો શરતો મૂકે છે. પણત્યારે કહ્યા વગર છૂટકોયે નહોતો. અત્યારે પ્રાર્થના કરાવનારાઓ ને ઉપદેશકો પ્રભુની સેવાના નામે ઘણા ફરતા હોય છે. ગામડાની ભોળી પ્રજા આવી આર્જવતાભરી પ્રાર્થનાઓથી પ્રભાવિત થઇ જાય છે ને ઘરમાં પૈસો યે ના હોય તો પણ દાન કરવા તલપાપડ થઇ જાય છે તેમને તો પ્રભુને દાન કરતા હોય એમ જ લાગે છે ને આનો સ્વભાવ પણ હું જાણું. આવા ધાર્મિક માણસો તરફ એ માન ધરાવે છે. એટલે ખિસ્સામાં હાથવગા પૈસા હોય તે આપી દેવા પ્રેરાય. એટલે મેં આપેલો પૈસો આવા ઉપદેશકોને જાય એ મને ગમે નહિ.

એટલે મેં એને પ્રથમથી જ ચેતવતાં કહ્યું,

'આ પૈસામાંથી પેલા પ્રાર્થના કરાવવા આવે છે એમને પૈસોય આપવાનો નહિ. આ ફક્ત તારા માટે જ છે.'

મારી બીકને તોડતાં એણે કહ્યું.

'ના પણ હવે એ બધાને બંધ જ કરી દીધા છે. મેં કહી દીધું છે કે, ભૂખ લાગી હોય તો કામધંધો કરો. ને આવી ભીખ માગીને ધર્મને વગોવવાનું બંધ કરો.'

વસ્તુઓ ને પૈસા જોઇને એણે કહ્યું.

‘આ ઋણ હું ક્યારે ચૂકતે કરીશ?’

મેં મજાક કરતાં કહ્યું. ‘પુનરૂત્થાનમાં’

એ ય હસ્યો.

‘જો આ ઋણ નથી, આ મારી પ્રથમ ફરજ છે.’ દર્દીને લુખ્ખુ આશ્વાસન આપીને જતું રહેવું એ તો વેઠ ઉતાર્યા જેવું જ કહેવાય.

‘પણ આ તો બહુ કે’ વાય.’

હકીકતમાં તો હું કશું જ આપતો નહોતો. આથી પણ વધારે આપવું જોઇએ. પણ આ તો મારા આત્માને શાંત્વન પૂરતું. બાઇબલમાં તો કહ્યું છે કે મિત્ર માટે જાન આપી દે એના જેવો બીજો કોઇ પ્રેમ નથી. અહીં હું મારુંસર્વસ્વ આપવા તૈયાર થયો નહોતો. પણ આશ્વાસન પૂરતું એક બુંદ જ હતું.

મને આનંદ તો એ વાતનો હતો કે મિત્ર તરીકેની આ અણૂલ્ય ભેટ એણે સ્વીકારી. મને તો બીક હતી કે આ સ્વમાની માણસ ભડાક દઇને ના જ પાડી દેશે. પણ આજે તો એ પણ ખુશમિજાજમાં હતો, કાલના કરતાં કંઇક સારુંલાગતું હતું. એથી મને પણ આનંદ થયો.

## પ્રકરણ : ૧૩

આજે તો એણે નાહીધોઇને ધોયેલું ખમીસ પહેર્યું હતું. એ સારું લાગતું હતું.

મનમાં વિચાર આવ્યો. પલાણામાં ટી.બી.ની હોસ્પીટલ છે તેની વાત કરુંકે નહિ! કહીશ તો છંછેડાશે કે પછી ખોટું લાગશે. કહેશે, 'મને વળી ટી.બી.? હોય જ નહિ.' ને મારે ઉલ્ટું ઝંખવાણું પડવું પડશે.

ઘણા હૃષ્ટપુષ્ટ માણસો પણ પોતાનો રોગ જાહેર કરતાં અચકાય છે.

તો કઇ રીતે વાત કરું એ બોલતો હતો પણ હું શબ્દોમાં ગોઠવતો હતો. મેં બીતાં બીતાં મંદ અવાજે કહ્યું.

'પલાણા બતાવી જોયું હોય તો.'

પણ એણે તો બેધડક કહી દીધું.

'બતાવી જોયું. ફોટો પણ પડાવ્યો. ટી.બી. નથી. પણ ફેફસાંની નીચેનો ભાગ ખલાસ થઇ ગયો છે.'

તો આ શું કહેવાય? એ જ તો પેલો ડૉક્ટર કહેતો હતો.

સાંભળીને મને પણ ફાળ તો પડી જ. ફેફસાંને નુકસાન એ ટી.બી. નહિ તો બીજું શું?

'તો પછી સારવારનું શું?'

'ત્યાંથી ગોળીઓ લખી આપી છે, એનાથી સારુંથઇ જશે એવું કહ્યું.'

એક હૃદયના દર્દી પણ આમ જ કહેતા હતા.

'કશું નહિ, આ તો છાતીમાં થોડો દુ:ખાવો છે. જલ્દી મટી જશે, ડૉક્ટર બહુ હોશિયાર છે.' ને પછી બબ્બે ઓપરેશન કરાવવાં પડયાં ને સ્વમાનમાં ને સ્વમાનમાં મરણાધીન થયા. આ તો પોતાની જાત સાથેની છેતરપીંડી જ કહેવાય.

મારા સૌથી મોટાભાઇને ગળાનું કેન્સર થયેલું. પણ એમણેય જાહેર કરેલું નહિ. સિવિલમાં જાય પણ ગૂપચૂપ. એમણે પણ પ્રાણ ખોયો. આવા ખોટી પ્રતિષ્ઠાના મોહમાં માણસો જીવ ખોતા હોય છે. પણ સાચી વાત બહાર પાડતા નથી. માણસને જીવવાની જીજીવિષા હોય એ સ્વાભાવિક છે. પણ વ્યર્થ ગુમાનમાં જીવ ખોવો પડે છે એ વિચારતા નથી. મૃત્યુ શબ્દથી એ બીએ છે પણ વાસ્તવિક્તા પચાવી શક્તા નથી. સગાંવહાલાંઓ પણ આવી કોઇક ઘેલછામાં રાચતાં હોય છે. ક્ષણિક શાંત્વનમાં કાયમી શાંતિનો આભાસ અનુભવે છે.

મારી આંખોમાં કેવા ભાવો રમતા હશે એ આને શી ખબર પડે? પણ ખબર પડે તો? વાણીમાં, શબ્દોમાં, ભાવમાં કે વર્તાવમાં કદાચ એવો કંઇક અણસાર એને આવી જાય તો એની દશા બગડી જાય. મારાથી એ અત્યારે જોજન દૂર જતો રહ્યો હોય એવું મને લાગ્યું. આ દિલાસા, આ શાંત્વન, આ મીઠી

વાણી. ક્યાં સુધી તેને જીવતદાન આપશે એ મારી મુંઝવણનો પ્રશ્ન થઇ ગયો. હવે આ વ્યક્તિત્વ કાઢી કાઢીને કેટલા દા'ડા કાઢશે? શરીરમાં તો માંસનો અંશ પણ દેખાતો નથી.

તો પણ આવી આવી તો કેટલીયે આફતો એણે પસાર કરી હશે છતાં એક સ્તંભની જેમ ટકી રહ્યો છે.

હું વિચારુંછું એણે કઇ રીતે આ જીવન બસર કર્યું હશે! શરીરનો બાદલ્યો ને એવું કંઇ શરીરશ્રમનું કામ થાય નહિ. ખેતરની મજૂરી પણ એનાથી થાય નહિ, કોઇ વાર સંચા પર બેસે પણ આ મહોલ્લા પર ધંધો ચાલે નહિ, લોકો ઉધાર સીવડાવી જાય કાં તો થીંગડાં મરાવી જાય, પછી સીટકવરો બનાવવાનું કર્યું, એ નવો ધંધો શરૂ કરે ખરો પણ પછી અધવચ્ચેથી ખોટકાઇ પડે, પેલાને તો બાઇબલની જ ધૂન ઉપડેલી. એનો જીવ તો ઘરમાં ચોંટે જ નહિ ને ખાવાનું ચાર જણા જેટલું જોઇએ. એકવાર એ ક્હેતો હતો. અથાણાની આખી બરણી થાળીમાં ઠાલવી ખાઇ ગયેલો. આમ હોય પછી ડેવીડભાઇ ગમે એટલા ઉધામા મારે પણ ઉંચા આવે જ કેવી રીતે?

પછી કોલસી લાવવાનું શરૂ કર્યું. એક ટ્રોલી ભરાવી લાવે એના અમુક ટકા કમિશન મળે, એમાં એણે સારુંગાડું ગબડાવ્યું. આના મનોરથો તો ખૂબ ભારે પણ તન તાકીને છેક પહોંચાડે નહિ, અખતરા કર્યા કરે.

પણ એ બધું હશે છતાં હું એને મહાન ક્હું છું. આટલી ભીડમાં, આટલી તીવ્ર તંગીમાં એણે આશા ગુમાવી નહિ, નિરાશ થયા વગર હસતેમુખે જીવનના વસમા ઘા ઝીલ્યા છે. મહોલ્લામાં ઘણી વ્યક્તિઓને વારસાગત સંપત્તિ મળેલી. વિના કષ્ટે, વિના પરસેવે, પણ એનું મૂલ્ય આના જાતપરિશ્રમ આગળ કંઇ ના ક્હેવાય. તેણે પોતે પણ સમાનકક્ષા મેળવવાના પ્રયાસો તો કર્યા હતા પણ પ્રમાણિકતાથી. મારા વચેટબંધુની જ વાત. પંડે એકલા. ઘરની ખેતી, વણાટકામ પૂરજોશમાં ચાલતું. ઉપરાંત મંડપ, ડેકોરેશન, ખેતીવાડીનાં બધાં જ સાધનો છતાં પણ એમનો દા'ડો વર્યો નહિ. પૈસાની કાયમ ખેંચ ને ખેંચ રહેતી. એની સરખામણી કરુંછું તો આટલાં ટાંચાં સાધનો છતાં કુટુંબને ઓશિયાળું બનવા દીધું નથી. દેવામાંય ડૂબ્યો નથી. ઘણીવાર તો ચા પીને ટંક કાઢી હશે, શાકવગર લૂખો રોટલો ખાધો હશે, તેલ ઘી વગરની કોરી ખીચડી હશે, દૂધ વગરની ચા પીધી હશે પણ પૂરા સ્વમાનથી ને ઉન્નત મસ્તકે જીવ્યો છે. ઘરનું સ્હેજે નીચું પડવા દીધું નથી. ઓળખીતાં પરિચિતો આવે એમની યોગ્ય સરભરા કરી છે તેથી હું તેને બધા કરતાં વેંત ઉંચો માનું છું. જે બીજાના પરસેવે જીવે છે, ને છતાં મોભાવાળા છે. તેમના કરતાં તેને હું ઉંચી પંક્તિનો ગણું છું. પહેલાં ઉછરતી જુવાનીમાં ભલે એ ગમે એમ જીવ્યો. પણ જવાબદારીથી ભાગ્યો નથી. એક જવાબદાર બાપ, ને જવાબદાર પતિ પણ રહ્યો છે. અત્યારે તો એ દારૂને અડતો પણ નથી. પણ પહેલેથી કલ્પનાશીલ તો ખરો જ. ખ્વાબમાં ને ખ્વાબમાં જ જીવે. પણ એજ એનું અસલ સ્વરૂપ હતું. એ એની અણમોલ ભેટ હતી. એ જો એણે ગુમાવ્યું હોત તો બાકી કશું ના રહેત. સૂકાં પર્ણો માત્ર રહી જાત. એને આધારે તો એણે જીવન આસાનીથી વીતાવ્યું હતું. એણે એની મૃત પત્નીનું હાથે દોરેલું ચિત્ર જોયું હોય તો એની કલ્પનાશીલતા ને કલાદૃષ્ટિનો ખ્યાલ આવે. જો એ તત્વો ના હોત તો ક્યારનોય પડી ભાંગ્યો હોત.

હવે મને એના વિષે વધારે જાણવાની તમન્ના રહી નહોતી. જે હેતુથી એણે મને સાદ દીધો હતો એ હેતુ તો મને લાગે છે કે પરિપૂર્ણ થતો હતો. આટલા માટે જ એણે મને બોલાવ્યો હશે? હવે આથી બીજી કઇ દાસ્તાન જણાવવાનો હતો? પરંતુ તો પણ મન તો ખાંખાંખોળાં તો કરી જ રહ્યું. હજુ પણ કંઇક રહી જતું હશે. એ પણ જાણવાની જીજ્ઞાસા તો ઉંડાણમાં હતી જ. પણ હવે પૂછી જ નાખવા દે, પણ એ અનુકૂળ સમય આવે એની રાહ જોવી રહી.

# પ્રકરણ - ૧૪

આમ છતાં વિચારો તો આવ્યા જ કરે છે. શા માટે આવા એક ગામડાના સામાન્ય માણસ માટે આટલું બધું લખવા ખેંચાયો હોઇશ? જીવન જીવવા તો અનેક ફાંફાં મારવા પડે છે. એ કાંઇ નવી વાત નથી. આ પૈસાદાર દેશમાં સૌથી મોટો વર્ગ તો ગરીબોનો છે. એ બધા પણ પેટનો ખાડો પૂરવા અથાગ મહેનત કરે છે. એમાંનો એક આ પણ એમાં એ નવું શું કરે છે? તો મિત્ર છે એટલે? નહિ, તો ક્યું તત્વ છે એવું.

પરંતુ દરિયામાં કચરો ને ગંદકી અપાર પડયાં છે. પણ એને કારણે દરિયાને કોઇ ધિક્કારતું નથી. ગંદકીની સાથે તેમાં કિંમતી મોતી, અદ્‌ભૂત વનસ્પતિ, સુંદર પ્રાણીસંષ્ટિ પણ પડયાં છે. માણસ પણ એવું અદ્‌ભૂત પ્રાણી છે. એનામાં પણ ગંદકીની સાથે અપાર સંપત્તિ પણ પડેલી છે, અવનવાં રહસ્યમય તત્ત્વો પણ પડયાં છે.

મને પોતાને પણ નવાઇ લાગે છે કે હું એના જીવન પ્રત્યે કેમ આકર્ષાયો? શું એના જીવનમાં એવું કંઇ રસમય ને પ્રેરણાદાયી હતું જેણે મને લખવા પ્રેર્યો? એ તો મહોલ્લામાં એક સાવ સામાન્ય માનવી જ હતો. ઘણા તો તેની મજાક, મશ્કરી ને બણગાં ફૂંક્નાર તરીકે જ નવાજતા. અમે ભાઇબંધ હતા પણ એના જીવનમાં ઝટ ખ્યાલ આવે એવું કશું લાધે એવું કંઇ નહોતું. ક્લા જીવ હતો પણ તરંગી. એણે એ ક્લા વિકસાવવા કશું કર્યું નથી કે આપમેળે વિક્સાવી શક્યો પણ નથી. તેણે સંગીત, ચિત્રકલા આગળ ધપાવવા કોઇ તાલીમ સંસ્થામાં જોડાઇ વધારે સિદ્ધિ મેળવવા કંઇ કર્યું નથી, મોટે ભાગે શ્રમિકજીવન જ રહ્યું.

તો શું હતું જેણે મને તેના તરફ ધ્યાન કેન્દ્રિત કરતો કર્યો એવો વારે વારે પ્રશ્ન થાય છે. હું ફળિયામાં કે મહોલ્લામાં એના વિષે કંઇક સારાં પાસાં વિષે કહું તો ઘણાને નથી પણ ગમતું. પણ બગડી ગયેલાં, ફેંકી દીધેલાં ફળફળાદિમાંથી પણ જેમ ક્મિંતી અર્ક નીકળે એમ એના સામાન્ય જીવનમાંથી પણ નવનીત સરખું કંઇક નીકળે એમ છે. પણ શોધવું જોઇએ એ મહત્વની વાત છે. ‘માણસ’ને ખોળવો જોઇએ, તેનામાં રહેલું ઓજસ શોધવું જોઇએ.

ખૂબ બારિકાઇથી વિચારુંછું ને વિચારે ચડું છું ત્યારે એક એવી સજીવ, દઢ ને ખાસ આકાર ધારણ કરતી, ઉભરતી એક ચોક્કસ આકૃતિ મને દેખાય છે કોઇ વાર અફસોસ પણ રહી જાય આ વ્યક્તિત્વ મહોલ્લામાં એક વાર હતું એ પણ આપણે એને નજરઅંદાજ જ કર્યું. એવો એવો નબળાબાંધાનો પણ એ એક છાતીવાળો માણસ હતો. એ દોઢસો ઘરના મહોલ્લાને હલબલાવી શક્તો હતો. બધાને ચગડોળે ચડાવી શક્તો હતો. મહોલ્લામાં ચેતનાની લહેર લહેરાવી શક્તો હતો. જાગૃતિની જ્યોત જલાવી શક્તો હતો, તેનો બોલ ચક્રાવે ચડતો હતો. તે યુવાનોમાં, યુવતિઓમાં ઉત્સાહનો નશો ચડાવી શક્તો હતો. એ ધરખમ વ્યક્તિઓને આર્થિક નિર્બળ છતાં પંચાયતની ચૂંટણીમાં હરાવી શક્તો હતો.

લોકો હસતા કે એને માઇક આપો એટલે ક્લાકો સુધી માઇક છોડે નહિ, એને માઇક્નું ઘેલું છે, પણ એક પાંચ મિનિટ પણ માઇક આગળ બોલવું કેટલું દુષ્કર છે, એ તો જેના હાથપગમાં માઇક આગળ ધ્રુજારી વછૂટે છે એને જ ખબર પડે. ત્યાં આ ભાઇ સાહજિક રીતે નેતાની ઢબે માઇક પકડી હાવભાવ સાથે બોલે ને પબ્લિક્ને ચસક્વા ના દે. એ ક્લા મહોલ્લામાં કોની પાસે છે. એક વડીલ આગેવાન સરખા

ભાઇને માત્ર પ્રાર્થનાના બે શબ્દો બોલવા કહ્યું પણ એમના મુખેથી કુદરતી બે શબ્દો પણ બહાર નીકળ્યા નહિ. તો લોકો ભલે એની મજાક (મજાક પણ ગમ્મતની રીતે) ઉડાવતા, પણ એક મિનિટ તો બોલી જુએ. તો ખબર પડે કે આ કંઇ હસવાના ખેલ નથી. તો આ માણસ કોઇ પણ જાતના વિષય પર વિચાર્યા વગર, કશી માનસિક પૂર્વ તૈયારી વગર નિરંતર વાણી વહાવી શકે છે, જાણે સરસ્વતી જીભે આવીને ન બેસી જતી હોય! તો ઇશ્વરદત્ત આ કલાને શા માટે નકામી ધરતીતળે દટાઇ જવા દેવી.

તમે એની પેન્સિલ કોરા કાગળ પર સરતી, લસરકા કરતી જૂઓ તો એ માત્ર લીટા જ દોરતો હોય, પણ એમાંથી કોઇ ચિત્રની આભા જ ઉપસી આવતી હોય. કવિ કલાપીનું બિરૂદ તો કોઇ ન આપી શકે, પણ કોઇ સૌંદર્યનું વર્ણન એની પાસેથી સાંભળો તો તમે પણ એની કલ્પના કરવા લાગી જાવ, એને જોવાનું મન થઇ જાય. ને જ્યારે એ તમને બતાવે ત્યારે તમને લાગે કે આ છોકરીનાં એ બહુ વખાણ કરતો હતો? આમાં વખાણ કરવા જેવું શું છે? પણ કવિદૃષ્ટિ કોઇ ગ્રેજ્યુએટ થયેલા કે મોટી ડીગ્રીઓ મેળવેલાઓ પાસેથી નહિ મળે, તે આ આઠમું પણ પૂરું નહિ ભણેલો, એની પાસેથી મળશે.

એનું ગામડાનું ઘર પણ એવું મોઘું રાચરચીલાવાળું નહિ, ફર્નિચર, ટાઇલ્સ, પંખા કે એવી આધુનિક પ્રકારની સગવડ નહિ, પણ ઘરમાં પ્રવેશો તો એક અતિસુઘડ, સુંદર ઓરડો, કલાદૃષ્ટિથી આચ્છાદિત દિવાલો, સ્વચ્છતા, કોઇ વસ્તુ આડી અવળી પડેલી ના હોય, તો આ સાદી છતાં આકર્ષક સુઘડતા આવા શ્રમજીવી માણસના ઘેર ક્યાંથી?

ધોરણ સાત ભણેલા પાસે લેખનકળાની આશા રાખી શકાય? મારા પર એણે લખેલા પત્રોની ભાષા અત્યારે વિચારુંછું કે એમાં ક્યાંય વિચાર કે ભાષાદોષ કે કઢંગી વાક્યરચના નહિ મળે. અસ્ખલિત પ્રવાહ ચાલતો જોઇ શકાય. પણ લેખનકળા એની મૂરઝાઇ ગઇ. યોગ્ય સંપર્કો તથા વિશાળ વાચન કે આળસ પણ હોય, તેની લેખનશક્તિ કુંઠિત થઇ ગઇ. તેને યોગ્યરીતે ઉંચે ઉઠાવવામાં વાતાવરણનો પણ અભાવ. તે વખતે ઘડાયેલી કલમોની જ કૃતિઓ છપાતી એવા 'સવિતા' સામયિકમાં ત્રણેક વાર્તાઓ એની છપાઇ હતી. એ ત્રણ કૃતિઓ મેં ઘેર લઇ જઇ વાંચી હું અભિભૂત થઇ ગયો. આટલી સરસ વાર્તા પણ એ લખી શકે છે. એનું સાનંદાશ્ચર્ય થયું. વિચાર આવે છે કે એ વખતનાં આવાં અણમોલ રત્નો પણ પ્રકાશ્યા વગર જ અસ્ત પામી ગયાં. એ જ કૃતિઓ કોઇ સક્ષમ ને વગવાળાની હોત તો કીર્તિની ટોચ જઇ બેઠો હોત. માણસ પોતે ઘડાય છે પણ એને યોગ્ય ઘાટ આપનાર, ઉંચે ચડાવનાર કૃષ્ણની પણ જરૂર પડે છે. પણ માણસ માને છે કે મારી સમતોલ કોઇ હોવું ના જોઇએ. પણ એ ભૂલ કલાકારની છે, ઘઉંના બી પર માટીનાં રોડાં પડેલાં હોય છે. એની તળે બી દબાઇ ગયેલું હોય છે. છતાં એ છોડરૂપે બહાર નીકળે છે. એણે સરસ્વતી સાધના ચાલુ રાખી નહિ ને સ્થાનિક કૂટપ્રશ્નોમાં અટવાઇ ગયો.

તો આટલા વર્ષે, સમયનો આટલો મોટો પટ પસાર થયો પણ મારી પણ નજરમાં તે કેમ ઉઠયો નહિ તે મારે પણ આત્મખોજ કરવા જેવું છે. એના પત્રોની ભાષાથી હું તો આકર્ષિત થયો પણ એની કૃતિઓ આટલી છપાઇ છે એ તો મોડે મોડે જાણ્યું.

આમ છતાં આ કલાતત્વથી જ એના તરફ આકર્ષાયો એવું પણ સૂક્ષ્મમન માનતું નથી. ઘણા માણસો પ્રગતિની નિશાની તરીકે બંગલા, ગાડી, ડીગ્રીઓ, અદ્યતન સગવડોને ગણે છે પણ એમાં માણસનું નૂર પ્રગટ થતું નથી. એના પોતાનામાં જે ગુપ્ત શક્તિઓનો ભંડાર ભરેલો છે, તે સુખસગવડ

પ્રાપ્ત કરેલા માણસમાં નથી હોતો. તેને માત્ર કમાવામાં કે એશઆરામમાં જીંદગી વીતાવવામાં જ રસ હોય છે પણ આવા કઠોર જીવન સાથે મેળ પાડી, જીવનનાવ હંકાર્યે જવી, એ ખરી કાબેલિયતનું નામ છે. તેને સમાજ હરગિજ પ્રગતિશીલ નહિ કહે. એ અણઘડ માણસની દ્રષ્ટિનો વાંક છે. નર્યા અભાવો, ને કાળઝાળ તંગીમાં ને શારિરીક નબળાઇમાં ને કુટુંબીઓ તરફથી પણ ટેકો નહિ. બેત્રણ સંતાનોનું પોષણ કરવું. ભણાવવાં, પરણાવવાં, એ એક આ નિર્બળ ને ઓપરેશન કરેલા માણસ પાસે આશા રખાય જ નહિ. ઘણા માણસો ગરીબીથી ત્રાસીને કુટુંબ સાથે જીવનલીલા સંકેલી લે છે, ત્યારે આણે એ બધાનું સારી રીતે પોષણ કર્યું ને દુ:ખનાં રોદણાં કોઇની આગળ ગાયાં નહિ. એ એક તત્ત્વ મને આકર્ષી ગયું ને અત્યારે મને એને આટલા વર્ષે અભિનંદન આપવાનું દિલ થાય છે.

આટલી વંચિતતામાં પણ એ થોડોક તબક્કો બાદ કરતાં કુછંદે ચડયો નથી, દારૂની લતે ચડી જવાય એવા પ્રદૂષિત વાતાવરણ વચ્ચે કોરા રહેવું એ કસોટીનું કામ છે.

એની સાથે જેવી કહેવાય એવી પણ મિત્રતાનો નાતો આજ હતો. મિત્રના ત્યાં ના હોય જ્યાં અમીરી ગરીબીના, વિદ્વતતાના,  નિરક્ષરતા કે જાતિના ભેદ હોય. મિત્રતા મનના વિશાળ ને નાજુક પ્રદેશમાં મળવાનો ઉદ્યાન છે.

## પ્રકરણ - ૧૫

‘તને શ્વાસ ચઢતો હોય તો પેલો શ્વાસ લેવાનો પંપ આવે છે ને, એ ક્હે તો લાવી આપું.’

‘હા, બબુ એ વાપરે છે. પંચોતેર રૂપિયા લે છે.’

‘હા, તે એમાં શું થઇ ગયું. ચાલ, હું તને લાવી આપીશ. જ્યારે તકલીફ જેવું લાગે તો મોઢામાં પંપ મારી લેવો.’

‘પણ તું ક્યારનો અહીં બેઠો છે. તનેય કંટાળો આવતો હશે નહિ મારી વાત સાંભળીને? ક્યારનોય એકધારો લવારો કરૂં છું તે.’

‘ના, ના આને તું લવારો કહે છે? મારે મન જીવનની વાસ્તવિક્તાનો આ એક સ્વીકાર છે. ને તે મને સાંભળવાનું ગમે છે. નહિ તો ક્યારનોય અહીંથી, ‘બેસ ત્યારે ચિંતા ના કરીશ’ એમ ક્હીને જતો રહ્યો હોત. જે લોકો પોતાની વ્યથાઓ અંતરમાં દબાવી દઇને મોં રાતુ રાખે છે એ દંભી છે. તું નિખાલસ છું કે તારી બધી વ્યથા, નબળાઇઓ ને છૂપી રાખવા જેવી બાબતો પણ મારી આગળ ક્હેવા માંડી છે. નહિ તો કોઇ વળી પોતાના પુત્ર માટે ઘસાતું બોલે ખરો! તારી માતા વિષે પણ તેં નિખાલસ વાત કરી એ તારી નિસ્કપટતા જ ક્હેવાય. પોતાના ઘરનો ‘દાબ્યો પોપડો’ જ રાખે છે. આવી નિખાલસ વ્યક્તિઓ તો સંસારમાં ભાગ્યે જ જોવા મળે છે. આજે માણસમાંથી સંવેદન જ ચાલ્યું ગયું છે. માણસ જીવવાનું બળ જ ગુમાવી બેઠો છે. કોઇ એની દાસ્તાન પણ ધ્યાન દઇને સાંભળે તો મનમાંથી બધી વ્યથા બહાર આવી જાય ને માણસ હળવાફૂલ થઇ જાય. પણ હવે એ સાપ ગયા ને લિસોટા રહી ગયા.’

‘આ તો તું પોતાનો છે એટલે ક્હેવાનું મન થાય છે. આ છોકરો જે બાઇબલમાં ગયો છે એ મારો પોતાનો નથી. આ મારી પત્ની પહેલાં જ્યાં હતી એનો છે. મારી જૂની પત્ની સ્વર્ગવાસ થઇ પછી મારું જીવન ખારૂબૂસ જેવું થઇ ગયું. કોઇ સહારો ન રહ્યો, મા તો મને દુશ્મન જેવી સમજતી, અમારી તો આંખો જ વઢતી, કશું કામ કરતો નથી, ઢેકા નમતા નથી, જતો રહે અહીંથી.’ એવાં વાક્યોથી નવાજતી. મારી નાજૂક તબિયતમાં પણ ખખીએ જતો. આખો દિવસ નરી ગરમીમાં તમાકુની ઘૂંસ ઉડે, શરીર તમાકુના દળથી ભરાઇ જાય, સાંજે થાકીને ઘેર આવું તો ઘેર શાંતિ નહિ.

‘સરલા ત્યારે મને બહુ યાદ આવતી. એની તસવીર જોઇને બે આંસું પાડી લેતો. એ ય જાણે મારી વ્યથા જાણતી હોય એમ એની તગતગતી આંખો ક્હી આપતી.’

‘હું એને વીનવતો પણ ખરો. હું બીજી બૈરી તો નહિ જ કરું તું જ મારી પ્રેરણા છું. તું જ મારું જીવન છું. તેં જ મને મારા દુ:ખોમાં જીવાડી રાખ્યો છે.’

‘પણ તું માનીશ! એના જેવી કોઇ ઉદારબાઇ નહિ હોય. મૃત્યુની છેલ્લી અણી પર એ હતી ને મારી પાસેથી વચન લીધું કે ડેવીડ તમે દુ:ખી થશો નહિ, બીજી બૈરી કરી લેજો.’

‘આ તું શું બોલે છે? હું કદી બીજી કરવાનો નથી એ તું લખી રાખજે.’

‘તો મારો જીવ ગતે નહિ જાય. તમે બીજું લગ્ન કરવાનું મને વચન આપો પછી જ હું મારો પ્રાણ છોડીશ.’

'મને ધર્મસંકટમાં મૂકી દીધો આણે. કોઇ બીજો માણસ મારી જગ્યાએ હોય તો મૃત્યુવશ સ્ત્રીનાં આવાં ઉદાર વચનો સાંભળીને ખુશી ખુશી થઇ જાય. પણ મારે માટે ખરેખર જ ધર્મસંકટ ઉભું થયું. મારો દૃઢ નિર્ધાર આણે તોડી નંખાવ્યો. સામે જીવ મૂકી દીધો આણે તો. મારે એને વચન આપવું પડયું. તેનો અંદરનો પ્રાણ બોલતો હોય તેની ખાતરી થતાં જ હું એની સાથે એકમત થઇ ગયો. મેં કહ્યું.

'સારુંજા, તારા સંતોષ માટે બીજું લગ્ન કરીશ, બસ!' ત્યારે એનો જીવ ગયો.

'હાલ જે છે તેને પણ હવે તો બે સંતાન થયાં. છોકરો એક ખાનગી કંપનીમાં જાય છે, બેબી ભણે છે. બાઇબલવાળો થોડો અકરમી નીકળ્યો. એના માટે તો મેં બહુ દુ:ખ વેઠયું પણ મજરે ના આવ્યું. હવે મને લાગે છે કે મેં સાપોલિયું જ ઉછેર્યું છે. તે હવે મોટો નાગ થઇને બેઠો છે.'

આ ડેવીડ અત્યારે એની વિરૂધ્ધ બોલે છે પણ એણે બાઇબલમાં જવાની વાત કરી ત્યારે તો એને હરખ ઉભરાયો હતો. પોતે ચુસ્ત કૅથલિક. પણ પુત્રનો જો આ રીતે ઉદ્ધાર થતો હોય તો.... ગામડાગામમાં એ ઇંગ્લીશમાં અભ્યાસ કરે, ઇંગ્લીશ પુસ્તકો વાંચે એ જોઇ એની છાતી ગર્વથી ફૂલાતી. મનના ઉંડાણમાં તો અમેરીકાની જ લાલસા, એટલે એણે ઢીલો દોર મૂકી દીધેલો. એય ખ્રિસ્તીપંથ જ છે ને? આ ગામમાં હજુ કોઇ છોકરો આગળ આવ્યો નથી, તો આ વળી નસીબ લઇને આવ્યો હોય તો. ગામનું નામે ય રોશન થાય!

આખરે તો પોતે સાપોલિયું ઉછેરી રહ્યો છે એ જતે દહાડે એને સમજાયું. પણ જાણ્યા પછી બહુ મોડું થઇ ગયું હતું. હાથમાંથી બાજી જતી રહી હતી. હવે એને એ માર્ગેથી પાછો વળાય એમ નથી, એને રડવાનો વારો આવ્યો હતો.

'તને સમાચાર મોકલાવ્યો ને તરત જ તું આવ્યો. પણ એને સમાચાર મોકલ્યા તો એણે કહ્યું.'

'એમાં હું શું કરું?'

'આખરે તે પારકો તે પારકો જ રહ્યો. બાઇબલ સેવીને પણ દિલમાં પ્રેમ ના હોય તો બધું નકામું છે. અહીં બાપ બિમાર પડયો છે ને એ ત્યાં સુંવાળું જીવન જીવી રહ્યો છે.'

આ છોકરાનું પારાયણ એણે બહુ ચલાવ્યું. એટલે મેં પણ ઉઠવાની તૈયારી કરવા માંડી. એટલે એ પાછો ચમક્યો. 'ઉભો રહે, કંટાળી ગયો મારા લવારાથી? આટલી ધીરજ ધરી તો થોડીક વધારે ઘર. લે ચાલ, થોડી થોડી ચા ફરીથી પીએ. વર્જિનિયા થોડીક ચા મૂકજે ને? ને અનિલને પાણી આપજે, એય કંટાળ્યો હશે.'

'નથી પીવી ભઇ ચા, તું તારે વાત ચાલુ રાખ.'

પાણી આપ્યું, પીધું ને એણે શરૂ કર્યું.

'એની સાથે લગ્ન કર્યું છે એ છોકરી એની પોતાની પસંદગીની છે. બાઇબલનો પ્રચાર કરવા ફરે એટલે આવો સંબંધ બંધાઇ જાય. આ છોકરાને તેના સસરા બધી જ વસ્તુઓ આપવા તૈયાર થયા હતા. પણ લગ્નનો ખર્ચો કોણ ભોગવે? મારી તો શક્તિ જ નહિ. તેમણે વ્યવહારના પંદર હજાર માગ્યા. છોકરાએ તો આપવાની જ ના પાડી. લગ્ન નહિ થાય તો વાંધો નહિ પણ પૈસા તો ના જ આપું.'

વેવાઇ મને સમજાવતાં કહે, 'જુઓ ડેવીડભાઇ, આમાં પૈસાનો બહુ સવાલ નથી. છોકરીનો મોભો

પણ સચવાવો જોઇએ ને? વગર વ્યવહાર લીધે હું એને વળાવું તો સમાજમાંય વાતુ થાય કે કંઇક એબ હશે છોકરીમાં. ને વ્યવહાર લીધો હોય તો થોડો દાબ પણ રહે.'

એમણે મને ખાનગીમાં તો વાત પણ કરી.

'આ તો સમાજવ્યવહાર દેખાડવા પૈસા લેવાના. બાકી તો કંઇ હું લઇને બેસી થોડો રહેવાનો હતો! છોકરીને આપ્યા વગર એમને એમ મોકલાય ખરી? ક્યાં માબાપ એવાં હોય કે દિકરીને વગર આપ્યે વળાવે?'

'આ વાત મેં એને કરી ત્યારે એ સંમત થઇ ગયો. આ કેટલો લાલચુ નીકળ્યો તેની પણ મને ખબર પડી.'

'આ બધું તો સમુસુતર પાર ઉતર્યું. પણ લગ્નનો ખર્ચો કોણ ઉઠાવશે?મારી કોઇ શક્તિ ખરી? પણ એણે બધું પોતે પોતે જ પતાવવા માંડયું. દેવળનો હોલ ભાડે રાખ્યો એ પણ મને પૂછયું નહિ. ફાધરની આગળ મારી બિલકુલ ક્મિંત રહી નહિ. એણે બાપ કે માની તો ક્મિંત રાખવી જોઇએ? પણ હું તો એવો પરાયો બાપ હતો ને?'

'જમણમાં આખો હોલ ચિક્કાર ભરાઇ ગયો હતો. મારે તો ખાલી અંદર વિના હેતુ ફર્યા કરવાનું રહ્યું હતું. સગાં-સ્નેહીઓને તો એણે નોતર્યાં હતાં. લોકો સમજે કે ડેવીડનો વટ છે. પણ મારુંતો એમાં કશું જ સ્થાન નહોતું. ચાંલ્લાના પૈસા આવ્યા એ બધા એણે રાખ્યા. ઉલટું અમારાં કપડાંલત્તાનો ખર્ચો મારે માથે પડયો. એણે પૈસો ય આપ્યો નહિ. જેણે ચાંલ્લા કર્યા હશે એણે તો મને ધ્યાનમાં રાખીને કર્યા હશે ને? એમને એ ચાંલ્લા તો મારે જ પાછા વાળવાના ને? આવો આ લોકોનો ધર્મ છે. બાપને મૂરખ ને પૂતળાસામાન માનનારા ને કોડિનીય કિંમત નહી રાખનારા ગમે એટલા ધાર્મિક હોય પણ શા કામના?'

'લોકોમાં તો વાહવાહ થઇ ગઇ. મારા છોકરાને બૈરી, કુટુંબ બધું સારુંમળ્યું. એ તો ભાગ્યની વાત પણ આ મૂળ છોકરો જ મારા પ્રત્યે ઓરમાયું વર્તન રાખતો હોય તો એ ઝાકમઝાળ, સુંદર રસોઇ એ બધાનો મારે મન શો અર્થ? પ્રેસ્ટિજ તો બાપ તરીકે મારી અંકાવી જોઇએ. પણ હું તો ખેતરમાંના ચાડિયા જેવું જ સ્થાન ધરાવતો હતો. આમાં મારુંસ્વમાન પણ ક્યાં રહ્યું? એનું સ્વમાન સાચવવા એણે મારુંઅપમાન કર્યું ને મને માટલામાં મોં ઘાલીને રોવરાવ્યો.'

'જે છોકરાને એના મોસાળમાં ખાવાનાં પણ ઠેકાણાં નહોતાં ને એનું ભવિષ્ય બગડે નહિ ને મારી પોતાની આબરૂનો પણ વિચાર કર્યા વગર એને અહીં લાવ્યો તેણે પોતાના માબાપનો પણ ખ્યાલ ન કર્યો ને મને ખાડામાં પાડયો. એ ધારત તો એની સંસ્થા મારફત મને ઉંચો માન મોભો અપાવત. પણ યુવાનોને કેવા ઉંધા રસ્તે દોરે છે તેનો આ નમૂનો હતો. પણ નાદાન છોકરાઓ સમજતા નથી, ને આ વહેણમાં તણાઇ જાય છે. પણ છેવટે ઠોકરો ખાઇને સીધા થશે. પરંતુ દારૂજુગારની લતે ચડેલો છોકરો પાછો આવશે, સૌંદર્યની પાછળ લટુ બનેલો છોકરો પાછો આવી શકે. પણ આ ધર્મનો સ્વાદ ચાખી ચૂકેલા યુવાનો પાછા ફરી શકશે કે કેમ તે પ્રશ્ન છે.'

ડેવીડનું આ ઉંડું ચિંતન હતું. હું તે સાંભળીને સ્તબ્ધ થઇ ગયો હતો. હું તો ખાસ એ છોકરાની નહિ પણ આની ચિંતામાં ઘેરાયો હતો કે આખરે આનું કોણ? તેણે દયા ખાઇને એને અહીં લાવવામાં ભૂલ

નથી કરી? કે આ કોઇ લોભલાલચને વશ થઇ લાવ્યો હશે? ને તેથી તેણે પોતે જ ત્યાં જવા દીધો હશે?

'બહુ વિચારમાં પડી ગયો?'

મારા મુખ પર ગમગીની છવાયેલી જોઇને એ પણ ગૂમસૂમ થઇ ગયો બોલ્યો 'કંઇ નહિ ચાલ્યા કરે એ તો. ઇશ્વરે જે ધાર્યું હશે તે થશે. પણ એટલું ખરૂં કે હું છેતરાયો છું. મારો પાલતુ પુત્ર મને છેતરી ગયો છે. વેવાઇએ પણ મને આકાશના તારા દેખાડયા. પણ એમાં વાંક તો મારો પોતાનો જ.'

એક જ બેઠકે બેઠા હોવાથી એનાં ય હાડકાં કળતાં હતાં. તે સહેજ બેઠો થઇ ઓશિકાના ટેકે બેસવા જતો હતો. મેં એને પકડી દિવાલના ટેકે ઓશિકુ મૂકી આપી બેસાડયો.

'ચાલ ત્યારે હું જાઉં. ને આરામ ના થાય ત્યાં સુધી બહુ ફરતો નહિ ને જે ભાવે એ ખાજે ને પૈસાની જરૂર હોય તો કહેવડાવજે.'

'ના, ના તેં આપ્યા તો ખરા, પોતાનો પુત્ર સામે જોતો નથી ને તેં આટલી સહાનુભૂતિ બતાવી તે ઓછી છે? પણ થોડી વાર બેસ. એક વાત મનમાં ચચર્યા કરે છે તે નહિ કહું તો મૃત્યુપળે પણ મને વસવસો રહી જશે.'

આને હજુ કેટલી વાત કહેવાની રહી જતી હશે.

## પ્રકરણ - ૧૬

'હવે બોલ બોલ ના કરશો' એની પત્ની વચ્ચે જ બોલી. 'તમનઅ આટલો દમ ચઢ છ તોય બોલવે ચઢયા છો!'

'બોલવા દો ને, પછી પાછો એને ડૂમો રહી જશે. અધૂરી વાતે કોઇને અટકાવી દેવો એ એને ફટકો માર્યા સમાન ક્હેવાય.'

'ઘણા વખતથી મૂંઝારો થતો હતો કે મારે તને એ ક્હીને મોકળું થઇ જવું છે. મનમાં એ જ ઘૂમરાયા કરે છે. મને ક્હેતાં પણ ઓપજામણ (સંકોચ) થાય છે.'

'અલ્યા પણ ક્હી નાખને એમાં વળી ઓપજામણ શાની! ભાઇબંધ આગળ મનના આગળા ખોલી ના નાખીએ તો ભાઇબંધ શાના!'

'પણ આ વાત કંઇ બહુ ભારે નથી, પણ મને ક્હેતાં સંકોચ થાય છે ને અપાર વેદના પણ થાય છે.'

'ત્યારપછી તને ઘણી વખત હાઇવે પર જતો આવતો જોતો હતો પણ તને બોલાવી શક્તો નહોતો. મોં સંતાડતો હતો. મોઢું દેખાડવાની પણ મારી હિંમત ચાલતી નહિ.'

આ વળી કઇ એવી ભેદી વાત ક્હેવા માંગતો હશે. અત્યારસુધી જે વાતો ક્હી એ બધી ભેદી જેવી જ હતી ને! તો એવી બીજી કઇ વાત હશે તે પોતે પણ શરમાતો હશે. મારી જીજ્ઞાસા ખૂબ વધી ગઇ. પણ એ ગંભીર થઇને વાત કરતો હતો. કદાચ એ ક્હેવા જ મને બોલાવ્યો હશે? બાકી તો કોઇ દિવસ આ રીતે એણે સંદેશો મોકલ્યો નથી. એટલે કંઇક ગંભીર વાત હોવી જોઇએ. માંદગીને લીધે જ બોલાવ્યો હોય એમ લાગતું નથી. આમ તો પાછો બહુ સ્વમાની છે. ભૂખ્યો પડી રહે પણ લાચારી ન બતાવે.

એની ખુમારીનો પ્રસંગ તો એક્વાર ધર્મના વડા (ધર્માધ્યક્ષ) ગામમાં પધારવાના હતા. એક સ્વાગતગીત રચવાનું હતું. આમ તો આવાં પ્રાસંગિક ગીતો જેઠાભાઇ સંચા પર સીવતાં સીવતાં જ બનાવી લેતા ને આ પ્રસંગે પણ તેમણે એક નવું ગીત તૈયાર કરી દીધું હતું. સંચા પર સીવતા હતા ને ડેવીડ ત્યાં જઇ ચઢયો.

'જેઠાભાઇ, એક ગીત બનાવજો ને. ધર્માધ્યક્ષના સ્વાગત માટે.' પછી ઉમેર્યું, 'આમ તો મેં બનાવી જ દીધું છે પણ... આમ પોતાનું તો નીચું ના જ પડવા દે.'

એટલે માંદગી જેવી ગંભીર બાબતે પણ એ કોઇને કહે નહિ.

'સારુ પણ તેં મને સંદેશો મોક્લાવ્યો એ શાને માટે હતો?'

'એ સહેજ મુસ્કરાયો.'

'આજ તું અહીં આવ્યો છે તો ક્હી જ નાખું. બે કારણ છે એક તો તું આવે છે ત્યારે મને સારુંલાગે છે. ક્લાકો વાતો કરીએ તો પણ કંટાળો આવે નહિ.'

'તો બીજું કારણ!'

એની સરસ્વતી પાછી ચાલી.

'કોઇ દિવસ કોઇ લગ્નમાં હું જમ્યો ન હોઉં તો પણ કંકોત્રી આવે એટલે ચાંલ્લો તો અવશ્ય કરુંછું. પણ એક લગ્નમાં મારાથી આવી ભૂલ થઇ ગઇ છે. આ જીવનમાં પહેલી વાર બન્યું છે ને એ ભૂલના પશ્ચાતાપમાં શેકાઉ છું.'

એને અચાનક ખાંસી ચઢી. એની બેબી તરત જ પાણીનો ગ્લાસ લાવી. વાત કહેવાના સંકોચમાં પાણી પણ ઉતરી શક્તું નહોતું. કાં તો મોંઢામાં શબ્દો અટવાયા હતા પણ બહાર પડતા નહોતા તેથી ખાલી જગ્યા ભરવા પણ ખાંસી ચઢાવી હોય.

પાણી પી રહ્યા પછી થોડોક પોરો ખાધો. થોડા શ્વાસ લીધા. છાતી પર હાથ મૂકીને એ સ્વસ્થ થવા જતો હતો કે પછી જીભ ઉપડતી નહોતી. મેં કહ્યું.

'હમણાં થોડો આરામ કર. પછી ધીરે રહીને વાત કરજે. હું અહીં નિરાંતે બેઠો જ છું.'

'પણ અનિલ,' રૂમાલથી હોઠ લૂછતાં, 'આ કંઇ જેવો તેવો બનાવ નથી. ચાંલ્લો કર્યા વગર કોણ ખાય ખબર છે? આમતેમ રખડી ખાતા માણસો ખાય. ને એમની પાસે કોઇ ચાંલ્લાની અપેક્ષા પણ ન રાખે. મારાથી પણ એક જગ્યાએ એવું નફ્ટાઇભર્યું વર્તન થઇ ગયું છે. એ લગ્નમાં મને કંકોત્રી હતી. એણે મને ખૂબ આગ્રહ પણ કરેલો, જો કે મને ભૂખ પણ હતી. તેથી ધરાઇને ખાધું.'

'લે તું તો જાણે નવાઇનો જમવા ગયો હોઉં એવી વાત કરે છે, જમ્યો એમ કહે ને?'

'આ સામાન્ય વાત છે પણ એમાં મારાથી ગંભીર ભૂલ થઇ ગઇ છે. ને એ મને કોર્યા કરે છે.'

'હા તે પણ કહે તો ખબર પડે ને?'

એની પત્ની પણ ત્યાં ઉભી રહીને ઇંતેજારીથી સાંભળતી ઉભી હતી. એનેય જીજ્ઞાસા ઉપડી હતી, બીક હશે કે કાંઇ મારા વિષે તો એમને નહિ કહેવાનું હોય ને?

હું ય વિચારમાં પડી ગયો હતો. સાલુ એવું તે શું હશે?

'તો વાત એમ છે કે હું ત્યાં જમ્યો પણ ચાંલ્લો કર્યો નહોતો. ને એ મને સદા ખૂંચ્યા કરે છે.'

'લે, આ તે કંઇ દુ:ખી થવા જેવી બાબત છે. તદ્દન નાખી દેવા જેવી વાત કરે છે તું. ઉતાવળમાં ચાંલ્લો ભૂલી યે જવાય. પછીથી ક્યાં આપી અવાતો નથી?'

'તને નહીં સમજણ પડે. જો ચોક્ખી જ વાત કરી દઉં. તારા ત્યાં જ મેં ચાંલ્લો કર્યો નથી, હવે કાંઇ કહેવું છે તારે?'

'મારા ત્યાં?'

'હા, તારા ત્યાં. તારી બેબીના લગ્નમાં હું હોંશભેર આવેલો. પણ જમીને ચાંલ્લો કર્યા વગર આવ્યો છું એ પાપ મને આજે બબ્બે મહિનાથી પીડી રહ્યું છે ને એના સાંત્વન માટે આ છેલ્લી ક્ષણોમાં

તારી માફી માગવા બોલાવ્યો છે. મારાથી ત્યાં અવાય એમ નહોતું. ને લાંબું જીવાય એમ લાગતું પણ નથી. એટલે દિલની વાત રહી ના જાય એટલે મુક્ત થવા માટે મેં તને બોલાવ્યો છે.'

'ઓ.. હો..હો.. આટલા સારું? તું તો ખરો યાર. એટલે એ ઋણ તારું રહી જતુતું નહિ?'

'મને આ એના ઉંચા સ્વમાન માટે તારીફ કરવાનું મન થયું. એવી તો ઘણી હસ્તીઓ ચાંલ્લા કરવાનું ચૂકતી હશે. અરે એક મહાશય પણ આ પહેલાંના લગ્નમાં ચાંલ્લાની જગ્યા વટાવીને ચાલ્યા ગયા હતા. પછી થોડાક મહિના પછી એમના ઘેર જવાનું થયું હતું. પણ એમના દિલમાં એનો કશો જ વસવસો દેખાતો નહોતો. ઉપરથી એ તો ઉમટી ઉમટીને વાતો કરતા હતા તોય મેં માઠું લગાડયું નથી. ને તું આટલો બધો દુ:ખી થઇ જાય છે. અત્યારે તો તારી તબિયતના જ વિચારો કરવા જોઇએ.'

'પણ દિલમાં ડંખ્યા કરતું હોય તો જંપ કેમનો વળે? શારિરીક વેદના સહન થઇ શકે પણ આ દિલની વેદના અસહ્ય લાગે છે. શાંતિથી જીવ પણ ના જાય. અત્યારે તું હેમખેમ છે એટલે તને આવા વિચાર ન પીડે. પણ મારી જેમ છેલ્લા શ્વાસો લઇ રહ્યા હોય એને જ ખબર પડે. એટલે આટલી શરમની વાત કે તદ્દન નાંખી દીધા જેવી બાબત ભલે રહી પણ પ્રાયશ્ચિત કરીને મોકળું થઇ જવું સારું'

'તું ય યાર ખરો હોં! તું જમ્યો એ જ મારે મન મોટી વાત છે. બે લગ્નોમાં તું બિલકુલ આવ્યો નથી, એટલે આ લગ્નમાં તેં હાજરી આપી એ જ મારે મન મહત્વનું છે. ના જમ્યો હોત તો મને ખોટું લાગત. પછી ચાંલ્લાની ક્યાં વાત આવે છે?'

'પણ મારા અપરાધની મને ખબર હોય ને? જે પાતક મારાથી થઇ ગયું છે તે કાંઇ ભૂંસાઇ જતું નથી.'

'અલ્યા પણ એમાં પાતક શાનું! મિત્રને ઘેર જમવામાં પાતક કહેવાય?'

'કેમ તેં ચાંલ્લાની યાદિ જોઇ હશે, એમાં મારું નામ જોવા તેં પ્રયત્ન નહિ કર્યો હોય! મેં કેટલો ચાંલ્લો કર્યો એ જોવાની તો તને ઇચ્છા થઇ જ હશે.'

મને એની વાત સાચી લાગી. મેં ચાંલ્લાની નોટ જોઇ હતી. ને કોણે કેટલો કર્યો તે જોતો હતો. ને એકાએક જ યાદ આવ્યું કે તેં કેટલો કર્યો હશે? મેં એના ત્યાં એકસો એક કર્યો હતો તો એણે પણ એટલો તો નથી કર્યો ને. અગિયાર જ કરવો જોઇએ. પણ એનું નામ દેખાતું નહોતું. નક્કી આ ચાંલ્લો લખાવ્યા સિવાય જ ગયો છે. થોડું દુ:ખ તો થયું પણ પછી મન વાળ્યું. ભૂલી જ ગયો હશે.

પછી તો એના પૂત્રના લગ્નનો જલસાભેર જમણવાર યાદ આવ્યો. કેટલો ભવ્ય જમણવાર હતો ને કેટલી જાતની વાનગી, બે જાતની તો મિઠાઇ, ત્રણ-ત્રણ જાતનાં તો શાક, ને હોલ પણ ખીચોખીચ. આણે આટલા બધાને આમંત્ર્યા હતા! આટલો બધો ખર્ચ એણે કાઢયો ક્યાંથી? તો એનાથી એક સામાન્ય ચાંલ્લો પણ ના થઇ શક્યો? તે વખતે એવો વિચાર આવી ગયેલો.

પણ એ જાલીમ ખર્ચ તો એના છોકરાએ કરેલો હતો. ડેવીડ તો માત્ર પ્રેક્ષક જ રહ્યો હતો. મેં એને કહ્યું.

'જો ડેવીડ તારી ભાવના છે એ જ બસ છે. ચાંલ્લાની બહું કિંમત નથી. તેં કદાચ જાણીજોઇને ચાંલ્લો નહિ કર્યો હોય તો પણ તારો આ પશ્ચાતાપ જ ચાંલ્લા કરતાં આગળ વધી જાય છે ને હું પોતે ઉલ્ટો તારી આગળ શરમિંદો બની જાઉં છું.'

'પણ એ જે હોય તે પણ તું મને માફ કર, તેં તો મારા આ ઉડાઉ દિકરાના લગ્નમાં એકસો એક

ચાંલ્લો કરેલો, મારે પણ ઓછામાં ઓછાં પચ્ચીસ તો કરવા જ જોઇએ.'

એણે ગજવામાંથી પૈસા કાઢીને ધર્યા. 'હું તો એક સામાન્ય વ્યવહારમાંથી પણ ગયો' આટલું કહેતાં તો એ ધ્રૂસ્કે રડી પડયો.

મેં એને પકડી લીધો.

'અલ્યા આ તું શું કરે છે. આ તે દુ:ખ કહેવાય? ચલ ચૂપ થઇ જા. આટલો બધો...' મારા કંઠમાં પણ ડૂમો ભરાયો. 'સ્વમાની ને લાગણીવાળો ક્યાંથી?'

'વર્જિનિયા, પાણી લાવો જોઇએ.'

વર્જિનિયાએ પણ એને ખાસ્સો પ્રેમથી થપથપાવ્યો. ને શાંત પાડવા પ્રયત્ન કર્યો.

પાણીનો ઘૂંટ ગળ્યા પછી થોડોક સ્વસ્થ બન્યો.

ડેવીડના હૃદયમાં બાઝેલો ડૂમો એના આ મુક્ત રુદનથી ને અભિવ્યક્તિથી નીકળી ગયો હતો ને એકદમ સ્વસ્થ થઇ ગયો હતો.

'ચાલ, હસ જોઇએ એકવાર.'

ને એનું મધૂર સ્મિત જોઇને મારું હૃદય પણ ભરાઇ આવ્યું.

એના મોંઘેરા સ્વમાનને સો વાર સલામી આપું છું.

## પ્રકરણ - ૧૭

તૃપ્ત થઇ ગયો એને મળીને. મળ્યો એટલે ધરાઇને મળ્યો, કશો જ વસવસો ના રહે એ રીતે. છેલ્લી ક્ષણોમાં એની હૃદયવિદારક વાણી સાંભળીને એને સંતોષી શક્યો એનો પણ આનંદ થયો. ભૂલાઇ ગયેલા વતનની યાદ પણ જીવંત કરી શક્યો. ગામમાં જાણે હું પાછો વળ્યો. ત્યાંના લોકો પણ આ દોસ્તીના જીવંતસાક્ષી બની રહ્યા. એક વખત એ જ ક્હેતા, 'ગામની માયા છે તો છોડીને શું કરવા જાવ છો?' હવે એ જ કહે છે, 'તમે મિત્રતા નિભાવી જાણી.'

ત્રીજા દિવસે રાતે સૂવાની જ તૈયારી કરતો હતો ને ફોન રણક્યો. 'જલ્દી આવો, ડેવીડને વધારે છે.'

હવે એણે બિસ્તરા બાંધ્યા જ છે તો હવે રહ્યું શું? માત્ર વિદાય જ આપવાની ને?

ગયો. ચિંતાગ્રસ્ત ચ્હેરાઓથી રૂમ ભરાઇ ગઇ હતી. બધાંને ખબર તો પડી જ ગઇ હતી. એનાં બેનબનેવીને પણ બોલાવી લીધાં હતાં. એનો ભાઇ અંતોન પણ પ્રાંતિજથી આવી ગયો હતો.

એક્વારનું ક્લક્લતું મોં હવે ચોકઠામાં ફેરવાઇ ગયું. મોઢાની ચામડી ચોંટી ગઇ હતી. દાંત પર ચિકાશ બાઝી ગઇ હતી. મને જોઇને હસ્યો પણ દરરોજના જેવું સ્મિત નહોતું. માત્ર હોઠ પહોળા થયા ને દાંત દેખાયા એટલું જ. ચાલો એવો તો એવો પણ હું મળી તો શક્યો.

હવે એની અવિરત વાણી સૂકાઇ ગઇ હતી. હું શાંત રીતે એના ખાટલાની ઇસ પર બેઠો. તેનું માથું એક્બાજૂ નમી ગયું હતું. એક વખતનો ફૂલફટાક ફરનારો બિન્દાસ્ત માણસ અત્યારે કેવી નિ:સહાય હાલતમાં પડયો છે? આ રાત કાઢે એમ લાગતું નથી. બધી તૈયારીઓ એણે કરી લીધી હોય એમ લાગે છે.

આટલો વ્હેલો તો એ હરગિજ જવાનો નહોતો. પણ સાસરી મ્હાલવા ભાઇ ગયેલા જાણે છેલ્લા છેલ્લા અભરખા પૂરા કરવા હોય ત્યાં જઇને અહીંનું બધું ભૂલી ગયો. અહીં બધાં એની ચિંતા કરે. એની પત્નીને તો બીક એ હતી કે 'ત્યાં એ ખા ખા કરશે ને તબિયત બગાડશે. અહીં હું ના કહું છું એટલે તો એમને ખાવાની છૂટ મળી જવાની.' એટલે એને ત્યાં ફાવી ગયેલું. તે આવવાનું જ નામ દેતો નહોતો. સસરાજીને પણ હતું કે એમને ત્યાં કોણ ખાવા દેવાનું છે એટલે ડેવીડને જે ખાવાનું મન થાય એ બનાવતા. ને એમાં જ એની તબિયત બગડી. એમણે મોક્લવાની તૈયારી કરી પણ આ ભાઇ હવે અહીં આવવા જ તૈયાર ના થાય.

દેવળમાં પ્રાર્થના ચાલતી હતી ને બહાર ઓચિંતું કંઇક થયું ને બધા દોડાદોડ કરવા લાગ્યા. મને ચાલુ પ્રાર્થનામાં જ વ્હેમ ગયો કે નક્કી ડેવીડની મૃત્યુ સવારી આવી. બહાર નીકળી ઘણી પૂછાપૂછ કરી ત્યારે મનને ટાઢક વળી. એ તો કોઇક્ને અકસ્માત થયો હતો.

બીજા દિવસે તો ડેવીડનાં કાકી માર્થાનું બેસણું હતું. પણ બધાનાં મન તો ડેવીડની ચિંતામાં લાગ્યાં હતાં. ફોન આવતા કે 'આમને કોક આવીને લઇ જાવ, બિમાર થઇ ગયા છે.' એનો છોકરો ક્હે 'તમે કોક મોટા માણસ જાવ તો આવશે, મારાથી તો નહિ આવે.'

મેં એને ખખડાવી નાખ્યો. ‘અલ્યા રાહ શાની જૂઓ છે. ત્યાં એની હાલ કેવી હોય, કેવી નહિ ને તમે અહી રાહ જૂઓ છો.’ પછી તાત્કાલિક બે માણસો જઇ એને લઇ આવ્યા ત્યારથી આ ભાઇ ખાટલે પડયા છે ને હવે ઉભા થાય એવી પરિસ્થિતિ પણ નથી રહી. સંડાસ, બાથરૂમ માટે પકડીને લઇ જવો પડતો.

પ્રથમવાર એણે મને સંદેશો ક્હેવડાવી બોલાવ્યો ત્યારે આટલી બધી પરિસ્થિતિ વણસશે એનો ખ્યાલ જ નહિ. એ વડોદરા ક્યારે ગયો એ પણ હું જાણતો નહોતો. જો મને એણે બોલાવ્યો ન હોત તો એની અંતિમક્રિયામાં જ આવવાનું થાત.

આ છેલ્લી મુલાકાત પછી બે-ત્રણ દિવસ પછી જ એની ચિરવિદાયના સમાચાર આવી ગયા. જાણીને આઘાત લાગ્યો. આકાશ હવા બધુ જાણે થંભી ગયુ હોય એમ લાગ્યું. હવામાં શૂન્યાવકાસ પ્રસરી ગયો. જીવનસાથી ગૂમાવ્યા જેટલું દુ:ખ થયું. મારી જ ઉંમરનો મારી પહેલાં ઉપડી ગયો! મારામાંથી પણ ચેતન હણાઇ ગયું. હવે આવો સાથી ક્યાંથી લાવીશ? એની ખોટ ગામમાં હવે કોણ પૂરશે?

એણે તો મારી પાસે હૈયુ ખોલીને અથતિઇતિ ક્હી સંભળાવ્યું. પણ હું કોની સાથે હૈયું ખોલી ‘વાતો’ કરી શકીશ? બસ આટલું જ આયખું લઇને આવ્યો હતો? કેવી રીતે માનું કે એ હવે અહીં નથી. હજુ તો એને અહીં બહું રહેવાનું હતું. આટલી વ્હેલી વયે જતો રહે એ તો ખોટું જ. હજુ તો લ્યા ઘણું કરવાનું છે. આ બધા છોકરાઓ તારી ગેરહાજરી નહિ સાંખી શકે. અનામી કલાકારોને હવે આંગળી કોણ ચીંધશે! ઠરી ગયેલાં ગરબાને ચેતનવંતો કોણ બનાવશે! ‘વેશભૂષા’ સૂની નહિ પડી જાય?

સ્ત્રીઓના ભરચક વૃંદને ભેદીને સીધો એના ખાટલા પર જઇને બેઠો. દરરોજ બેસતો એમ. પણ આ તો ભાઇ એકબાજૂ ડોક નમાવી આંખો મીંચીને પોઢી ગયા હતા. રૂમમાં ચીરશાંતિ પથરાઇ હતી. કોઇ કાંઇ બોલતું નહોતું. બધાં રડીકકડી શાંત થઇ ગયાં હતાં. એની છેલ્લી પળે હું હાજર રહી ના શક્યો એ ખટકતું હતું.

એનું મોં પકડી હલાવ્યું. ‘ડેવીડ’! મનમાં તો બધું સમજતો હશે. એક બાઇ બોલી ઉઠી,

‘નહિ બોલઅ ભઇ એ તો જતો રહ્યો. હવે શું બોલવાનો હતો?’

મારુંગળું ભરાઇ આવ્યું હતું. ‘ના કેમ બોલે? ડેવીડ અલ્યા ડેવીડ’ મેં એનું મોં બરાબર ઘળચોડી નાખ્યું. ભરાયેલા ડુમાએ જ હું બાલ્યો. ‘બધું સાંભળતો હશે.’

આંખમાંથી પડતું આંસુ લૂછી હું બહાર નીકળી ગયો.

દુ:ખ તો એક જ છે. હું ઠરીને બેસીશ ક્યાં? હું પોતે જ અંદરથી ખાલી થઇ ગયો હતો. ડભાણમાં કંઇક હતું તે મરી પરવાર્યું હતું. ઉત્સાહ ને ઉમંગભર્યો એના ફળિયાનો ઢાળ ચડતો હતો ને એ પૂછતો, ‘સાઇકલ લાવ્યો છું કે સ્કુટર?’ હું ક્હું કે સાઇકલ ત્યાં ચોકમાં મૂકી છે!’ એ ઢાળ ચડવાનો હવે રહ્યો નહિ.

એની શબપેટી પર માટી ધબોધબ પડતી હતી. હું એકબાજૂ કોરે ઉભો સાંભળતો હતો. એ અવાજો

દિલમાં વાગતા હતા. બીજાઓને દફનાવવા આવતા ત્યારે કહેતા, ‘પશાકાકા હવે તમારો વારો નહિ!’ તો એ કહે, ‘મારાથી મોટો તો આ રેવલો છ, એના વારો હવ.’ સ્મશાનમાં મઝા આવે એવી બીજી કોઇ જગ્યાએ આવે નહિ. પીપળાનાં પાનાં ફળ ફળ ફરકતાં હોય ને સૂર્યપ્રકાશમાં ચકચકતાં હોય, એ આખી જગ્યા જ જાણે ઉપવન હોય એવી લાગે. પણ આવી વખતે એ ગોઠિયો ક્યાં છે સાથે? એની બેન કલ્પાંત કરતી મને બાઝી પડી આ કરૂણાને એ જમાનામાં પણ નાટકમાં રાખનાર એ ડેવીડ જ હતો. હું બાપ બનેલો એ પૂત્રી. મેં એને આશ્વાસન આપ્યું. રડ નહિ એ તો જીવન જીવી ગયો છે. અફસોસ કરવા જેવું એણે રાખ્યું નથી.’

એ શરીર આખરે જમીનમાં દટાઇ ગયું ધરતીમાએ તેને પોતાના ખોળામાં લઇ લીધું.

ઓચિંતો જ કોઇ વાર ઝબકારો થઇ જાય છે. ‘લાય એના ઘેર જતો આવું. એને મળતો આવું. બહું, દાં’ડા થયા મળ્યે.’ પછી યાદ આવે કે એ તો નથી પણ, ઉર્મિઓ કહે, ‘જઇને, એના ખાલી ઓરડામાં જઇ એ ખાટલામાં બેસું.’

આ વાર્તાના મુખ્ય નાયક ડેવીડ સોખડિયાએ લેખક પર લખેલ પત્ર.

તા. ૧૯-૦૮-૦૨

ભાઈશ્રી, અનિલ વાઘેલા,

ક્મુ, અજય, દીપા, વિજય, ઉર્મિ તથા ઘરકુટુંબ

મારી ગંભીર વિમારી પછી, પ્રભુએ મને નવું જીવન આપ્યું છે, તે બદલ પ્રભુનો ખૂબ ખૂબ આભાર.

સાથે સાથે આપ જેવા મિત્રોએ વિશેષ તે જે મારા માટે કર્યું છે એ આ ભવે તો શું પણ આવતે ભવ પણ ભૂલાઈ નહી. સાચી મૈત્રી ને તેં સાર્થક કરી છે. તારૂ ઋણ હું ક્યારે વાળીશ! સદ્‌ભાવના માટે તારો તથા ઈશ્વરનો ખૂબ જ આભાર.

છેલ્લે સબ્દો જડતા નથી, લખું છું એટલું સ્વીકારશો.

ઋણી ડેવીડ સાખડીયા

(સ્વર્ગસ્થ)